# માબાપોને

## ગિજુભાઈ

પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380 001

ફોન : 079-22144663, 22149660

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બીલ્ડીંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,

100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340,

મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com




કિંમત : ₹110

પુનર્મુદ્રણ : 2020

પ્રથમ આવૃત્તિ : 1934, બીજી આવૃત્તિ : 2001

ત્રીજી આવૃત્તિ : 2013

**MABAPONE**

*by Gijubhai Badheka*

Published by Sanskar Sahity Mandir

Ahmedabad 380 007

© પ્રકાશકના

પૃષ્ઠ : 8+136

ISBN : 978-93-88308-18-2

નકલ : 500

પ્રકાશક : **સંસ્કાર સાહિત્ય મંદિર**

403, ઓમદર્શન એપાર્ટમેન્ટ, 7 મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી પેટ્રોલ પમ્પની નજીક, પાલડી, અમદાવાદ-380007 I ફોન : 079-21150903

ટાઈપસેટિંગ : **શારદા મુદ્રણાલય**

201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6. ફોન : 26564279

મુદ્રક : **ભગવતી ઑફસેટ**

સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ – 380 004. મો. 9825326202

# નિવેદન

ગુજરાત ઉપર સ્વ. ગિજુભાઈ બધેકાનું અમીટ ઋણ છે. વીસમી સદીની ત્રીશીના દાયકા અગાઉના અને એ પછીના શિક્ષણમાં/અધ્યાપનમાં ક્રાંતિકારી પરિવર્તન છે, અને એને માટે વધારેમાં વધારે યશ ગિજુભાઈને ઘટે છે. અગાઉના 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ'ના હિંસક શિક્ષણ સિદ્ધાંતને સ્થાને બાળકને પ્રેમ, સ્નેહ, સમજાવટ, સહાનુભૂતિ, હળવાશ, રસમયતા અને સંવેદનશીલતા સાથે ભણાવવાના આગ્રહો કેળવાયા તેને માટેનો પાયાનો પરિશ્રમ ગિજુભાઈએ કર્યો હતો. એમણે ખૂબ વાંચ્યું, વિચાર્યું, અમલમાં મૂકી જોયું, અને ભણતરની ઉત્તમ તરાહો તારવી આપી. એમણે પોતાના જેવા અન્ય અનેકને તૈયાર કર્યા, કેળવ્યા, હૂંફ આપી અને પોતાના પ્રયોગો સીમિત ન રહેતાં દૂર દૂર સુધી વિસ્તરે એને માટેના પ્રયત્નો કર્યા.

પોતાના આ યુગપરિવર્તનકારી કાર્યને મિષે એમણે ઘણું લખવાનું પણ બન્યું. અને એમણે એ લખ્યું તે સારું જ થયું; કારણ કે એથી એમનાથી સ્થળ-કાળની રીતે દૂર એવાં અનેકોને પણ એમના વિચારોનો લાભ મળ્યો છે તથા મળતો રહેશે. એમનાં પુસ્તકોમાં શિક્ષણચિંતન અને જીવનચિંતન નિરૂપિત છે. એ સાહિત્ય વધારે ને વધારે વાચકો સુધી પહોંચે એ માટે અમે એના પુનર્મુદ્રણનો આ પ્રયાસ કર્યો છે.

ગિજુભાઈએ જેવા શિક્ષકની અને શિક્ષણની અને શાળાની અને સાહિત્યની ભાવના સેવી હતી એવું સર્વત્ર બનેલું હજુ જોઈ શકાતું નથી. ઘણી ઘણી ઊણપો છે. આ માટે શિક્ષકની નિષ્ઠાને જ નહિ, કદાચ

વાતાવરણ, સાધનો, સંચાલનો અને સત્તાનીય ઊણપો જવાબદાર હશે. પરંતુ આપણે પ્રયત્ન જારી રાખવા રહ્યા. આદર્શ શિક્ષણ અને એમાંથી સર્જાતો આદર્શ માનવી – એ લક્ષ્ય સાધવામાં ગિજુભાઈનાં પુસ્તકો શ્રેષ્ઠ ફળો આપી શકે એમ છે. આવાં ઉત્તમ પુસ્તકો પ્રગટ કરતાં અમે સામાજિક ઋણની અદાયગીનો સંતોષ અનુભવીએ છીએ.

– પ્રકાશક

# બે બોલ

## (પહેલી આવૃત્તિ વખતે)

આ પુસ્તકને આદરપૂર્વક ગુજરાત પાસે ધરું છું ને આવું પુસ્તક અમારે ત્યાંથી છપાય એ માટે હું મગરૂબ છું. ત્રણ બાળકોના પિતા તરીકે આ પુસ્તકને આપણાં ઘરોના એક મોંઘા મહેમાન તરીકે હું વધાવું છું.

આ પુસ્તક સાવ સાદું છે. એના વિષયો કોઈ અવનવી ફિલસૂફીના વિષયો નથી. જીવનમાં લગભગ દરરોજ આપણી પાસે જ આળોટતા પ્રશ્નો એ આ પુસ્તકના પ્રશ્નો છે અને એમાં જ આખાયે પુસ્તકની ખૂબી છે.

પરણવું એ એક વાત છે અને પરણી જાણવું અર્થાત્ લગ્નજીવનને સુવાસિત બનાવવું એ બીજી વાત છે. માબાપ થઈ બેસવું એ એક વાત છે અને માબાપ તરીકે પોતાની ફરજો અદા કરી જાણવી એ બીજી વાત છે. જેઓ માબાપ થયાં હોય, તેમ જ જેઓ હજી એ પદનાં ઉમેદવારો હોય તેમને બંનેને આ પુસ્તક બહુ જ ઉપયોગી નીવડશે.

જો પ્રજા આખી ઘોડિયામાં જ ઘડાય છે એ વાત સાચી છે તો એ ઘોડિયાની દોરી ખેંચવા માટે પણ અધિકાર મેળવવો પડશે. બચ્ચાં તો પંખી જાનવરોને પણ થાય છે, પણ માનવબચ્ચું એ વિશિષ્ટ પ્રાણી છે, અને એના પર સાચી માનવતાના આંક મૂકવા એ માબાપોની એક પવિત્ર ફરજ છે.

૧૫-૮-૧૯૩૪ નાનાભાઈ

# ખોળામાં

આ નાનકડી ચોપડી આપને ખોળે મૂકતાં મને ઘણો આનંદ થાય છે. આ ચોપડીના લેખો જુદે જુદે વખતે આપને જ ઉદ્દેશીને લખેલા છે. એ લેખોમાં મેં આપની પાસે બાળકોની વકીલાત કરી છે. બાળકોનાં દુ:ખો સંબંધે ફરિયાદ કરી છે. બાળકોનાં સુખો માટે માગણી કરી છે. બાળકોને સમજવાને માટે યાચના કરી છે. હું આશા રાખું છું કે આપ તે ધ્યાનમાં લેશો.

બાળકોનો પક્ષ ખેંચતાં કોઈ વાર આપને શિખામણ દેવાઈ ગઈ હોય, વધારે પડતું કહેવાઈ ગયું હોય તો માઠું ન લગાડતાં. છેલ્લાં અઢાર વર્ષોમાં બાળકોની જે કંગાલ હાલત અને તેમના પ્રત્યેનું જે બેહૂદું વર્તન જોયું છે તેનું દુ:ખ હું મારા હૃદયમાં છુપાવી શક્યો નથી, એટલે કોઈ કોઈ વાર આકરા શબ્દો લખાઈ ગયા છે, તો તે બદલ માફી માગું છું.

બાળકો સંબંધે મારે એટલું બધું કહેવાનું છે કે કેટલાંયે પુસ્તકોમાં હું તે કહી ન શકું. આ તો મેં તેની શરૂઆત માત્ર કરી છે. બાળકો અને આપણા ભાગ્યે હું થોડા જ વખતમાં મારા બીજા અનુભવો આપની સેવામાં રજૂ કરીશ.

'બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો' એ લેખ અંગ્રેજી ઉપરથી છે. તે ઉપાયો સમજણપૂર્વક અજમાવી જોવા જેવા છે.

અત્યારે તો આટલેથી જ બસ.

૨૭-૬-'૩૪ — ગિજુભાઈ

શિક્ષણસંસ્થાઓ એ મા સરસ્વતીનાં મહાલયો છે. 'કલાપી એજ્યુકેશન ગ્રૂપ'ની 1994થી ચાલતી ધોરણ પાંચથી બારના કોચિંગ ક્લાસની પ્રવૃત્તિનાં આટલાં વર્ષોના અનુભવો દરમિયાન શિક્ષણ-સિંચન નિમિત્તે ગુજરાતી તેમ જ અંગ્રેજી એમ બંને માધ્યમોના લગભગ વીસેક હજાર વિદ્યાર્થીઓના સંપર્કમાં આવવાનું બન્યું હતું. એક વિચાર મનમાં સતત વલોવાયા કરતો હતો કે એવું શું થઈ શકે કે જેથી અત્યારના સમયની જરૂરિયાત પ્રમાણે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાની ઇચ્છા રાખનાર આપણો વિદ્યાર્થી આપણી સંસ્કૃતિનાં મૂળિયાં પણ જાળવી રાખી શકે ?

આ મનોમંથનના પરિપાકરૂપે "કાંગારુ કિડ્ઝ : ધ હોમ ઓફ મોના'ઝ મોન્ટેસરી પ્લે સ્કૂલ"ની યોજના થઈ, જે નિમિત્તે બેંગલોરની "કીડો એન્ટરપ્રાઈઝ" (જે ઘણા લાંબા સમયથી મોન્ટેસરી પદ્ધતિ માટેનાં સહાયક ઉપકરણોના ઉત્પાદનક્ષેત્રે કાર્યરત છે)ના શ્રી મણિકન્દનજી સાથે જોડાવાનું બન્યું. મૂળિયાં સાચવવાની મથામણ સાથે તેઓ પણ સંમત હતા. મોન્ટેસરી પદ્ધતિનું 'બાઇબલ' ગણાતું ગિજુભાઈનું 'દિવાસ્વપ્ન' જ્યારથી વાંચેલું ત્યારથી અમે એ વિદ્યાપુરુષની વિચારસરણીથી અભિભૂત તો હતાં જ... એક કુમળા વિદ્યાર્થીને તેની તમામ કુદરતી ક્ષમતાઓ ઓળખી-ખીલવીને, સમાજના અંગભૂત એવા એક ગૌરવશાળી પરિપક્વ વ્યક્તિત્વ તરીકેના તેના સર્વાંગી ઘડતરમાં મદદરૂપ થઈ શકાય તે માટે શિક્ષકો ઉપરાંત વાલીઓનો સહકાર પણ એટલો જ જરૂરી હોવાનું સમજાયું, ને અંતે અમે નક્કી કર્યું કે પ્લે-સ્કૂલમાં પ્રવેશ મેળવનાર બાળકોના વાલીઓના હાથમાં ગિજુભાઈની 'મા-બાપોને' મૂકવી. તપાસ કરતાં જાણવા મળ્યું કે પુસ્તક તો અપ્રાપ્ય છે !

"મનુષ્ય-યત્ન અને ઈશ્વરકૃપા"ની જેમ આ વિચારને મૂર્ત કરવા માટેની વિનંતીનો ઉષ્માભર્યો પ્રતિસાદ આપતાં, કશી લાંબી-પહોળી ઔપચારિકતા વિના, બહુ ટૂંકા સમયગાળામાં પુસ્તક છાપી આપવાની 'ધરપત' આપવા બદલ શ્રી મનુભાઈ શાહનાં અમે હૃદયપૂર્વક, અત્યંત આભારી છીએ. મા સરસ્વતીના મહાલયમાં એક નાનકડી ઈંટ પણ મૂકી શકાય તો અમને અત્યંત આનંદ થશે.

**મોના એમ. રાવલ,**
**મનીષ જે. રાવલ**
અમદાવાદ

મા બા પો ને

•

ગિજુભાઈ



# અનુક્રમણિકા


૧. લગ્નજીવનની ધન્યતા ક્યારે સમજાશે ?............... ૧
૨. બાળકમહિમા ........................... ૧૦
૩. આપણાં બાળકોની ખાતર.................... ૧૬
૪. બાળકનું ઘરમાં સ્થાન કયું ?.................. ૨૨
૫. ઘરમાં બાળકે શું કરવું ?...................... ૩૩
૬. માબાપોએ શું કરવું ........................ ૫૩
૭. માતાઓને .............................. ૮૦
૮. શ્રીમંતોને .......................... ૧૦૧
૯. બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો ......... ૧૧૧
૧૦. બાળકોની ગંદી રમતો ................... ૧૨૫

# લગ્નજીવનની ધન્યતા ક્યારે સમજાશે ?

જેમ બીજમાં વૃક્ષ છે, તેનાં ફૂલો અને ફળો છે, તેમ જ બાળકમાં સંપૂર્ણ મનુષ્ય છે.

યુવાવસ્થા એ બાલ્યાવસ્થાનો વિકાસ માત્ર છે. બાળક અવસ્થાનો મધ્યાહ્ન એટલે યુવાવસ્થા. મનુષ્યની બધી અવસ્થાઓ કાળભેદે બાળકની જ જુદી જુદી અવસ્થાઓ છે.

બાળક માનવજાતનું મૂળ છે અને મૂળથી જ તેની પ્રગતિનો પ્રવાહ જીવનલક્ષ સાધીને જ વહે છે.

બાલ્યાવસ્થામાં એ પ્રવાહ બળવાન છતાં નાનો છે; એ મંદ બને છે. જુદા જુદા પ્રવાહપટો અને ભિન્ન ભિન્ન ગતિ ધારણ કરતો આ પ્રગતિપ્રવાહ આખરે તો સાગરમાં જ જઈને મળે છે.

અને છતાં બાળક અત્યાર સુધી અવગણાયેલું છે, હડધૂત થયેલું છે, અપમાનિત થયેલું છે, અથડાયેલું છે.

આમ કરી મનુષ્યે પોતાનું જ અપમાન કરેલું છે, પોતાનો જ ઉપહાસ કરેલો છે. પોતાની જ પ્રગતિ રોકી છે.

આજનો યુવાન, અસંતોષી યુવાન, અવ્યવસ્થિત યુવાન,

ફાંફાં મારતો યુવાન એ ગઈ કાલનું હડધૂત થયેલ, જ્યાં-ત્યાં ફેંકાયેલ, જેમ-તેમ કેળવાયેલ બાળક છે! યુવાન આજે જેવો છે તેવો ગઈ કાલે તે બાળક હતો.

આજના યુવાનને માથે કોઈએ દોષ નથી મૂકવાનો. દોષ તેને માથે મૂકવાનો છે કે જેઓએ બાળકોને કનડયાં છે, જેમની વધતી શક્તિને રોકી છે, જેમની કલ્પના અને ક્રિયાના વિકાસમાં પથરાઓ નાખ્યા છે. જેઓ પોતાના જ ટૂંકા અને ક્ષુદ્ર સ્વાર્થમાં અને જીવનની ગડમથલમાં રોકાઈ બાળકને સમજ્યા નહિ, તેઓ જ આજના પાંગળા યૌવનના, નિઃસત્ત્વ અને નિર્વીર્ય યુવકના ઘડનારા હતા; અને તેથી જ આજના યુવાનોના તેઓ દ્રોહી છે! તેઓ યુવાવસ્થામાં યૌવનને માણવામાં બાળઉછેરને ભૂલી ગયા. તેઓને યૌવનના કાવ્યમાં બાળકનું ભવ્ય કાવ્ય સમજાયું નહિ, અને તેમણે તે સાંભળ્યું પણ નહિ. તેઓએ બાળકને નહિ પણ તેની માતાને વિકસાવવામાં શક્તિ ખર્ચી નાખી; તેની સામે જોવામાં બાળક તરફ જોવાનું ભૂલી ગયા. તેમણે આજના યુવકોની આપણને ભેટ આપી છે, અને આજના યુવકો સંબંધેના જટિલ પશ્નો માટે આપણે તેમના જ આભારી છીએ. તેમણે બાળકોની દરકાર રાખી હોત તો? તેમણે યુવાનીનાં સુખો ભોગવતાં પણ બાળકના સુખની ખોજ કરી હોત તો? તેઓ પોતાનાં સુખોનું બલિદાન આપી બાળકોના સુખ માટે ખપી ગયા હોત તો? તો તો દુનિયા ક્યારનીયે સ્વર્ગ જેવી સુખમય બની હોત, અને બાળઉછેર કે યુવાનનો એક પણ પ્રશ્ન ન રહેત.

પણ એ બધું તો બની ગયું. કોને ઠપકો દેવો અને કોને ન દેવો? સવાલ તો એ છે કે હવે શું કરવું? ક્યાંથી શરૂ કરવું? કોણે શરૂ કરવું ?

હું કહીશ કે બાળકોથી જ શરૂ કરવું. બાળઉછેરથી જ

માંડીને મનુષ્યઉછેર અને ઉદ્ધારનું કામ આરંભવું. એ નાની કુમળી અવસ્થાથી જ બાલજીવનને હાથમાં લેવું, અને તેના વિકાસને સંપૂર્ણ અને શુદ્ધ ગતિ આપવા માંડવી.

અને એ કોણે લેવું? એ યુવાને લેવું - બેશક યુવાને લેવું. જેને ઘેર બાળક છે તે યુવતીએ લેવું. મા અને બાપ રૂપી યુવક યુવતી જ બાળઉછેરનાં અને બાલવિકાસનાં ખરાં અધિકારી છે અને ખરાં જવાબદાર છે.

આજનો યુવાન ચારેકોરથી મૂંઝાયેલો છે. એક તરફથી તેને અભ્યાસ કરવાનો છે, બીજી તરફથી તેને પેટ પણ ભરવાનું છે; અને જેના ઉપર કુદરત અને સમાજે કૃપા કરી છે તેને વધારામાં વળી એક પત્નીનું પોષણ અને સંરક્ષણ કરવાનું છે, એક કે વધારે બાળકનું પોષણ અને શિક્ષણ પણ કરવાનું છે. સમાજે અને રૂઢિએ આ સ્થિતિમાં આજે યુવાનને મૂક્યો છે; અને યુવાન પોતાનું સઘળું હીર આ ચતુર્વિધ મુશ્કેલીઓને પહોંચી વળવા ખર્ચી ખર્ચીને અશક્ત, નિસ્તેજ અને નિરાશ બની જવા આવ્યો છે.

એટલે જ અભ્યાસ પૂરો થયા પછી જ ગૃહસ્થાશ્રમ માંડવાનું જૂના લોકોનું વિધાન અનુભવમાંથી આવ્યાનું જણાય છે. એટલે જ બાળલગ્નો એ ભયંકરમાં ભયંકર કુરૂઢિ છે એ સહેલથી સમજી શકાય છે. એટલે જ સ્વાશ્રયની કેળવણી મળેલી ન હોવાથી યુવાન નાણાંની સંકડામણ ભોગવીને પાતળો પડે છે, અને એટલે જ સ્વાશ્રય વિનાની કેળવણી પામર છે એ પ્રત્યક્ષ થાય છે; અને એટલે જ લગ્નનાં સુખોની વાંછના કરનાર યુવક-યુવતીએ કેટલી તૈયારીએ લગ્નમાં પડવું જોઈએ તેનો ખ્યાલ આપવાને આ પરિસ્થિતિ બહુ કીમતી પાઠ છે.

પણ હમણાં શું કરવું? હમણાં અપરિણીત યુવક-યુવતીઓ પરણવાના લહાવામાંથી દૂર રહે. આજ દિવસ સુધી રૂઢિને નામે

દોષ ચડાવી યુવક-યુવતીએ લગ્નસંસ્થાનો લાભ લીધો. હવે તેઓ પ્રેમને નામે પુનઃ એ જ રૂઢિ એટલે ઝટ ઝટ પરણવાના કામને સ્વીકારશે તો તેઓ આત્મવંચના કરે છે એમ સમજવું; અને તેઓને તેનાં ફળો ભોગવવાં જોઈશે. સ્ત્રીએ અને પુરુષે બન્નેએ લગ્ન કરતાં પહેલાં તૈયારીના મંડપો નાખવા જોઈશે. બાળક પ્રેમનું પરિણામ થશે; પ્રેમનો પરિપાક થશે. બાળકને ઉછેરવા સંવર્ધવા પાછળ જીવન સર્વસ્વ આપી દેવું પડશે; જીવનને યજ્ઞ ગણવો પડશે. પ્રેમ વડે બાળકસેવા રૂપી ઉત્સવો કરવા જોઈશે. એ બધું સમજ્યા પછી જ તેમણે લગ્નનાં પગલાં માંડવાં જોઈશે.

આજ તો લગ્ન એ ધુમ્મસમાં પગલું મૂકવા જેવું એક પગલું છે. અશુદ્ધ-શુદ્ધ ભાવના અને ઢાંકયા સ્વાર્થોથી પ્રેરાઈ યુવાન યુવતીઓ પ્રેમને નામે લગ્નની ગ્રંથિ બાંધે છે, તે આવતી કાલે માત્ર શિથિલ કરવા કે તોડવા માટે છે. એ લગ્નગ્રંથિનાં બંધનો દઢ રહે અને તે દઢતા ભાવિ પેઢીને સંવર્ધવા અને સંસ્કારવા માટે વપરાય, તેની તો થોડાને જ કલ્પના છે; અને પરવા તો કોઈને જ નહિ હોય.

એટલે જ લગ્ન કરે તે પહેલાં યુવાન ચેતે. પોતે ભરણપોષણ કરવા સમર્થ હોય તોપણ ચેતે. બંને સશક્ત અને ઉંમરલાયક હોય તોપણ ચેતે. બંને ત્યારે જ લગ્ન કરે કે જ્યારે તેઓ બાળકોને ઉછેરવા સંબંધે લાયક થાય. બાળઉછેર માટે પોતાના મનની અને બુદ્ધિની તૈયારી તેઓ કરી લે.

બાળકો આજે અકસ્માત લાગે છે, દંપતી-જીવનમાં અણસમજુ સ્ત્રીપુરુષને આડખીલી રૂપ પણ લાગે છે ! તેઓ તેથી જ તેમને દૂર ઇચ્છે છે; તેમનું આગમન ઇચ્છતાં નથી. તેમને તેની કિંમત તો સમજાતી જ નથી અને સમજવા માટે ખાએશ પણ નથી. બે બાળકનું ઘર આજે યુવક યુવતી માટે ભારે મુશ્કેલીનું સ્થાન થઈ પડ્યું છે. જંજાળ રૂપ બની ગયું છે !

પણ બાળકો અકસ્માત નથી. જેટલાં લગ્ન અકસ્માત એટલાં જ બાળકો અકસ્માત કહેવાય. અજાણપણે પણ બાળકો કુદરતની સાહજિક પ્રેમપ્રેરણાની અમૂલ્ય બક્ષિસ છે. દુનિયાની તમામ સમજુ પ્રજાએ અને માબાપોએ એ ખુદાઈ બક્ષિસને વહાલથી ખોળે ધરી છે, છતાં આજના યુવાનો તેનાથી અકળાય છે. કેળવણીથી અને સામાજિક તથા ધાર્મિક વિચિત્ર વાતાવરણથી તેઓ બાળકોને ભાર રૂપ સમજવા લાગ્યા છે; અને પરિણામે તેઓ બાળકો સાથે અધોગતિને પામતા જાય છે.

બાળકો એ જીવનસુખની પ્રફુલ્લ તેમ જ પ્રસન્ન ઊઘડતી એવી કળીઓ છે. માબાપનાં હૃદયનાં એ પવિત્ર અને નિર્મળ પ્રતિબિંબો છે. પણ જ્યાં અને ત્યાંથી ખોટા અને સાચા આદર્શોનો મોટો ખીચડો ખાનાર માબાપો પોતાનાં જ હૃદયોને પોતે પિછાની શકતાં નથી. પોતાના જ જીવનની સંભાળ લેવામાં તેઓ દુર્લક્ષ રાખે છે. પોતે જ પોતાને ધિક્કારે છે. પોતે બાળકોને નિંદે છે, વઢે છે, લડે છે, 'હાય, હવે તેમાંથી કેમ છૂટીએ?' તેવો પણ કોઈ વાર ઉદ્‌ગાર કાઢે છે! કાકા, દાદા કે બા બાપાને સોંપીને રખડવા, ભમવા, આનંદવિહાર કરવા, ભણવા, નાચવા, કૂદવા નીકળવાની હોંશ કરે છે અને ફાંફાં મારે છે. પણ બાળકોએ આવી ઘરમાં કુમકુમ પગલાં માંડી લક્ષ્મી આણી છે; કાલાઘેલા બોલ આણીને જીવનશાસ્ત્ર તેમ જ શિક્ષણશાસ્ત્ર અને પ્રેમજીવનની ગવાહી આણી છે. એ બધું જોવા અને જાણવાને બદલે યુવાન અને યુવતી નવલકથાઓમાં અને નાટકો અને સિનેમાઓમાં રસ લેવા દોડે છે; સભાઓ સંભાષણોમાં ભાગે છે; મેળાવડા અને ખાણીપીણીમાં દોડે છે; અને વારે વારે તેમને બાળકો આડાં આવે છે.

કમનસીબ માબાપોનાં કમનસીબ બાળકો!

છે, બેશક માબાપોને માટે જીવન છે; સુંદર અને પ્રેમમય

જીવન છે. અને હોવું જોઈએ. પરંતુ તે જીવનનું કેન્દ્ર બાળક છે, તે જીવનનું કાવ્ય બાળક છે, તે જીવનનાં સુગંધ અને સૌન્દર્ય બાળક છે, તે જીવનનું સુખ બાળક છે. તેની આસપાસ પોતાના જીવનના લહાવા તેમણે ગોઠવવાના છે. બાળક સાથે ગૂંથાયેલું પ્રેમજીવન પ્રેમનું ઘન સ્વરૂપ છે, શુદ્ધ અને સાત્ત્વિક સ્વરૂપ છે. કારણ કે એમાં ત્યાગનું સુખ છે.

પણ આ જીવન માટે તૈયારી જોઈશે; અને તે તૈયારી સ્ત્રી યા પુરુષે કરી લેવી જોઈશે. લગ્નસંસ્થાના સભ્યો થનારે તેની અવગણના કરાશે નહિ. ઉપરથી અવગણના કરી આખરે લગ્નજીવનમાં પડનારાંઓ ભૂલની સાથે પાપ પણ કરશે. બાળકો વિનાનાં રહેવાના કોડ રાખી ગૃહસ્થાશ્રમને કૃત્રિમ રીતે ચલાવનારાં આખરે બાળકોને ઝંખશે, અને કૃત્રિમતાના પ્રાયશ્ચિત્ત રૂપે જ્યારે વંધ્યત્વ મળશે ત્યારે પોતાને જ શાપ દેશે.

આ સ્થિતિ આવે તે પહેલાં જ હરેક યુવક-યુવતીઓ જેમ શરીરશાસ્ત્રનો, ઈતિહાસ અને ભૂગોળનો, રાંધણકળા અને આભૂષણકળાનો પરિચય કરી લે છે, તેમ જ બાળઉછેર અને શિક્ષણશાસ્ત્રનો પરિચય તે કરી લે.

ઘણાં એમાં શરમાય છે; પણ એ ખોટી શરમ છે. આગળ કોઈ માંદું પડશે એમ ધારી નર્સનું કામ શીખવામાં શરમ નથી. આગળ કામ આવનારી કોઈ વિદ્યા શીખવામાં શરમ ન જોઈએ, તેમ આ બાળઉછેરની વિદ્યા શીખી લેવામાં શરમ ન જોઈએ.

ત્યારે હવે કોઈ પણ યુવક કે યુવતી માતપિતા થવા માટે શી તૈયારી કરશે? શું શું વાંચશે? ઘર કેવું તૈયાર કરશે? પોતે અને પોતાનું શરીર તથા મન કેવાં તૈયાર કરશે? અને છેવટે પોતાનું આખું વાતાવરણ કેવું બનાવી લેશે?

એક મહેમાન આવે છે ત્યારે આપણે થોડીએક હંગામી તૈયારી કરી લઈએ છીએ. એ તૈયારી તત્કાલ પૂરતી જ હોય છે.

તેમાં કદાચ વાંધો ન લઈએ. પણ આપણે ત્યાં જે કાયમી મહેમાન આવે છે તેને માટે તો આપણે લાંબી અને કાયમી તૈયારી કરવી જોઈએ; વિચારપૂર્વક અને સન્માનભરી તૈયારી કરવી જોઈએ. એ મહેમાન આપણું અંગ છે, આપણી વંશવેલીને વધારનાર છે, આપણા કુળનો દીપક છે, માનવજાતિનાં પુનિત પગલાં અનંત વિકાસમાં આગળ વધારનાર એક વ્યક્તિ છે. એ બધો ખ્યાલ આપણામાં હોવો જોઈએ, અને એટલા માટે આપણી તૈયારી ભવ્ય જોઈએ.

પ્રત્યેક યુવાન અને યુવતી કંઈ નહિ તો એટલા માટે પોતાના શરીરને તંદુરસ્ત અને સશક્ત બનાવી લે કે એ જ શરીર તેને ત્યાં અવતરવાનું છે. જેવાં મા અને બાપ શરીરસંપત્તિમાં હશે તેવાં બાળકો થવાનાં. એટલું જ નહિ પણ શરીરસંપત્તિથી સુખી માબાપો જ બાળકોને સારી રીતે સાચવી શકશે અને પોતે બાળકોના સુખનો લહાવો લઈ શકશે. આજની માંદલી માતાઓને બાળક કેવળ ભાર અને દુઃખ રૂપ છે. એ દુઃખથી આપણે દુઃખી થઈએ તોપણ એ દુઃખનાં જવાબદાર માબાપો જ છે.

લગ્નજીવન શરૂ કર્યા પછી પણ માબાપો પોતાના શરીરને સાચવીને તેનાં સુખો ભોગવે તો તેઓ બાળકને આશીર્વાદ રૂપ થશે. જેઓ પોતાના પ્રાણને વિના વિચારે વધારે પડતો વાપરી નાખશે કે વેડફી નાખશે તેઓને પોતાના જીવનના આનંદોના દિવસો ટૂંકાવવા પડશે. સુખ ભોગવવા માટે પણ સુખને સંયમથી ભોગવવાની આવશ્યકતા છે.

બાળક-અતિથિનું સ્વાગત કરવા માટે આપણે મનથી પણ તૈયાર થવું જોઈએ. એટલે કે આપણે જાણવું જોઈએ કે નાના બાળકનો ખોરાક શો હોઈ શકે, તેને દાંત આવે કે રોગો થાય ત્યારે તાત્કાલિક શા ઉપાય કરવા, તેને ભાષા બોલવાનું ક્યારે આવે છે

અને આપણે તેને કેવી રીતે મદદ કરીએ, તેની વિકાસ કરવાની રીત શી છે અને આપણે તે રીતમાં કેવી રીતે આપણું સંરક્ષણ અને સહાય આપવી વગેરે. આપણે જાણવું જોઈશે કે બાળક કેવા પ્રકારની શક્તિ સ્વતઃ ધરાવે છે, કેવી જાતનું શિક્ષણ માગે છે, કેવી જાતનો મનોવિકાસ ચાહે છે. આપણે જાણવું જોઈશે કે બાળકની કલ્પનાશક્તિ, ક્રિયાશક્તિ, પ્રેરણા, સ્વયંચેતના વગેરે કેવાં છે અને કેટલાં છે. આ બધું આપણે જાણવું જોઈશે. આને લોકો માનસશાસ્ત્ર કહે છે. આ માનસશાસ્ત્રના બાલશિક્ષણને લગતા સામાન્ય સિદ્ધાંતોનું જ્ઞાન હરેક માતપિતાને અવશ્ય જોઈએ જ. આ માટે તેમણે ચોપડીઓ વાંચવી જોઈએ; બાળઉછેરની શાળાઓ અને ખાનગી ઘરોની મુલાકાત લેવી જોઈએ.

બાળક વિષેના આપણા અનેક વહેમોને માબાપે શુદ્ધ કરવા જોઈશે. નવો યુવાન અને યુવતી પણ જૂના વહેમ અને ચીલે બાળકોને ઉછેરશે તો દુનિયાને આગળ વધવાની આશા છે નહિ. યુવાન અને યુવતી પોતાને આગળ વધેલાં માનતાં હશે તોપણ તેમનો તે ભ્રમ લાંબો વખત ટકશે નહિ.

બાળઉછેર અને શિક્ષણના વહેમો અનેક છે. માતાની કે દેવની માનતામાંથી યુવાન-યુવતી કદાચ છૂટ્યાં હશે, પણ બાળકોને ઉછેરવાની જંગલી કુરૂઢિઓમાંથી બચવું મુશ્કેલીભર્યું છે. અને તે જ રૂઢિએ નવાં માબાપો બાળકોને ઉછેરવા નીકળશે. તે વખત આવે તે પહેલાં તેઓ જ્ઞાનપૂર્વક સમજી લે કે બાળકો પોતાની મેળે વિકસનારી અદ્ભુત ચેતનશક્તિઓ છે.

બાળકનો જીવાત્મા સ્વતંત્ર છે અને પોતાના નિશ્ચિત ધ્યેય તરફ તે ધસવા માગે છે. તે આપણી પાસે પોતાના ઈષ્ટ કાર્ય માટે પરિસ્થિતિ માગે છે, નિર્વિઘ્નપણું માગે છે.

નવાં માબાપો સમજી લે કે બાળક કાંઈ માટીનો પિંડો નથી કે મીણનો લોંદો નથી કે તેનો જેવો ઘાટ ઘડવા માગશું તેવો ઘાટ ઘડાશે. બાળક સચેતન વ્યક્તિ છે. તે પોતાનો ઘાટ પોતે જ ઘડનાર છે; અને તેની પ્રકૃતિના ગુણધર્મ પ્રમાણે તે પોતાને ઘડી પણ શકે છે. માબાપોએ તેમાં આડે ન આવતાં તેના કાર્યમાં મદદ કરવા માટે બાળકની બારીક પ્રવૃત્તિનું અવલોકન કરી તેને પડખે ઊભા રહેવાનું છે.

યુવાન માબાપો સમજી લે કે મારવાથી કે ઇનામથી બાળકો સુધરી શકતાં નથી પણ ઊલટાં બગડે છે. મારથી બાળકમાં ગુંડાઈ આવે છે, ઇનામથી તે વ્યભિચારી બુદ્ધિનું થાય છે; અને એ બંનેથી તે ગુલામ થાય છે.

નવાં માબાપો જેમ પોતે સાચા સ્વાતંત્ર્યની ઝંખના રાખે છે, તેમ જ બાળક પણ તેની ઝંખના અને માગણી કરે છે; અને માબાપની, માબાપના આચારોની, માબાપની કુળપરંપરાની બેડીઓમાંથી મુક્ત થવા માગે છે. માબાપે તેમને તેમાંથી મુક્ત પણ કરવાં જોઈએ.

ટૂંકમાં બાળકો—આપણાં મોંઘાંમૂલાં અતિથિઓ—આપણી પાસેથી સાચું સ્વાતંત્ર્ય, સહાનુભૂતિ ભરી સહાય અને બાલવિકાસ સંબંધેના પ્રયોગસિદ્ધ જ્ઞાનની આશા રાખે છે. આપણે તેને માટે તૈયાર થઈએ.

જ્યારે આપણે આ તૈયારીએ બાળકોના આગમનને માટે લાયક બની તેના સત્કાર માટે રાહ જોતાં ઊભાં રહેશું ત્યારે જરૂર આપણે ત્યાં વિભૂતિઓ અવતરશે, અને આપણા વાતાવરણમાં તે અદ્‌ભુત વિકાસ સાધશે, તથા આપણું અને દુનિયાનું કલ્યાણ કરશે.

તે વખતે આપણને આપણી યુવાની, લગ્નજીવન અને લગ્નસુખની ધન્યતા સમજાશે!

# બાળક - મહિમા

બાળક પ્રભુની અમૂલ્ય બક્ષિસ છે.
બાળક કુદરતની સુંદરમાં સુંદર કૃતિ છે.
બાળક સમષ્ટિની પ્રગતિનું એક આગળ પગથિયું છે.
બાળક માનવકુળનો વિશ્રામ છે
બાળક પ્રેમનો પયગમ્બર છે.
બાળક માનવશાસ્ત્રનું મૂળ છે.
બાળપૂજા એ પ્રભુપૂજા છે.
બાળકોને ચાહો ને તમે જગતને ચાહી શકશો
બાળકને ચાહો ને પ્રેમનું રહસ્ય સમજી શકશો
પ્રભુને પામવો હોય તો બાળકને પૂજો.

પ્રભુએ જો કોઈ અતિ નિર્દોષ વસ્તુ પેદા કરી હોય તો તે એક બાળક જ છે.

બાળકની પાસે રહેવું એટલે નિર્દોષતાનો સહવાસ સેવવો. માતાઓ અને પિતાઓ! તમે બાળકનું નમણું હાસ્ય જોયું છે? એમાં તમારાં સઘળાં દુઃખોને ડૂબી જતાં તમે કદી અનુભવ્યાં છે?

બાળક ખડખડ હસતું હોય છે ત્યારે એના મોંમાંથી નાનાં નાનાં ફૂલો ખરે છે એમ તમે જાણો છો?

બાળકને રમાડતાં તમે કેવાં કાલાંઘેલાં બનો છો એ તમે સમજો છો? તમને ભારેમાં ભારે કિંમત આપે તોપણ એવાં કાલાં તમે કદી થાઓ ખરાં ?

તમારા એ સ્વર્ગીય ગાંડપણનો તમે વિચાર કરો તો તમારા વિષે તમે શું ધારો?

શોક કોણ ભુલાવે છે?

થાક કોણ ઉતારે છે?

વાંઝિયામેણું કોણ ભાંગે છે?

ઘરને કિલકિલાટથી આનંદિત કોણ કરે છે?

માને ગૃહિણી કોણ બનાવે છે?

પિતાને સંસારની લડતોમાં જંગબહાદુર કોણ કરે છે?

કોઈએ બાળકને કદરૂપું કહ્યું જાણ્યું છે? બાળક, બાળક મટી આદમી થાય છે ત્યારે જ તે કદરૂપું બને છે. કદરૂપો નર કે કદરૂપી નારી એટલે વિકૃત બાળક.

બાળકને જે નથી રમાડતું તે સહૃદયતાનો દાવો કરી શકે?

બાળકને તમે જુઓ અને તમે તેને તેડો પણ નહિ ત્યારે તો તમે પ્રેમી છો એવો તમારો દંભ એક ક્ષણભર પણ ટકી ન શકે. પ્રેમમાં બીજે દંભ ચાલે પણ બાળક પાસે ન જ ચાલે. બાળક તો પ્રેમની આરસી છે.

રાજા કે રંક, મૂર્ખ કે વિદ્વાન, ગરીબ કે તવંગર, બાળકની પાસે કોણ નથી નમ્યું ? એનો પ્રેમ લેવા કોણ વાંકું નથી વળ્યું?

દાંત વિનાનું નાનું એવું મોઢું બાળક ઉઘાડે છે ત્યારે જાણે ગુલાબનું ફૂલ વિકસ્યું!

બાળક સવારે ઊઠે છે ત્યારે તેને મન દુનિયા નવી લાગે છે. દુનિયાને પણ બાળક રોજ ને રોજ નવું જ લાગે છે.

રોજ સવાર પડે અને માની સોડમાં એક કમળ ખીલે.

શિયાળાની આખી રાત માને ચોંટી ચોંટીને માની ગોદમાં ભરાઈ રહેલું બાળક માને કેટલું મીઠું લાગતું હશે?

બાળક માના પ્રેમથી જીવતું હશે કે માતા બાળકની મીઠાશથી જીવતી હશે?

બાળક જ્યારે પોતાની નાની નાની ટાંટુડીઓ હલાવે છે ત્યારે એને કેટલી કસરત થાય છે કે હવામાં તે એકંદર કેટલું ચાલે છે એનો આપણે વિચાર કરીએ છીએ કે તે જોવામાં માત્ર તલ્લીન જ થઈ જઈએ છીએ?

ભાંખોડભેર થવા માટે બાળક જે પ્રયત્નો કરે છે તેમાં અને દુનિયાનું રાજ્ય લેવા માટે સુલતાનો જે પ્રયત્નો કરે છે તેમાં કંઈ ફેર લાગે છે? બાળકનો પ્રયત્ન કેટલો નિર્દોષ છે! સુલતાનોનો કેટલો દોષપૂર્ણ અને ભયંકર છે!

નાગપૂજાનો યુગ ગયો છે, પ્રેતપૂજાનો યુગ ગયો છે, પથ્થરપૂજાનો યુગ ગયો છે અને માણસપૂજાનો યુગ પણ ગયો છે. હવે તો બાળપૂજાનો યુગ આવ્યો છે.

નવા યુગને કોણ ઘડશે?

જનતાનો પ્રવાહ અસ્ખલિત કોણ રાખશે?

આગામી યુગનો સ્વામી કોણ છે?

ભૂતકાળની સમૃદ્ધિને વર્તમાનની વિભૂતિ ભવિષ્યને ખોળે કોણ ધરશે?

નિરાશા શબ્દ બાળકના કોશમાં નથી. બાળકને ચાલવાને

માટે પ્રયત્ન કરતું જુઓ; કદી તે થાકે છે? એનો ઉદ્યોગ અને ખંત કોને અનુકરણીય ન હોય?

બાળક ચાલવાનો પ્રયત્ન કરતાં પડે છે ત્યારે તેને કોઈ મારતું કેમ નહિ હોય?

તેને હારેલું જોઈને પણ હસવું કેમ આવે છે? તેને ઈનામ કે લાલચ આપી કોઈ હસાવી શકશે?

હાસ્ય એ બાળકની મોટામાં મોટી મોજ છે.

હાસ્ય ગૃહને અને હૃદયને બન્નેને અજવાળે છે.

ઊંઘતા બાળકનું હાસ્ય પરીઓની પાંખોના તેજના ચળકાટ જેવું છે.

બે હોઠ આમ ઊઘડે એટલે વિશ્વને ભરી દે તેટલું બાળકનું મીઠું હાસ્ય!

ઘોર અંધારી રાતે પણ બાળકના હાસ્યમાં માતાનો બધો ભય ભરાઈ જાય.

બાળકના હાસ્યમાં અમૃત તો નહિ હોય?

માતા તો એનાથી જ ધરાયેલી રહેતી હશે.

બાળક અરધી રાતે ઊઠે અને ઘરનાં બધાં અરધી રાતે ઊઠે. બાળક રમે ને સૌ રમે. બાળક હસે તો સૌ હસે જ. ઘરડાંઓ પણ બાળક સાથે હસવાનો લાગ લઈ લે.

મોટાં બાળકો નાનાં બાળકો સાથે હસીને બાળપણ સંભારે; જુવાનો બાળકના હાસ્યમાં નાહીને પ્રેમજીવનની તૈયારી કરે; માતા પિતા તો બાળકના હાસ્યમાં નવો અવતાર જ કરી લે.

બાળક દેવલોકમાંથી ભૂલો પડેલો મુસાફર છે.

એ તો ગૃહસ્થોનો મોંઘો મહેમાન છે. એની શુશ્રૂષા ન આવડે તો ગૃહસ્થાશ્રમ ઊંધો જ વળે.

લક્ષ્મી તો બાળકના કંકુ જેવા રાતા પગલે ચોંટેલી છે.

પ્રેમ તો એના પ્રફુલ્લ વદને છે.

શાંતિ ને ગંભીરતા એની મીઠી હાસ્યમધુરી નિદ્રામાં છે.

એના કાલાકાલા બોલમાં કવિતા વહે છે. એ દૈવી કવિતા આ માનવી-દુનિયામાં લાંબો વખત નથી રહેતી એ જ ખેદની વાત છે!

એની વાણીમાં કોઈએ વ્યાકરણના દોષો કાઢયાનું જાણ્યું છે?

એની સાથે વાત કરવામાં તો મોટાંઓ પણ ખુશીથી વ્યાકરણજ્ઞાનના કડક નિયમોનો પણ ત્યાગ સ્વીકારે છે; અને અવૈયાકરણી ભાષા બોલવા ઘણી વાર તો નિષ્ફળ પ્રયત્ન કરે છે.

વ્યાકરણબદ્ધ વાણી જ્યારથી બાળક બોલે છે ત્યારથી તેની વાણીની મીઠાશ ઘટે છે.

બાળક જેમને વહાલું ન લાગતું હોય તે માત્ર ઈશ્વરના દુશ્મન છે. અભાગિયા જ "આ તો ગંદું બાળક!" કહી તેની સામે જોતા નથી. બાળક તો તેના તરફ પણ લાંબા હાથ કરે છે.

શીદીભાઈને તો શીદકાં વ્હાલાં હોય જ; પ્રભુગામીને પણ શીદકાં વહાલાં હોય. ઘણાઓ બાળકોથી દૂર જ નાસે છે. આપણાથી તેમને પામર કેમ કહેવાય?

બાળક માતાપિતાનો આત્મા છે.

બાળક ઘરનું ઘરેણું છે.

બાળક આંગણાની શોભા છે.

બાળક કુળનો દીવો છે.

શિક્ષક થવું હોય તો બાળકોને જ અનુસરો. માનસશાસ્ત્રી બનવું હોય તો બાળકને જ વિલોકો. જીવનશાસ્ત્રના અને માનસશાસ્ત્રના સિદ્ધાંતો તો બાળક પળેપળ કહી રહ્યું છે. તત્ત્વશાસ્ત્રીઓ પણ બાળકમાં બ્રહ્માંડ ભાળી શકે છે.

બાળક પોતાની ઝીણી આંખોથી આપણા તરફ જુએ છે ત્યારે તે શું જોતું હશે ?

એની આંખનું તેજ આપણામાં ઉજાસ કાં નહિ ભરતું હોય ?

બાળક પાસે અરધો જ કલાક રહો અને તદ્દન તાજા થઈ જશો. કેમ જાણે બાળક આરામનો 'બાગ' હોય !

❀

# આપણાં બાળકોને ખાતર

આપણે આપણાં બાળકો ખાતર શું કરીશું?

આ વળી એક નવો પ્રશ્ન. બાળક માટે આપણે શું નથી કરતાં કે વળી આવો પ્રશ્ન પુછાય છે?

આપણે તેને ખવરાવીએ પિવરાવીએ છીએ. આપણે તેને રમાડીએ જમાડીએ છીએ. આપણે તેને પહેરાવીએ ઓઢાડીએ છીએ. આપણે તેને નિશાળે મોકલી ભણાવીએ છીએ. આપણે તેને માટે પૈસા એકઠા કરીએ છીએ. છતાં શા માટે આવો પશ્ન પૂછવાનું બને છે?

પણ આ પ્રશ્નને જરા ગંભીરતાથી વિચારીએ.

આપણે તેની ખાતર આટલું તો કરવું જ જોઈએ. તેને કઢંગાં કપડાં ને બેડોળ ઘરેણાંથી ન શણગારીએ; તેને સ્વચ્છ તો રાખીએ જ.

તેને ખરાબ પુસ્તકો અને ખરાબ સહવાસમાંથી બચાવીએ. તેને પ્રાણઘાતક શાળામાંથી ઉઠાડી જ લઈએ. આપણે તેને કદી પણ શિક્ષા ન જ કરીએ.

શું બાળકો ખાતર આપણે આટલું પણ નહિ કરીએ?

ક્લબમાં જવાનું છોડી દઈને એને બાગમાં ફરવા નહિ લઈ જઈએ?

મિત્રોને મળવાહળવાનું માંડી વાળી બાળકને સંગ્રહાલયો અને બજાર જોવા નહિ લઈ જઈએ?

છાપું વાંચવાનું જરા મોકૂફ રાખી તેમની કાલીઘેલી વાતો નહિ સાંભળીએ?

એક ઘડીક વાર પણ ધંધાના વિચારો અને અભ્યાસનાં પોથાંને કોરે મૂકી એને મીઠી મીઠી વાતો કહીને નહિ ઊંઘાડીએ?

શું એમની ખાતર આપણા પોકળ તરંગો અને આરામપ્રિયતાને જરા રજા આપી એમને નાનાં નાનાં ગીતો નહિ સંભળાવીએ?

બાળકો આપણને વહાલાં હોય તો આટલું આપણાથી ન જ થાય :

આપણાથી એને ટોકાય નહિ. આપણાથી એનું અપમાન થાય નહિ. આપણાથી ભોજન સમયે તો એના પર ગુસ્સે થવાય જ નહિ. સૂતી વખતે આપણાથી કોઈ કારણસર એને ન જ રડાવાય.

જમતી વખતે બાળકના આનંદનો વિચાર કરીએ. સૂતી વખતે બાળકનાં સુખી સ્વપ્નોના ખ્યાલ કરીએ. ખાવા દો-બાળકને જે શીજે તે - એને જે રુચે તે! રમવા દો- બાળકને જ્યાં સુધી તે રમે ત્યાં સુધી!

આ ખા, પેલું ખા, એમ કહેવામાં શું હાંસલ છે ? ટાપલી મારીને સુવારી દેવામાં કાંઈ કમાણી છે ખરી?

તમે વિલાસ માટે પાપી જાગરણ કરો છો તેની કિંમત કે બાળકના નિર્દોષ આનંદ માટે પવિત્ર જાગરણ કરો તેની કિંમત?

બાળાગોળી આપીને એને શું કામ સુવરાવો છો? તમારા આનંદમાં આડે આવે છે તે માટે?

આરામ અને વિલાસ માણવા હતા તો બાળક મેળવવા તમને કોણે કહ્યું હતું? કે બાળક એ તો એક અકસ્માત જ છે?

કેટલાંયે માબાપોને બાળક રાત્રે રમવા ઊઠે એ નથી ગમતું.

કેમ? જાણે ભારે ઉજાગરો થતો હોય! નાટક, સિનેમા, સોગઠાંબાજી, શેતરંજ કે ગંજીપાનાં પાનાંમાં થતા ઉજાગરાનો હિસાબ કોને પૂછવો?

પણ ક્યાં છે કોઈને ખબર કે બાળક તો અનંતમાં રાચે છે?

રાત્રિ અને દિવસ, સવાર બપોર કે સાંજ, એના આનંદ માટે સરખાં જ છે!

આપણે બાળક મટી ગયાં તે દિવસથી આપણામાં રાત્રિનું ઘોર અંધારું આવી ગયું.

બાળકને તો ઘોર અંધારી રાત્રે પણ અજવાળાં ઊગે; જ્યારે અજ્ઞાન પાપી હૃદયમાં દિવસના અજવાળે પણ ઘોર અંધારાં હોય!

નિર્દોષ હૃદય જ અંધારામાં પ્રકાશ ભાળે.

બાળકો ખાતર આટલાં વાનાં આપણે હરગિજ ન કરીએ:

આપણે પાડોશી સાથે વઢીએ નહિ. હલકા પાડોશથી દૂર નાસીએ. આપણા હલકા મિત્રોનો ત્યાગ કરીએ. દુષ્ટ ભાઈબહેનો કે અન્ય સંબંધીઓને સલામ કરીએ.

ઘરમાંથી દુર્ગુણો દૂર કરવા માટે જંગ માંડતાં જરાય ન ડરીએ.

પોતાના દોષોને કાઢવા હઠયોગ આદરીએ; અને કદાચ બાળકને નુકસાન થતું હોય તો તેની માતાના ત્યાગને પણ આપણે અધર્મ્ય ન ગણીએ. બાળકને માટે ઘરમાં સ્વર્ગ રચવા કઠણમાં કઠણ આત્મભોગ આપતાંયે ન અચકાઈએ!

બાળક આપણને પ્રિય હોય તો તેને બગાડીએ તો નહિ જ. ચાકર રાખી તેને ન બગાડીએ; વિલાયતી રમકડાંની મોહિનીથી તેને ન બગાડીએ; પહેલેથી જ હિંસાનો પાઠ ભણાવી તેને પશુ ન બનાવીએ.

શું આપણે આપણાં બાળકોને મુક્ત નથી કરવાં? —માન્યતાઓની બેડીમાંથી; આપણા એકમાર્ગી આદર્શોમાંથી; આપણને જ ગમતી કેળવણીની હોડમાંથી; આપણે ખુશીથી ગળામાં ઓળવેલી રૂઢિની જંજીરમાંથી; શિષ્ટાચારની જડતામાંથી; પારતંત્ર્યની પરાધીનતામાંથી.

સમાજની જોહુકમીભરી ગુલામીમાંથી આપણે એક વાર ગુલામ મટીએ ને બાળકને ગુલામીમાંથી મુક્ત કરીએ. જાણો છો ને કે ગુલામનું બાળક તો ગુલામ જ હોય?

ત્યારે આપણે બાળકો ખાતર શું કરીએ?

આજનું બાળક તે આવતી કાલની ગૃહિણી; આજનું બાળક તે આવતી કાલનો શહેરી.

એને માટે આપણે શું કરીએ?

આજે જે આપણી પાસેથી શીખશે તે જ આવતી કાલે તે આચરશે.

આજે જે આપણે નહિ કરીએ તે ભવિષ્યમાં એનાથી કદીય નહિ બનવાનું.

આજે જે આપણે તજી દેશું તેને ત્યાગતાં તે જરૂર શીખશે.

ત્યારે આપણે બાળક માટે શું કરશું?

બાળક ભાવિ પ્રજા છે; ભાવિ પ્રજાનું બીજ બાળકમાં છે. જેવું બાળક તેવી ભાવિ પ્રજા.

કહો જોઈએ, હવે આવા બાળક માટે આપણે શું કરવું જોઈએ ?

બાળક ભાવિ કુળનો દીપક છે.

બાળક ભાવિ પેઢીનો પ્રકાશ છે.

બાળક ભાવિ પ્રજાનો પયગમ્બર છે.

આવા બાળક માટે આપણે શું કરીએ?

બાળક તો પ્રભુજીએ આપણને જીવન પ્રત્યે પ્રકાશ પાડવા આપેલ છે.

બાળકો તો આપણને નવું જીવન જીવવા આપેલાં છે.

બાળકો તો પ્રભુજીએ આપણને નવું ચેતન જગાડવા આપેલાં છે.

બાળકો તો આપણને પ્રભુજીએ કલ્યાણને પગથિયે ચડવા આપેલાં છે.

પ્રભુજીએ પોતે આપેલાં બાળકો ખાતર આપણે શું શું કરવું ઘટે?

બાળકનાં સાચાં માબાપ થવા માટે આપણે યોગ્ય થવું જોઈએ.

બાળકોનું સુખ શામાં છે તે આપણે વિચારીએ. આપણે આટલું તો જરૂર સમજીએ :

બાળકનું સુખ તેને જાતે જ ખાવાપીવા દેવામાં છે; કોઈ તેને ખવરાવે તેમાં નહિ જ.

બાળકનું સુખ તેને જાતે નહાવા દેવામાં છે; કોઈ તેને નવરાવે તેમાં નહિ.

બાળકનું સુખ તેને પોતાની મેળે જ ચાલવા દેવામાં છે; કોઈ તેને તેડે તેમાં નહિ.

બાળકનું સુખ તેને જાતે ખેલવા દેવામાં છે; કોઈ તેને રમાડે-ખેલાવે તેમાં નહિ.

બાળકનું સુખ તેને જાતે ગાવા દેવામાં છે; કોઈ તેની પાસે ગાઈ બતાવે કે ગવરાવે તેમાં નહિ.

બાળકનું ખરું સુખ બધું બાળકને પોતાને કરવા દેવામાં છે; કોઈ તેના કુદરતી હક્કોને ધક્કો મારે તેમાં નહિ.

❀

# બાળકનું ઘરમાં સ્થાન કયું ?

રોજ રસોઈ કોને પૂછીને થાય છે?

બાળકને આ વસ્તુ ભાવશે કે નહિ, તેને આ પચશે કે નહિ, એવો વિચાર રાંધતી વખતે કેટલી માતાઓ કરે છે?

બાળકોને કંઈ ભાવે નહિ તો આપણે કહીએ કે તેને ખાતાં જ ક્યાં આવડે છે? એને સ્વાદનું ભાન જ ક્યાં છે?

તીખું લાગે ને બાળક ખાવાની ના પાડે તો આપણે કહીએ કે તીખું ખાવાની ટેવ તો પાડવી જોઈએ ના?

આપણને ખારું ખાટું ગમતું હોય તો આપણે તેને ખારું ખાટું ખાવાનાં હિમાયતી કરીએ; ભાત ભાવતો હોય તો ભાતનાં ને શાક ભાવતું હોય તો શાકનાં હિમાયતી કરીએ.

બાળકે આપણા હુકમને અનુસરવું જોઈએ જ, કારણ કે આપણું શરીર તેના કરતાં મોટું છે. પણ એટલેથી આપણને સંતોષ ક્યાં છે? એણે તો આપણી ટેવોને, આપણા શોખોને આપણી પસંદગીને પણ પોતાની જ કરવી જોઈએ.

આપણે જેમ બેસીએ તેમ બેસતાં તેણે શીખવું જોઈએ;

આપણે જેમ બોલીએ તેમ તે બોલે તો જ તેને બોલતાં આવડયું કહેવાય; આપણે જે ખાઈએ તે બાળક ન ખાય તો તેને ખાતાં કયાંથી આવડે?

આપણે ઇચ્છીએ છીએ કે જેવાં આપણે છીએ તેવાં બાળકો થાય. આપણે પોતે જ ઠરાવી દીધું છે કે બાળકો માટે આપણો આદર્શ પૂરતો છે. આપણાથી ઉચ્ચ વૃત્તિનાં ને શક્તિનાં બાળકો થઈ શકે એ ખ્યાલ આપણામાં છે?

આપણા પૂર્વજો કરતાં કેટકેટલી બાબતોમાં આપણી ચડતી થઈ તેનો ઇતિહાસ આપણે જાણીએ છીએ?

દુનિયા આગળ વધે છે કે પાછળ જાય છે?

બાળવિચારને આપણા હૃદયમાં કેટલું સ્થાન છે? બાળકને વિલાયતીને બદલે દેશી કપડાં પહેરવાં હોય તો આપણને આપણું અર્થશાસ્ત્ર આડે નથી આવતું? આપણે આપણી સ્વાર્થી દષ્ટિ ભૂલી જઈએ છીએ ખરા? નવા યુગની કલ્પના એને પણ ઝીલવા નથી દેતાં એ વાત ખરી છે કે ખોટી?

ઘણાં બાળકોને માથે ટોપી પહેરવી અથવા પગમાં જોડા પહેરવા નથી ગમતા; પણ દીકરો ઉઘાડે પગે હોય તો બાપની આબરૂ જાય તેનું શું?

પહેરણનું ગજવું બાપાને ગમે ત્યાં જ થાય ના? બાળકની સગવડ જોવાની વાત તો ધ્યાન પર જ કેમ લેવાય?

છોકરીનાં ઘાઘરી પોલકાંની જાતો તો માએ જ નક્કી કરવી જોઈએ ના? બાળકમાં પસંદ કરવાની શક્તિ છે, એમ માને છે જ કોણ? આપણે ક્યાં નાનપણમાં જાતે પસંદ કરવા જતાં હતાં? આપણે ગુલામ રહ્યાં એટલે બાળકે તેનું પ્રાયાશ્ચિત્ત કરવું જ જોઈએ ના?

કયે વખતે ને કયે દિવસે કેવાં કપડાં બાળકે પહેરવાં તેનો

નિર્ણય તો અનુભવી માતા જ કરે છે. માતાની આંખને ગમે તે સૌને ગમે. વરઘોડો કે સભાને યોગ્ય કપડાં બાળકે ન પહેર્યાં હોય તો આબરૂ તો માતાની જ જાય? નાનાં બાળકોની શી પ્રતિષ્ઠા?

માબાપોની પ્રતિષ્ઠા જાળવવાનાં બાળકો તો સાધનો!

માબાપોની દંભવૃત્તિ અને અભિમાનવૃત્તિ સંતોષવાનું બાળકો તો સાહિત્ય!

ઘરડી મા ન પહેરી શકે ત્યારે બાળકોને લાદે. માને સોગ હોય તો બાળકે મજા કરવી!

બાળકો તો છેક નાનાં નમાલાં! એને રંગનું ભાન ક્યાંથી? એને વળી કલાની કદર શી? એને સૌંદર્યનો ખ્યાલ હોય જ શાનો? એ તો માબાપની મોટી મોટી ઢીંગલીઓ. માબાપ પોતાની મરજી પ્રમાણે બાળકને શણગારે ને તેને જોઈ રાજી થાય; તેને રમાડે ને જમાડે. આટલુંય બહુ સારાં ગણાતાં માબાપોનાં બાળકો પામે.

બાળકોને તો ઘણું નાગા રહેવું ગમે; પણ શિષ્ટાચારનું શું? માબાપો શિષ્ટાચારની ગુલામીમાંથી છૂટે તો જ બાળકને છોડાવી શકે ના?

ભલે ઘામ થાય, પણ કપડાં તો પહેરો, ભલે શરીરની હરવાફરવાની છૂટ અટકે, પણ કપડાં તો પહેરો. કપડાં વિનાનું બાળક કેવું ભૂંડું લાગે? એના સુંદર શરીરને કૃત્રિમ વેશથી ઢાંકીએ ત્યારે જ આપણને નિરાંત થાય, ને ત્યારે જ આપણી કલાબુદ્ધિનું દીવાળું નીકળે!

પણ બાળક રહ્યું સામાજિક પ્રાણી. સમાજના બધા નિયમો તેણે જાણી લેવા જ જોઈએ ના? જો નાનપણથી કપડાં પહેરતાં ન શીખે તો મોટપણે નાગું રખડે, તો?

બાળક કુદરતનું બચ્ચું. ખુલ્લી હવા ને બાલસૂરજનો તડકો,

એ એના પ્રિય દોસ્તો, પૃથ્વીનો ખોળો માના પ્રિય ખોળા કરતાંયે બાળકને વધારે વહાલો. પૃથ્વી તો માતાનીયે મા.

પણ બાળકને ખુલ્લી હવામાં જવા દઈએ તો એને શરદી ન થઈ જાય? સૂરજનો તાપ લાગે ને તાવ આવે તો? ને જમીન ઉપર રખડવાથી તો કપડાં બગડે ને શરીર પણ બગડે! આ આપણી માન્યતા.

સૂવાથી પથારી બગડી જાય, માટે પથારીમાં સૂવું નહિ; રમવાથી કપડાં બગડી જાય, માટે રમવું પણ નહિ! આ આપણો ન્યાય.

આપણે માટે એક કાયદો; બાળકો માટે બીજો કાયદો.

પણ કોઈ વાર કોઈએ પૂછી જોયું કે ''બાપુ! તારે રમવું છે કે કપડાં સાચવવાં છે?"

કેવો માથામાં લાગે એવો જવાબ મળશે!

કુદરતનો સહવાસ બાળકમાં જીવન રેડે છે. પૃથ્વીના સ્પર્શમાં બાળકના કેવા આનંદો છે તે કોઈએ જાણ્યું છે ?

તમે પાછળ દોડો ને એ આગળ દોડે ત્યારે જ તમે સમજી શકો કે છૂટું રમવું બાળકને કેટલું બધું ગમે છે!

કોઈને ખ્યાલ છે કે બાળકને મન આખી સૃષ્ટિ-જીવન એ જ ચમત્કારથી ભરપૂર લાગે છે?

પૃથ્વીની નિર્દોષ ધૂળ આપણા ચંદન કરતાંયે તેને વહાલી છે.

પવનની મીઠી લહેરો આપણી વિકારી ચૂમીઓ કરતાંયે એને પ્રિય છે.

બાલસૂરજનાં કોમળ કિરણો આપણા કર્કશ હાથ કરતાં એને કૂણાં લાગે છે.

આપણે જ્યાં કશું ભાળતાં નથી ત્યાં બાળક ચમત્કાર ભાળે છે.

નાનું ફૂદ્દું ભાળી બાળક ગાંડું બને છે; પતંગિયું જોઈ તે પતંગિયું જ બની જાય છે; દેડકું જોઈ તે કૂદે છે; ઘોડો જોઈ તે હણહણે છે; ગાયને ભાળી તે ડચકારો કરે છે.

નાનું ઘાસનું તરણું બાળકનો મોટો સંગ્રહી રાખવા જેવો પદાર્થ છે.

તેના ખીસામાં જુઓ તો ઘાસનાં તરણાં મળે, ફૂલો ને પાંદડાંના ડૂચા જડે.

કુદરતમાં નહાયા વિનાનું બાળક કુદરતના ભેદો કેમ ઉકેલશે?

ચાંદની, નાની શી ખળખળતી નદી, ખેતરોની ધૂળ, વાડીનાં ઘરો, ટેકરીના કાંકરા, ખુલ્લા મેદાનની હવા અને આકાશના રંગો બાળકને મળેલી કુદરતી ભેટો છે.

એના હાથે છૂટે હાથે ઉપયોગ લેતાં આપણે તેને કેમ અટકાવીએ?

બાળકને ખુલ્લા આકાશ તળે અને ઉઘાડી પૃથ્વી ઉપર રાત-દિવસ રાખવામાં આવે તો તેઓ ઘરમાં આવવાની વાત જ ન કરે.

ફૂલો તો તેના દિલના દોસ્તો. એને જોઈને તો એ ગાંડું બને; આઘેથી ફૂલો જુએ ત્યાં નાકનું ટીચકું હલે; મોં ઉપર અજવાળું પથરાય; દાંતની કળીઓ દેખાઈ જાય; ગાલ ઉપર બે નાના એવા ખાડા પડે.

બાળક ફૂલ ઉપર આફરીન; માતા બાળક ઉપર આફરીન!

બાળક પહેલાં કુદરતની મીઠાશ સમજે ને પછી તે આપણી મીઠાશ સમજે.

બાળક ધૂળમાં આળોટી ઊંચે રહેલા આકાશની સામે જોઈ રહે છે ત્યારે એ શું કરતું હશે?

આખી કુદરતને તે પીતું હોય છે. આખી સૃષ્ટિને તે ભરી દેતું હોય છે.

ચાંદો તેને રોજ ને રોજ નવો નવો આનંદ આપે છે.

ચાંદો રાતે જ દેખાય. એને એમ થાય કે ચાંદો દિવસે ક્યાં સંતાઈ જતો હશે? સંતાકૂકડીની રમત બાળકો ચાંદા પાસેથી જ શીખ્યાં હશે?

આપણે તો હબુક પોળીનો ગમે તે અર્થ કરીએ; એ કામ તો રહ્યું લોકસાહિત્યાચાર્યોનું. ભલે આપણે બાળકને છાનું રાખવા હબુક પોળીની રમત રમાડીએ; પણ બાળક તો એમ જ સમજતું હશે કે મને ચાંદાનું તેજ ખવરાવે છે.

ચાંદાનું તેજ - તેની શીતળતા કોને ન ગમે?

બાળકની મજા તો ચાંદાનો રંગ જોવામાં છે, એની ચાંદનીથી નાહવામાં છે, એનું તેજ આંખે ભરવામાં છે.

ચાંદામાં હરણ ને ડોશી દેખાય છે એ વાત બાળક તુરત જ માની લે છે; એ એનું ભોળપણ નહિ પણ ગાંડપણ. કુદરત સાથેની એની એટલી લગની. વિજ્ઞાનની કર્કશતા બાળકના મગજને ન રુચે. એમાં જ બાળકોને પરીઓની વાતો ગમે છે. અદ્‌ભુતતા એ એનો સ્વભાવ અને અદ્‌ભુતતા એ એની મજા!

પણ આપણે બાળકને લઈને ચાંદનીમાં ફરવાને ક્યાંથી નવરા હોઈએ?

આપણે ચાંદની ઉપર કાવ્ય ન કરવું હોય? આપણે હરણ અને ડોશીની લોકવાર્તાનું મૂળ ન શોધવું હોય? આપણે ચંદ્રમામાં જીવન્ત પ્રાણીઓ છે કે નહિ તેની શોધ ન કરવી હોય?

આપણે તે નવરા ક્યાંથી હોઈએ?

માણસ સાચો કવિ તે ક્યાંથી થાય?

માણસને ચિત્રકલામાં ચમત્કાર કેમ લાગે?

કુદરતને પી ગયા વિના માણસ કુદરત ચીતરે ક્યાંથી? તેનું ગાન શી રીતે ગાય? તેની કવિતા શી રીતે કરે?

વગર જમ્યે કદી પેટ ભરાય છે?

બાળકને કુદરતથી દૂર રાખી આપણે એને કેવું બનાવશું? દેવ કે રાક્ષસ?

ફરી વાર એ જ પ્રશ્ન પૂછું છું : બાળકનું ઘરમાં સ્થાન શું?

બાળકો માટે કયો ઓરડો, એનો વિચાર મકાન બાંધતી વખતે કોઈ કરે છે?

ઘર ભાડે લેતી વખતે આમાં બાળકોને રમવાને જગ્યા છે કે નહિ તેનો વિચાર આપણે નથી કરતા. મોરી છે કે નહિ, રસોડામાં અજવાળું છે કે નહિ, સૂવાની જગામાં હવા આવે છે કે નહિ, નાહવાને નળ અને શૌચ માટે જાજરૂ છે કે નહિ, ને ગોદડાં તડકે નાખવાને અગાશી છે કે નહિ, એ પ્રશ્નો ઘરધણીને આપણે પૂછીએ છીએ. હજી સુધી કોઈએ પૂછયું છે અથવા ઘરમાં જઈ તપાસ કરી છે કે ઘરમાં બાળકોને રમવાની જગ્યા છે કે નહિ?

ઘર ભાડે લેતાં આપણને બાળકો ક્યાંથી જ સાંભરે? બાળકો માટે વળી અલાયદી જગ્યા કેવી? એ વિચાર જ આપણને નવો લાગે છે.

એટલાં નાનાં નાનાં પ્રાણીઓનો આજથી હક્ક? એમને માટે વળી આજથી જ ખટપટ! આખું ઘર જ એમનું છે ના? ખાય, પીએ ને મજા કરે છે! આખા ઘરમાં ફરતાં, હરતાં ને રમતાં કોણ એમને રોકે છે?

પણ ક્યાં એણે ગાવું?
ક્યાં એણે વાતો કરવી?
ક્યાં એણે રમવું?
ક્યાં એણે ખેલવું કૂદવું?

રસોડામાં માને ગડબડ થાય; બધી ગોઠવણ ઊંધી વળે; રસોડું બગડી જાય! વળી માતા પાઠપૂજા કરતી હોય તો તો તેમાં ભંગ જ પડે ના?

ત્યારે દીવાનખાનામાં તો પિતાજી છાપું વાંચતા હોય; કાં તો અસીલ માટે કેસ તૈયાર કરતા હોય; કાં તો દરદીને તપાસતા હોય; કાં તો ગામમાં ભાષણ આપવાની નોંધ કરતા હોય. ત્યાં ગડબડ કરવાની રજા ક્યાંથી મળે?

પણે ઓશરીમાં મોટાભાઈ ને મોટીબેન પાઠ કરતાં હોય ત્યાં પણ ન જવાય, ન રમાય ને ન ગવાય!

એ તો જ્યાં ગયાં ત્યાંથી પાછાં.

કદાચ એકાદ એકાંત ખૂણો મળી ગયો તો બાળકે કલ્પનાથી ઢીંગલી ઢીંગલા રમવું, ખોટું ખોટું ખાવું ને ખોટું ખોટું વાવું.

આમ કાંઈ કલ્પનાશક્તિ ન ખીલે.

કેળવણીશાસ્ત્રીઓનો આ ભ્રમ છે.

આપણે માટે ને આપણા મહેમાનો માટે ટેબલ હોય, ખુરશી હોય, ચટાઈ હોય, જાજમ હોય, વગેરે વગેરે હોય. બાળક માટે ખાસ કરીને રાખેલો કોથળો પણ હોય છે ખરો?

એની પાસે એનો ભાઈબંધ બેસવા આવે તો એને ક્યાં બેસારવો?

પણ આપણે ક્યાં જાણવાનોયે પ્રયત્ન કરીએ છીએ કે નાનાં બાળકોને દોસ્તો હોય છે?

દોસ્તો તો આપણને જ હોય. નાનાં બાળકો વળી દોસ્તીમાં શું સમજતાં હશે? પણ આપણી દોસ્તી સ્વાર્થી; બાળકોની દોસ્તી નિર્દોષ.

આપણી પાસે આપણા દાગીના અને કપડાં મૂકવાને કબાટો, ટ્રંકો ને પેટીઓ છે. બાળકોએ એમનાં છીપલાં ને શંખલાં ક્યાં રાખવાં?

એમનાં પીંછાં ને ઢીંગલી પોતિયાંને મૂકવાની એકે જગ્યા ખરી?

આપણી વસ્તુની ચોરી થઈ જાય તો બાળકને મન કંઈ નહિ. પણ એનાં પીંછાં ને ફૂટલી કોડીઓ કોઈ લઈ જાય તો? એને મન તો આખું રાજ ગયું! અને છતાં આવા કિંમતી સંગ્રહ સાચવી રાખવાને આપણે એને એક પેટી કે ડબલુંયે ન આપીએ! કેવી આપણી વિચિત્રતા?

ખરી રીતે તો બાળકને ગણે છે જ કોણ? એ આંબી શકે તેટલી ઊંચાઈએ ઘરમાં ખીંટીઓ ક્યાં છે? અભરાઈઓ ક્યાં છે? આલમારીઓ ક્યાં છે? ઘરમાં વસાવેલાં સારાં સારાં ચિત્રોયે બધાં ઊંચે ઊંચે ટાંગેલાં હોય છે; એના તરફ આપણી નજર ભાગ્યે જ જાય છે. તો પછી બાળકનાં તો એ ખપનાં જ નહિ ના?

બાળકનાં કપડાં આપણે ટાંગીએ.

ઊંચેથી લોટા પ્યાલા આપણે ઉતારી દઈએ.

મોટા પાટલા આપણે નાખી દઈએ.

થાળી પણ આપણે માંડવી જોઈએ.

બાળક બિચારું શું કરે? મોટી મોટી વસ્તુઓને એ શી રીતે પકડી શકે? એને મન તો ઘણુંયે થાય, પણ કેમ કરે?

આપણે જાણીએ કે બાળક સશક્ત નથી; આપણે તેને

બદલે કરવું જોઈએ. બાળકપ્રેમી માતપિતા એમ જાણે કે આપણે બાળકને ખૂબ સુખી કરીએ છીએ.

બાળકના મહત્ત્વને સમજવાનો દાવો કરનાર કહે કે અમે બાળકને બદલે જે બધું કરીએ છીએ, તે તેની પૂજા કરવા ને તેને માન આપવા કરીએ છીએ. પણ બધાં બાળકને પળે પળે અપંગ કરે છે, બાળકને ગુલામ બનાવે છે. જેના આપણે ગુલામ બનીએ છીએ તે આપણો મોટો ગુલામ થાય છે!

આપણે બાળક ઉપર વિશ્વાસ કરીએ છીએ? કામનું વાસણ તેને ઊંચકવા દઈએ છીએ? કોઈને રસોઈ પીરસવા દઈએ છીએ? બત્તી કરવા દઈએ છીએ? ચૂલામાં દેવતા પાડવા દઈએ છીએ? તેના નાના નાના રૂમાલો અને કપડાં ધોવા દઈએ છીએ?

આપણે કહીએ છીએ કે એનાથી એ ન બને; આપણે માનીએ છીએ કે એનામાં વ્યવસ્થા કરવાની શક્તિ જ નથી. પણ આપણને આંખ જ ક્યાં છે?

અજ્ઞાનનું ઘોર અંધારું આપણી ફરતું ફરી વળ્યું છે.

એના ઉપરના વિશ્વાસથી એને કોઈ વાર આપણે તક આપી છે?

આપણે એને બદલે કદી ખાતાંપીતાં નથી; આપણે એને બદલે ચાલતાં નથી; આપણે એને બદલે રમતાં નથી.

પણ આપણે એને બદલે એનાં વાસણ ઊટકીએ છીએ; એને લૂગડાં પહેરાવીએ છીએ; એને પાટલા નાખી દઈએ છીએ.

આપણને આપણા જોગું કામ કરવાની મના થાય તો? આપણે માટે બધું કામ બીજાં જ કરે તો? આપણે ગુલામ કે શેઠ?

એવી શેઠાઈ આપણે પસંદ કરીએ?

એ શેઠાઈ કે મૃત જીવન?

બાળક તો બધું કરી શકે. નાનાં નાનાં વાસણો ઊટકી શકે; નાની સાવરણીએ વાસીદું વાળી શકે; નાની બહેનને હીંચકો પણ નાખી શકે.

પણ આપણને એ ક્યાં સૂઝ્યું જ છે?

બાળકને યોગ્ય સ્થાન આપીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગનું રાજ્ય સ્થપાય. ઘરમાં દેવો રમવા આવે. દેવોને મૃત્યુલોકમાં અવતરવું પડે.

સ્વર્ગ બાળકના સુખમાં છે.

સ્વર્ગ બાળકની તંદુરસ્તીમાં છે.

સ્વર્ગ બાળકની નિર્દોષ મસ્તીમાં છે.

સ્વર્ગ બાળકનાં ભોળાં ગાન ગુલતાનમાં છે.

❀

# ઘરમાં બાળકે શું કરવું ?

ઘણી વાર પૂછવામાં આવે છે કે "અમારું બાળક બાલ-મંદિરમાં અગર શાળામાં જાય છે ત્યાં સુધી તો તે પ્રવૃત્તિમાં રહે છે; પરંતુ ઘેર આવ્યા પછી તેણે શું કરવું? ઘરમાં ચાલે તેવાં તેને લાયકનાં કામકાજ અમે જાણતાં નથી, ને બાળકને ધંધો નહિ મળવાથી તે કાં તો આળસુ અથવા તો રખડુ, અથવા તો જ્યાં ત્યાં અથડાતું અને ઠપકો-ઠેસ ખાતું થાય છે. અમે જાણવા માગીએ છીએ કે ઘરમાં બાળકે શું કરવું. અમે બાળકને સુખી અને પ્રવૃત્તિશીલ જોવા ઇચ્છીએ છીએ, માટે અમને તે બાબતમાં માર્ગ બતાવો."

આ પ્રશ્નના ઉત્તર રૂપે બાળકો ઘરમાં કેવી કેવી પ્રવૃત્તિઓ કરી શકે તે જણાવવામાં આવ્યું છે.

ઘર બાળક માટે નાનીસૂની દુનિયા નથી. ત્યાં તેને માટે કેટલીયે પ્રવૃત્તિઓ પડી છે. આપણે તે તરફ નજર નાખી નથી. બાળકને તે બતાવી નથી. બાળકે જ્યારે પોતાની મેળે મનગમતી પ્રવૃત્તિઓ શોધી કાઢી છે, ત્યારે ત્યારે અજાણપણે આપણે તેનો વિરોધ કરેલો છે. આપણે તેની કેટલીએક સરસ પ્રવૃત્તિઓને નકામી

કીધેલી છે. કેટલીએક પ્રવૃત્તિઓને દાબી દેવા ધમકી અને શિક્ષા પણ કરેલી છે. પરંતુ તે વાત જવા દઈએ. હવે આપણે ફરી વાર નવે નામે શરૂ કરીએ.

આપણે જરા ઝીણી નજરે જોઈશું તો બાળક કંઈ ને કંઈ કરવા માગતું હશે, કંઈ ને કંઈ કરતું હશે. આપણે જરા વધારે વાર ઊભાં રહીને જોઈશું તો જણાશે કે તે જે કરે છે તે એક ચોક્કસ ક્રિયા છે. તેની પાછળ કંઈ ને કંઈ નિશ્ચિત હેતુ છે. તે હેતુ પાર પાડવા માટે તેના મનમાં કલ્પના છે. તે પોતાની નાની છતાં બળવાન ક્રિયાશક્તિ વડે તે સિદ્ધ કરવા અથાગ મહેનત કરી રહ્યું છે. તેણે પોતાની સર્જક અને કલ્પક બુદ્ધિથી ઘણી વાર લાયક સાધનો-હથિયારો શોધી કાઢ્યાં છે. તે કામમાં તેની અસાધારણ તન્મયતા છે.

આવી પ્રવૃત્તિ તે જ બાળકની ખરી પ્રવૃત્તિ છે. આવી પ્રવૃત્તિને આપણે જોઈ જોઈને બાળકની પ્રવૃત્તિઓની યાદીમાં નોંધી લેવી જોઈએ. બાળક પાસેથી એક વાર જાણવામાં આવેલી પ્રવૃત્તિ જો આપણે તેને આપશું તો તે તુરત જ લેશે; તેમાં તે તલ્લીન થશે; તેમાં કામે લાગી આનંદી અને સુખી થશે.

અત્યારે આપણા ઘરમાં કોઈ વાર આવી પ્રવૃત્તિઓ અચાનક મળી જાય છે તો બાળક દીવો કર્યું દેખાતું નથી; ને કોઈ વાર જ્યારે તે નથી જડતી ત્યારે બાળક પોતે કંટાળીને ફર્યા કરે છે ને જેને આપણે કનડવું કહીએ છીએ તેવું કનડે છે. બાળકો માટેની પ્રવૃત્તિઓ આપણે કાંઈ જોડી કાઢવાની કે ઘડી કાઢવાની નથી. તેમની જ પ્રવૃત્તિઓ આપણે તેમને આપવાની છે. અને આપવી છે એનો અર્થ એ છે કે આપણે તે માટેનાં સાધનો તેમને પૂરાં

પાડવાનાં છે; તે કરવાની જગ્યા આપવાની છે; તેમની આડે આવવાનું નથી. તેમની પાસે પ્રવૃત્તિઓ કરાવ્યા કરવાની નથી; પ્રવૃત્તિઓનું પ્રદર્શન નથી કરવાનું. તેમને તેમની પ્રવૃત્તિઓ કરવા માટે છૂટાં મૂકવાનાં છે.

આવી થોડીએક પ્રવૃત્તિઓ ગણાવીએ.

: ૧ :

## કાગળ અને કાતર

બાળકોને બેઠાં બેઠાં કાગળો કાપવા ગમે છે. સાથે તેઓ કાતર વાપરતાં શીખે છે. આથી આંગળાં અને હાથના સ્નાયુઓ દઢ બને છે. તેઓ ધીમે ધીમે ચોક્કસ આકારો કાપવા લાગે છે. કાપવાની બાબતમાં તેમનો કાબૂ ખૂબ વધે છે.

કાગળ કોરવાનું બીજું કામ છે. કાગળને બેવડો ચોવડો વાળી તેને આજુબાજુ અને વચ્ચે કાપવાથી તેમાં ભાત પડે છે. પછી કાગળ ઉઘાડતાં સુંદર કોરણીની કારીગરીનો દેખાવ મળે છે. આ સુંદર કોરણી જોકે એક રીતે અણધારી થાય છે; એટલે કે એવી જ કોરણી કરવા માટે અગાઉથી બાળકે યોજના કરેલ હોતી નથી; કોરણી આકસ્મિક છે. પરંતુ એવી અનેકવિધ કોરણીઓના નમૂના એક પ્રકારનું ઘટનાઓ (ડિઝાઈન)નું સુંદર પ્રદર્શન છે. તે ડિઝાઈનો જોઈને બાળકને નવી ડિઝાઈનો ચીતરવાનું સૂઝે છે. એવી ડિઝાઈનો સ્વતઃ જ કલાકૃતિઓનું વાતાવરણ છે. બાળક આગળ જતાં એવી કોરણીમાં પ્રવર્તતા નિયમો પકડી લેશે ત્યારે તે યોજનાપૂર્વકની કોરણી પણ કરી શકશે. એ બધી કોરણીઓનો એક સંગ્રહ (આલ્બમ) બનાવી શકાય. કોરા કાગળો પર તે બધી ચોટાડીને રાખી શકાય.

વળી કાતરથી બાળક ઘરમાં પડેલાં નકામાં છાપાં વગેરેમાંથી

ચિત્રો કાપી કાઢે. ચિત્રોમાં બોર્ડરો, જાતજાતના અક્ષરો વગેરે પણ આવી શકે. આ બધાંને ભેગાં કરી બાળક એક સંગ્રહ કરે. દર મહિને એવો સંગ્રહ બાંધી આપીએ એટલે બાળકનું ચિત્રસંગ્રહાલય બને. આ પ્રવૃત્તિ માટે બાળકને કાતર, ગુંદરની એક વાટકી, દાતણની અગર કોઈ બીજી પીંછી, કાગળો અને ચોપાનિયાં આપવાં. આ બધાં સાથે કચરો નાખવાની એક ટોપલી અને હાથ લૂછવા એક લૂગડાનો ટુકડો અવશ્ય આપીએ.

: ૨ :

## દીવાસળીનાં બાકસો : ખાલી અને ભરેલાં

બાળકો બન્ને જાતનાં બાકસોથી કામ કરે છે. નાનું બાળક ભરેલા બાકસની દીવાસળીઓ બહાર કાઢી તે ભર્યા કરશે; પાછું તે ઠાલવીને ફરી ભરશે. એની આ રમત ઘણો વખત ચાલશે. નાના બાળકને આ રમત સુંદર કેળવણી આપે છે; આંખને સ્થિર કરે છે, હાથ કાબૂમાં આવે છે ને એકાગ્રતા કસાય છે.

ખાલી બાકસોની પ્રવૃત્તિઓમાં બાકસ ઉઘાડવું અને બંધ કરવું એ એક પ્રવૃત્તિ છે. આંખ અને હાથના સ્નાયુઓને તે વ્યાયામ આપે છે.

વળી બાકસોના બંગલા બાંધી શકાય છે. બંગલા એટલે જાતજાતની ગોઠવણી; જેવી કે દીવાલ, ચોતરો, કૂવો, તળાવ, રેલગાડી વગેરે. દીવાલો કેટલાયે પ્રકારની બની શકે છે. ઘરમાંથી બાકસો મળી શકે છે, અગર તે સહેલાઈથી મેળવી શકાશે. એક નાની એવી બાકસો મૂકવાની પેટી અને બેસીને બંગલા કરવા માટે એકાદ આસન બાળકને આપો; પછી તમે તેનાથી તેને કામ કરતું જ જોશો.

: ૩ :

## લાકડાની ઈંટો અને ઘનો

આ સાધનો અતિ મહત્ત્વનાં છે. લાકડાની ઈંટો કે ઘનોથી બાળકો મિનારા, દીવાલો, ઘરો, કૂવા, વાવ, તળાવ વગેરે સ્થાપત્યને લગતા ઘણા આકારો બનાવે છે. એક દીવાલ બનાવવામાં કેટલીય જાત રચે છે. ઉપરાંત ઈંટો કે ઘનોને જમીન પર ગોઠવી જાતજાતની આકૃતિઓ ઉપજાવે છે. બાળક આ પેટી વાપરવામાં ખૂબ મજા લે છે. તેનો આત્મા નાના રૂપે છતાં સંપૂર્ણ કલ્પનાથી રચનાઓ રચે છે. કલાત્મક સર્જન માટે આ પ્રવૃત્તિ સુંદર અને ઉપકારક છે. એક અથવા બે કે તેથી વધારે બાળકો ભેગાં મળી આ સાધનો વાપરે છે. ઈંટોની એક પેટી અને ઘનોની એક પેટી બાળકને પાથરણા સાથે આપવી.

: ૪ :

## ચિત્રો : જોવાં અને કાઢવાં

બાળકોને લાંબો વખત પ્રવૃત્તિ આપે એવાં કામોમાં ચિત્રો જોવાં અને કાઢવાં એ છે. દરેક ઘરમાં થોડાંએક ચિત્રો વસાવવાં. તેમાં પોસ્ટકાર્ડ ચિત્રો ખાસ હોય. આ ચિત્રોમાં બાળકોને ગમે તેવા વિષયો પસંદ કરવાઃ જેમ કે પશુપક્ષીનાં કાર્ડો, પતંગિયાનાં, બજારનાં, તેમ જ હંમેશ આસપાસ બનતા બનાવોનાં ચિત્રો, માબાપો ચિત્રો ખરીદી ન શકે તો તેઓ રખડતાં રઝળતાં છાપાંઓનાં પૂઠાંઓ પરથી તેમજ અંદરથી ચિત્રો મેળવી શકે છે. આ ચિત્રો બરાબર જોઈએ તેવાં તો નથી હોતાં, પણ બાળકોને ચાલી શકે તેવાં હોય છે. નહિ મામા કરતાં કહેણો મામો શો ખરાબ? એવો હિસાબ આમાં છે. આપણે ચિત્રો એકઠાં કરવાની બાબતમાં જરાએક નજર કેળવીએ તો ઘણું ઘણું મળી રહેશે. કોઈ

સ્થળેથી રંગીન આકાશ તો કોઈ સ્થળેથી રંગીન દેખાવો; જાહેરખબરનાં કાગળિયામાંથી પણ કાપી કોરીને ચિત્રો ભેગાં કરી શકાય. આ બધાં ચિત્રોનાં આલ્બમ કરી રાખ્યાં હોય તો વધારે સારું. બાળકો ચિત્રો જોઈ ઉડાડી દે અગર તેને ગમે તેમ ફેંકે તેના કરતાં તે ન જુએ એ જ સારું. કલાનું અપમાન કરીને માણસ કલાની દૃષ્ટિ ન જ મેળવી શકે. આપણે બાળકોને ચિત્રો આપીએ તેની સાથે જ તે માટેની કાળજી અને માન આપીએ. માટે જ ચિત્રો સાથે તેને રાખવાની જગા આપવી. ભલે મફત મળેલા કે રસ્તે ઊડતા કાગળોમાંથી ચિત્રો મેળવ્યાં હોય, પણ આપણા અને બાળકના મને તે કલાકૃતિઓ છે એમ રહેવું જોઈએ. પૈસા આપીએ તે કલા, ને ન આપીએ તે ચીંથરું, એવું ઘણી વાર કલા તરફની આપણી વર્તવાની રીત પરથી લોકો અને બાળકો સમજે છે. એ રીત કલાનું ખૂન કરનારી છે, માટે તે આપણામાં ત્યાજ્ય જોઈએ.

ચિત્રોનું સાહિત્ય સંપત્તિ પ્રમાણે વસાવીએ. પરંતુ તે સઘળું બાળકોને એકાએક ન આપવું; થોડું થોડું આપવું. રસ વધતો જાય તેમ આપવું; ફરી ફરીને આપવું. બાળક તે જુદે જુદે વખતે જુદી જુદી અને નવી નવી દૃષ્ટિથી જોશે.

ચિત્રો જોવાની આ વાત સાથે સ્ટીરીઓ સ્કોપનાં ચિત્રો ગણી લેવાનાં છે.

જેમ ચિત્રો જોવાની એક આનંદદાયક અને વિકાસક પ્રવૃત્તિ છે તેમ જ ચિત્રો કાઢવાની પ્રવૃત્તિ પણ તેવી જ છે. બાળકો પણ ચિત્રો કાઢી શકે છે; પરંતુ તે ચિત્રો તેમને હિસાબે છે, મોટા ચિત્રકારોના હિસાબે નહિ જ. પણ જો એ બાલચિત્રો બાળકોને રોકી રાખે, એમને આનંદ આપે અને એક પગલું આગળ વધારે તો તે મહામૂલ્ય કૃતિઓ જ છે. મનુષ્ય પોતાના વિકાસની કક્ષાએ

આડું-પાતળું જે સર્જન કરે છે તે જ તેને માટે અદ્ભુત અને ભવ્ય, સંપૂર્ણ અને સુંદર સર્જન છે. આ દૃષ્ટિએ બાળકોના લીટા એ ચિત્રો છે. બાળકોનાં ઢંગધડા વિનાનાં કાગડા અને ગાયનાં બે લીટા અને ટપકાંથી કાઢેલાં ચિત્રો પણ ચિત્રો જ છે.

બાળકોને કાળું પાટિયું ને ધોળા અગર રંગીન પરંતુ સારા અને હાથ ન બગડે તેવા ચાક આપવા. આગળ જતાં રંગીન પેન્સિલો અને કાગળના ટુકડા આપવા.

ગરીબ ઘરમાં બાળકો ગાર કરેલી જમીન પર ચાકથી લીટા કાઢે. મા વખત લઈને બે ચાર દિવસે જમીન લીંપી નાખે.

ચાક, પાટિયું, કાગળ અને પેન્સિલો એવું કશુંય ન મળે ત્યાં બાળકોને ફળિયામાં ધૂળમાં લીટા અને ચિત્રો કાઢવાની અવશ્ય છૂટ જોઈએ. ગામડાંઓમાં ધૂળમાં લીટાથી ઘણી જાતનાં ચિત્રો થાય છે; જેમ કે હાટડી, સાથિયા વગેરે વગેરે.

બાળકોને સાહિત્ય આપવું. તેઓને જે કાઢવું હોય તે કાઢવા દેવું. ભૂલ ન કાઢવી. કાઢેલાં ચિત્રો ભેગાં કરી કોઈ નજીકની ચિત્રશાળા અગર શિક્ષણસંસ્થા પર મોકલવાં અને અભિપ્રાય માગવા. સૂચનાઓ મળ્યા પ્રમાણે કામ આગળ લેવું.

: ૫ :

## માટીનાં રમકડાં

બાળકોને માટીનાં રમકડાં રમવાની છૂટ આપવી. ચોમાસામાં ગારો તૈયાર હોય છે; બીજી ઋતુઓમાં ખેતરની ને છેવટે શેરીની કે ફળિયાની ધૂળનો ગારો વાપરવા દેવો. જરા ખર્ચ કરીને ભૂતડો કે લાલ પીળી માટી પણ આ કામમાં વાપરી શકાય.

જેઓ પૈસા ખર્ચી શકે છે તેઓ રીતસરની માટી (clay) જ મંગાવે; તેઓ પ્લેસ્ટીસીન પણ મંગાવે.

બાળકોને એકાદ વાસણ માટી ભરવા આપવું. રમકડાં બનાવવા માટે એક પાટિયું, હાથ ધોવા માટે બાલદી ભરી પાણી ને લૂગડાનો એક કટકો એટલાં વાનાં આપવાં.

તેમને પહેરણની બાંયો કેમ ચડાવવી, કેમ બેસવું, હાથ કેમ ધોવા તે પણ કરી બતાવવું.

તેઓ જેવાં રમકડાં બનાવે તેવાં બનાવવા દેવાં. તેઓ ઘણી જાતના આકારો કરશે જ. તેઓ પોતાને ગમતી વસ્તુઓ બનાવશે; ને કેટલીએક વસ્તુઓનાં ગારામાં બીબાં પણ પાડશે. (impress કરશે.)

ગારાથી ઈંટો પાડવાનો રસ્તો પહેલી તકે બતાવવો. સુતાર પાસે લાકડાનું એક ચોકઠું કરાવી શકીએ. જે ઘરોને મોટું કમ્પાઉન્ડ હોય ત્યાં ઈંટો પાડવાનુ કામ બાળકો કરે.

ગારાનો કરેલો બધો સામાન આપણે નીંભાડો નાખી કોઈ કોઈ વાર પકવી દઈએ.

બાળકોએ કરેલાં ગારાનાં મામૂલી રમકડાંઓને આપણે ખંતથી બાલસંગ્રહસ્થાનમાં મુકાવીએ. માટીકામ એક સર્જકપ્રવૃત્તિ છે. તેનાથી હાથના સ્નાયુઓ ખાસ કરીને કેળવાય છે. બાળકનું અવલોકન કેવા વિષયોમાં છે તે જણાય છે. બાળકો પોતાની મનોવૃત્તિ પોતાની કૃતિઓ અને રમતોમાં પ્રગટ કરે છે, તે આપણે અહીં પણ જોઈ શકીશું.

## : ૬ :

## ટાંકણીઓ અને કાગળ

બાળકો ટાંકણીઓથી જાતજાતની પ્રવૃત્તિઓ કરે છે. પીનકુશન-ટાંકણી ભરાવવાની ગાદીમાંથી ટાંકણીઓ કાઢીને તેને પાછી ભરાવી દેવાનું સૌથી નાનાં બાળકોને ખાસ રુચે છે. જરા

મોટાં બાળકો ટાંકણીઓથી કાગળમાં કાણાં પાડી તેમાં આકારો બનાવે છે.

ટાંકણીઓથી ગણવાનું કામ પણ ચાલે છે. ટાંકણીઓને જુદી જુદી રીતે ગોઠવી તેની ઘટનાઓ (designs) પણ થઈ શકે છે.

એક પ્યાલો, પીનકુશન ને જરા જાડા કાગળ, આટલાં વાનાં બાળકને આપવાં.

: ૭ :

### લૂગડાના ટુકડા

નાનાં બાળકોને ખાસ કરીને નાના નાના લૂગડાના કટકા આપવાથી તેઓ તેને રૂમાલ પેઠે સંકેલવાનું કામ ઘણો લાંબો વખત કરે છે. હાથે કરવાની બીજી ક્રિયા જેટલો જ તેનાથી પણ તેમને લાભ થાય છે. કેટલાએક કટકા એક પેટીમાં કે પોટકીમાં આપવા. કટકા રંગબેરંગી હોય તો વધારે સારું. કટકા રૂમાલના કદના જોઈએ. કટકા ગંદા તો ન જ જોઈએ; ગંદા થતાં તે ધોવાઈ જવા જોઈએ.

: ૮ :

### મંદિરની પેટી અથવા દેવઘર

બાળકોને ઘર ઘર રમવું ગમે છે એમ જોવામાં આવે છે. તે રમતમાં આજનાં સામાજિક અનિષ્ટો પેસી જાય છે: જેમ કે રડવું, કૂટવું, સંસારજીવન વગેરે; માટે તેને બદલે તેમની રમતની વૃત્તિને તૃપ્તિ મળે તથા તેમને પ્રવૃત્તિ મળે તે માટે મંદિરની પેટી આપવી. આ મંદિરની પેટી એટલે સુંદર કલાપૂર્ણ ગોઠવણ થઈ શકે તેવાં સાધનો. જેમ કે નાનાં નાનાં તાંબાપીતળનાં વાસણ, છબીઓ, ગાદીઓ, મહુવાનાં કે એવાં લાકડાનાં કે દાંતનાં સારાં

રમકડાં વગેરે વગેરે. આ બધું બાળક ગોઠવે. વચ્ચે ઠીક લાગે તો દેવ રૂપે કંઈ મૂકે. ત્યાં ધૂપ કરે, દીવો કરે, ફૂલો પાથરે. શાંતિથી બેસે, સૌને બોલાવે બેસારે, પ્રાર્થના કરે અને કરાવે. આ એક રીતે દેવઘરની રમત પણ કહેવાય. આમાં ધાર્મિકતા વધારવાનો હેતુ ન જ હોય. કોઈ અમસ્તી ગોઠવણ પણ કરે. માબાપ જરાયે આડાં ન આવે કે સૂચના ન કરે; બાળકોને મરજી હોય તો પ્રાર્થના કરે; ગમે તે કરે. ભલે કરે. બાળકો આ જગાએ ઘર ઘરની કે ઢીંગલી ઢીંગલીની રમત બેસારે તો માબાપ તેનો નકાર કરે.

એક પેટી કે ટાંકું હોય તેમાં આ બધી ચીજો રહે. એક અથવા એકથી વધારે બાળકો આ પ્રવૃત્તિ કરે.

: ૯ :

### બાગકામ

નાનાં બાળકોની એક મહત્ત્વની પ્રવૃત્તિ તે ઝાડ ઉછેરવાની છે. તેઓ નાની ઉમરે પોતાનાં કૂંડાં સાચવી શકે. ફળિયામાં ક્યારા કરી આપ્યા હોય તો બી રોપવાથી માંડી છોડને ઉછેરી શકે. તેઓ મોટાં ઝાડોને પાણી પાઈ શકે.

તેમને માટે પાણી પાવાનાં તથા ખોદવા માટેનાં તેમના હાથમાં રહે તેવાં ને ફાવે તેવાં હથિયારો આપવાં. તેમને ઘરના આંગણામાં થોડીએક છૂટી જગા આપવી; થોડાએક ઘઉં, જુવાર અને મળે તો ફૂલઝાડનાં ને એવાં બિયાં આપવાં. તેમને તેમની ઢબે બાગ કરવા દેવો. આમ વાવશે તો ઊગશે ને નહિતર નહિ ઊગે વગેરે જાતની પડ્યા ન કરતાં આપણી દૃષ્ટિએ થોડાંએક બિયાં બગડે તો બગડવા દેવાં. જેમ જેમ અનુભવ થશે તેમ તેમ તેઓને તે કામમાં સમજ પડશે. તેમનું વાવેલું એક બિયું પણ ઊગશે તો પણ તેમને મન તે ઉત્સવ સમાન થશે.

તેઓ ઉત્સાહથી કામે લાગ્યાં હશે ત્યારે મજા આવશે. નાના હાથો નાની પ્રવૃત્તિને પૂર્ણ ગંભીરતાથી - સંપૂર્ણ ક્રિયાબળથી કરી રહ્યા હશે. તેમના મ્હોં પર પરસેવાનાં ટીપાં અથવા લાલી દેખાશે. તેઓ એકાગ્ર ને પ્રસન્ન હશે. જેમ આપણે આપણી કોઈ ઈષ્ટ પ્રવૃત્તિમાં તલ્લીન હોઈએ છીએ ત્યારે જેવાં દેખાઈએ છીએ તેવાં તેઓ દેખાશે.

હથિયારો કેમ વાપરવાં, ક્યાં મૂકવાં ને વ્યવસ્થા ને સ્વચ્છતા કેમ રાખવી વગેરે તેમને આગમચથી બતાવવું.

## : ૧૦ :

## પ્રાણીઓ પાળવાં

બાળકો માટે આ કામ સરસ છે. શેરીમાં બાળકો કૂતરાંને અને કુરકુરિયાંને રમાડે છે - તે આપણે જાણીએ છીએ. તેઓને તેમાં ગમ્મત આવે છે તેનો આપણને જાતઅનુભવ છે. બાળકોને કુરકુરિયાં, બચોળિયાં, નાનાં ભાઈબહેન, એ બધાં જીવન્ત મિત્રોની ઉપર બહુ પ્રેમ આવે છે. તેઓ તેમને ખવડાવે પિવડાવે છે, રમાડે છે, છાતી સરસાં રાખે છે, તેમને ભેગાં સુવાડે છે, તેમની સાથે હસે બોલે છે, ને તેમના સુખે સુખી અને તેમના દુઃખે દુઃખી થાય છે. બાળકોની એ જીવન્ત સૃષ્ટિ છે. બાળકો તેમની સાથે ઊછરે છે. તેમની વચ્ચે રહી પ્રેમ કેળવે છે. તેમના પરિચયથી ઘણો અનુભવ મેળવે છે. પોતે તેમને ખવરાવવા પિવરાવવામાં ઉદ્યોગી રહે છે. બાળકોને આ જીવન્ત વાતાવરણ તેમના વિકાસ માટે અવશ્ય મળવું જોઈએ.

જો આપણે ગાયો ને વાછરડાંની મૈત્રી બાળકોને આપી શકતાં હોઈએ તો પ્રાણીપરિચય માટે તે સર્વોત્તમ સાધન થાય. તેના અભાવે કૂતરું બિલાડું આપણે પાળીએ. ઘરમાં કોઈ પક્ષી

રાખી શકાય તો વધારે સારું. મતલબ કે બાળકને પ્રાણીપરિચય લાભદાયક છે, ને તે સ્વતઃ એક પ્રવૃત્તિ છે. બાળક તેને સાચવવામાં, તેને ખવરાવવા પિવરાવવામાં ને તેની સાથે જીવન જીવવામાં ઘણું રોકાય છે.

: ૧૧ :

## નાટકો કરવાં

કદાચ આપણામાંનાં ઘણાંઓએ નાનપણમાં નાટકો કર્યાં હશે. એમાંનાં કોઈ કોઈએ એ કામ સાથે કાયમનો સંબંધ બાંધ્યો હશે; કોઈ નાટક કંપનીના મેનેજર, કોઈ એક્ટર, કોઈ ગાયક, કોઈ લેખક, કોઈ નાટકવિવેચક, કોઈ એમેચ્યોર નટ, કોઈ સિનેમા એક્ટર, કોઈ સિનેમા ફિલ્મ લેનાર, વગેરે બન્યા હશે. મતલબ કે નાટક કરવાનું બાળકોને ગમે છે. નાટક કરીને પ્રમુખતઃ બાળકો પોતાની અભિનય કરવાની વૃત્તિને વેગ અને સંતોષ આપે છે. અભિનય એ કલા છે; મનુષ્યનો કલાપ્રિય સ્વભાવ એ દ્વારા પ્રગટ થાય છે. આ વૃત્તિ સહજ છે, ને તેને વિકાસમાં સ્થાન છે.

બાળકોનાં નાટકો એટલે જે જે જોયું તે ભજવવું-કરી બતાવવું. છેક નાનાં બાળકો ઘર ઘર રમવામાં એક જાતનું નાટક જ કરે છે; પરંતુ તેની સાથે જ્યારે અનિષ્ટ અંશો જોડાય છે ત્યારે આપણે આજે ઘર ઘરની રમતોનો નિષેધ કરીએ છીએ.

બાળકોએ નાટકો જોયાં હશે એટલે તેઓ તેવાં નાટકો કરવા જશે. ત્યાર પછી તો વાંચેલાં નાટકો પણ ભજવવાની મરજી કરશે. આપણે તેમને નિર્દોષ નાટકો બતાવીએ તો નાટકની પ્રવૃત્તિને અનુકૂળતા મળે.

આપણે ઘરમાં નાટક કરવાની મના કરીએ છીએ, કારણ કે ઘણાંઓ નાટક કરવાનું ખરાબ ગણે છે. તેમાં કશું ખરાબ નથી.

દુનિયામાં નાટક કરનારા અને નાટકનું વસ્તુ (પ્લૉટ) ખરાબ હોઈ શકે છે; નાટક જોનારાંઓ નાટકનો ખરાબ ઉપયોગ કરી શકે છે. પરંતુ નાટક સ્વતઃ ઉપર કહ્યું તેમ એક કલા છે ને તેથી તે નિર્મળ છે, એટલું જ નહિ પણ મનુષ્યને ગતિ આપનાર છે. તે જ્યારે હલકા માણસના હાથમાં પડે છે ત્યારે જરૂર ત્યાજ્ય છે. અને તેવું તો બધી સારી બાબતો પરત્વે છે. એટલે આપણે નાટક કરવાની ના ન પાડીએ, પણ ઊલટું તેમાં આપણે જાતે ભાગ લઈને નિર્દોષ અને બળવાન નાટકો કેવાં થાય છે તે બતાવીએ. બાળકો નાટક કરે; ભલે કરે. તેમનાં નાટકોનું વસ્તુ જોતા રહેવું. તેમના વિનોદો બહારના કારણે ગ્રામ્યતા (vulgarity) તરફ ન જાય તે જોવું; તેમનાં યુદ્ધો શેરીમાંથી મળેલ વાતાવરણને લીધે ગુંડાની મારામારી ન બને તે જોવું. તેમનાં નાટકો એટલે અભિનયને બદલે સીનસિનેરી ન થાય તે જોવું. એટલે તે માટે તેવું સારું વસ્તુ તેમને બતાવવું. સારું વસ્તુ બતાવવું અને અયોગ્ય વસ્તુનો અભાવ પેદા કરવો.

ઘરમાં નાટક કરવાને માટે ઓશરી એ રંગભૂમિ છે. ધોળા દિવસે તડકો કે ચાંદની એ રોશની છે. અંધારી રાતે એક બત્તી તે કિટસન કે વીજળીનો પ્રકાશ છે. ઘરનાં બારણાં એ પડદાઓ છે. ઘરમાંથી બહાર જવું ને બહારથી ઘરમાં જવું; અગર અગાશીમાંથી દીવાનખાનામાં ને દીવાનખાનામાંથી અગાશીમાં જવું. ઘરમાં જે હંમેશનાં વપરાશનાં સાધનો છે તે પાત્રોના ડ્રેસ છે. બાનો સાડલો ઘડીકમાં સાફો, ઘડીકમાં દુશાલો, ઘડીકમાં ખેસ ને ઘડીકમાં કેડે બાંધવાની ભેટ થઈ જાય; બાપાની લાકડી એક વાર શેઠની લાકડી, બીજી વાર પોલીસની બંદૂક, ત્રીજી વાર મહેતાજીની સોટી અને ચોથી વાર લડાઈની તલવાર બની રહે. પોતાનાં લૂગડાં જુદી જુદી રીતે પહેરીને નવા નવા વેશો દેખાડી શકાય. ખરાબ રીતે કપડાં

પહેર્યાં એટલે ગાંડા બન્યા; ફાટલતૂટલ ઢસરડા દેખાય એમ પહેર્યાં એટલે ભિખારી ને બરાબર તાલમેલથી પહેર્યાં એટલે છેલબટાઉ. એ સિવાય ઘરમાં રસોડાનાં વાસણો ને એવું ઘણું હોય છે; તેમાંથી કેટલાંયે સાધનો થઈ પડે. શરીરની ચામડીનો રંગ બદલવા આછી જાડી રાખ ભૂંસી એટલે બધા પાઉડરો આવી ગયા!

આમ કરતાં શીખવાથી સીનસિનેરી ગૌણ છે એમ સમજાય છે. સીનસિનેરી ગમે તેમાંથી ઉપજાવી લેવામાં બુદ્ધિનું કૌશલ કેળવાય છે. આમ કરવામાં હાજરજવાબી (resourcefulness) છે. ખરી વાત અભિનય છે; અભિનય નવ્વાણું ટકા બરાબર થયો એટલે તે તેના બળથી ડ્રેસ વગેરેને અનુકૂળ બનાવી દેશે. વળી નાટકોની કિંમત આપણે આત્મબળથી આંકવી છે એટલે તેને કદી પણ બહારનાં સીનસિનેરીથી ઢાંકવાં નહિ. નાટક ઘરમાં ચલાવવાં. કશું નવું વસાવવું નહિ; કશું ખાસ કરવું નહિ. નાટક કરવાનું મન થયું એટલે નાટક ચાલે. બાળકો નક્કી કરે કે કયું નાટક કરવું છે. સૌને પ્લૉટ ધ્યાનમાં હોય. તેઓ કોઈ નાટક ગોખી રાખે જ નહિ. નાટક ગોખ્યા વિના થાય એવું જાણતાં બાળકોને ભારે ગમ્મત આવશે. માથાઝીંક મટી જશે; ચાલતે નાટકે થાય છે તેવો ટેબલો નહિ થાય; પ્રૉમ્પ્ટર અને રિહર્સલ ઊડી જશે; ને ગમે તે વખતે ભળતું, બંધબેસતું, વધતુંઘટતું બોલીને પતાવવાની અને વખતસરની ખૂબી ઊભી કરવાની તક મળશે. નાટકના શબ્દોના ગોખેલાં ચોકઠાંમાં જ ચાલવાથી અભિનયને રોકાઈ રહેવું પડે છે તે નહિ બને.

ઘરમાં આ રીતે બાળકો નાટક કર્યા કરે. આપણે સાંભળવું જ જોઈએ એમ કોઈ ન માને. ઘરમાં ચલાવવા જેવી આ એક મજાની પ્રવૃત્તિ છે.

: ૧૨ :

## મિકેનો વગેરે

મિકેનો અને એવી રમતો કે સાધનો કે જે વાપરવાથી બાળકોમાં યાંત્રિક બુદ્ધિ અને આવડત વધે છે, તેવાં સાધનો ઘરમાં વસાવવાં. આવાં સાધનો મધ્યમ વર્ગ માટે મોંઘાં પડે તેમ હોય તો તેમણે તે જતાં કરવાં. અથવા બે ચાર પાડોશીઓ મળી એવાં સાધનો સૌને માટે ભેગાં વસાવે અને અમુક એક ઘરમાં તે રાખે, ને ત્યાં બાળકો આવીને તે વાપરે. જોકે બાળકો તો ભેગાં રહીને વાપરશે અને તેનો આનંદ લેશે, પરંતુ માબાપો તેમાંથી લડવાનું નહિ શોધે એની ખાતરી નથી. ભેગાં ચાલી શકે તેમ હોય તો જ આ પ્રયોગ કરવો.

મિકેનો કે એવાં સાધનો સાથે જોઈતી એકાંત જગા અને બેઠક પૂરાં પાડવાં. ખાસ કરીને જે બાળકને આવી બાબતનો શોખ છે તે તો આ પ્રવૃત્તિને મીઠા ભોજન રૂપે સ્વીકારશે.

: ૧૩ :

## ફૂલો અને પાંદડાં એકઠાં કરવાં

બાળકોને શોધવું, એકઠું કરવું અને મૂકવું ગમે છે. અર્થાત્ બાળકમાં સંગ્રહ-સંચય કરવાની વૃત્તિ (collecting spirit) સારી છે. એ વૃત્તિ એટલે મ્યૂઝિયમ સ્પિરિટ-વસ્તુસંચય વૃત્તિ. બાળકો પોતે પોતાની આસપાસની દુનિયામાંથી પદાર્થોમાંથી જે જ્ઞાન મેળવે છે તે જ્ઞાન એવું ને એવું પોતાની સામે મૂકવા પણ સંગ્રહો કરે છે. એમ પણ કહેવાય છે કે આમાં બાળકની પ્રાથમિક કાળની પરિગ્રહ (possessive) વૃત્તિની સદ્ગતિ કે ઉચ્ચ ગતિ રહેલી છે.

બાળકોને પોતાની આસપાસની દુનિયા જોવા અને તેમાંથી

ઠીક લાગે તે ભેગું કરવા છોડી મૂકવાં. તેઓ જે એકઠું કરે તે વધાવી લઈએ. તેમાં બકરાની લીંડીઓ અને કાચના કટકા પણ આવશે. પરંતુ આજે જે વસ્તુઓ સામે જોઈને આપણે હસીએ છીએ તે જ વસ્તુઓ આપણે નાનપણમાં ધારી ધારીને જોઈ છે; તે કેવી છે તે બધી ઈન્દ્રિયોથી જાણવા મહેનત કરી છે; વખત ગાળી તેને વિષે જ્ઞાન મેળવ્યા પછી જ આજે તેને નકામી કરી દીધી છે. પણ એમ તો જેમ જેમ આપણે આગળ વધીએ તેમ તેમ નકામું છોડતાં જઈએ છીએ; અને તેથી પાછળનાંઓ નકામું પડતાં છોડી દેશે એવી જાતઅનુભવની ખાતરીથી જ તેમને તે લેવા-એકઠું કરવા દઈએ.

ભેગું કરેલું સરસ રીતે ગોઠવી તેઓ કલાદષ્ટિ કેળવશે. ભેગી કરેલી વસ્તુઓને સાચવીને મૂકવાની અનુકૂળતા આપણે તેમને કરી આપીએ.

ફૂલો અને પાંદડાંને ખાસ રીતે એકઠાં કરવાનું બતાવી શકીએ. બાળકો ફૂલો અને પાંદડાં લાવીને ચોપડીમાં દબાવીને મૂકી દે. તેઓને વસ્પતિનો આ રીતે પણ ઠીક પરિચય થશે. ચિત્ર માટે આ નમૂના કામમાં આવે; શણગાર રૂપે આ નમૂનાને વાપરી શકાય.

: ૧૪ :

## રેતીનો ઢગલો

આંગણા સામે રેતીનો ઢગલો એટલે પ્રવૃત્તિઓની શાળા. બાળકોને ત્યાં જવા દેવાં. કૂવા, બાગ, રસ્તા, ગઢ, ડુંગરા વગેરે છૂટથી કરવા દેવાં. માથામાં રેતી ન ભરાય તે બતાવવું. રેતીવાળા હાથ ધોવાને માટે પાણીની જગા આપી દેવી. રેતીમાં રમવાથી કપડાં મેલાં થતાં હોય તો માત્ર ચડ્ડી જ પહેરાવવી.

રેતીની અંદર ઘણું કામ બાળકો કરે છે તેની ખાતરી નજરે જોઈને કરવી. રેતીનો ઢગલો ફળિયું હોય તો અને પોસાય તો જરૂર આપો. બે ગાડાં રેતી બસ છે, એટલે દોઢ રૂપિયો બેસશે. જોકે શહેરમાં આ નહિ બની શકે.

ઉપર વર્ણવેલી પ્રવૃત્તિઓ જેવી જ બીજી ઘણી પ્રવૃત્તિઓ છે જેવી કે સિક્કા સાફ કરવા, રંગોળી પૂરવી, તકલી ચલાવવી, વાળવું ચોળવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં, વાંચવું, લખવું વગેરે વગેરે. એવી બધી પ્રવૃત્તિઓને ઘરમાં સ્થાન છે.

*

આપણે ઉપલી યાદી વાંચીને તે પ્રમાણે ઝટઝટ પ્રવૃત્તિ ગોઠવી દેવાથી નહિ ચાલે. તે બાબતમાં થોડોએક વિચાર કરી લેવો પડશે. આપણે બાળકોની રમતો (games) અને પ્રવૃત્તિઓ (activities) બેને જુદાં સમજવાં. ઘરમાં બાળકો ઘણી જાતની રમતો રમી શકે; જેમ કે ચલકચલાણું, ગણગણ બોશલો, ગંજીપો, ચોપાટ વગેરે. બાળક એકલું પણ રમે ને બીજાં સાથે પણ રમે. રમતો બધી આનંદ-આરામ માટે છે; એનો મુખ્ય હેતુ આનંદ કરવાનો છે. જ્યારે ઉપર વર્ણવેલી બધી પ્રવૃત્તિઓ છે, ને પ્રવૃત્તિઓનો પ્રધાન આત્મા સર્જન(creativity) છે. તે કરવાનું બાળકને મન રમતરૂપ છે; છતાં તે રમત (game) નથી. રમતમાં કંઈક કરવાનું હોય છે; ક્રિયા છે. સાત ટાપલિયા દાવમાં દોડવાનું છે, છતાં દોડવું એ એનો ઉદ્દેશ નથી; દોડીને હાથ ન આવવું કે ન પકડાવું એ ઉદ્દેશ છે. આથી ક્રિયા રમતમાં અંતર્ગત છે. ઝાડને પાણી પાવું એ ક્રિયા છે; તેનો હેતુ તે ક્રિયા જ કરવાનો છે, અર્થાત્ ઝાડને પાણી પાવાનો છે. ત્યાં ક્રિયા અને હેતુ એક છે. અહીં ઝાડને પાણી પાવાને એક ક્રિયા અર્થાત્ પ્રવૃત્તિ કહેલ છે.

આ લેખ આ અર્થમાં રમતો અને પ્રવૃત્તિમાં તફાવત પાડે છે. 'ઘરની રમતો' એ વિષય જુદો લખી શકાય. આ તફાવત સમજીને જ ઘરની જુદી જુદી પ્રવૃત્તિઓ ગોઠવવી.

બીજી વાત એ સમજવા જેવી છે કે બાળકો માટે દરેકેદરેક ઘરમાં આવી બધી પ્રવૃત્તિઓ વસાવવાની ન હોય. બધાં ઘરો બધી પ્રવૃત્તિ દાખલ ન જ કરી શકે. માટે સાધન, સંપત્તિ, સગવડ વગેરે ધ્યાનમાં લઈ બને તેટલી પ્રવૃત્તિઓને માટે ગોઠવણ કરી આપવી. શ્રીમંત ઘરોમાં બધી જાતની પ્રવૃત્તિઓ શક્ય કરી શકાય; પરંતુ તેમ શક્ય કર્યા પછી તે બધી બાળકે કરવી જ જોઈએ એ વહેમમાં ન પડવું. બાળકને માટે શ્રીમંતને ત્યાં ખોરાકના ઢગલેઢગલા હોય તેથી જેમ તેણે કાંઈ બધું ખાઈ ન નખાય, તેમ પ્રવૃત્તિઓની બાબતમાં છે. આજે જ્યાં તે અત્યંત વધી પડે ત્યાં બાળકને તેનું અજીર્ણ ન થવું જોઈએ. બાળકને માટે પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિને માટે બાળક નથી. બાળકને પ્રવૃત્તિ વિના પડ્યું રહેવું પડતું નથી; તેને બીજું ઘણું કરવાનું છે જેથી આમાંનું ઘણું તે કરે તો કશી ફિકર નથી. મતલબે પ્રવૃત્તિ કરવા માટે બાળકને અનુકૂળતા કરી આપવાની છે; તે કરવાની ફરજ મૂકવાની નથી. બાળક જે કરે તે રાજીખુશીથી કરે.

જે જે પ્રવૃત્તિની આપણે બાળકને વ્યવસ્થા કરી આપીએ તે તે પ્રવૃત્તિ બાળક શાંતિથી કરે, વચ્ચે દખલગીરી વગેરે ન થાય, તે ખાસ જોવું. તે માટે અલાયદી જગા અપાય તો સારું. ઘણી પ્રવૃત્તિઓ રાખીને એકેયને માટે વ્યવસ્થા ન હોય, તેને બદલે એક જ-માત્ર એક જ વ્યવસ્થિત પ્રવૃત્તિ ઘણી ઉપકારક થશે.

પ્રવૃત્તિઓ ગોઠવવામાં ઉપરની યાદી માર્ગદર્શક છે. જેઓ વૈજ્ઞાનિક બાબતમાં કે વનસ્પતિના વિષયમાં સમજતા હોય તેઓ

તે તે વિષયમાંથી ઉપરને ધોરણે પ્રવૃત્તિઓ યોજી શકે. મારા ટૂંકા અનુભવ અને અલ્પ જ્ઞાનમાંથી ઉપલી યાદી મેં ઉપજાવી કાઢી છે.

બાળક જ્યારે જ્યારે કંઈ કરે ત્યારે ત્યારે તેને આપણે અવલોકીએ તો આપણને અને તેને લાભ છે. આપેલી પ્રવૃત્તિઓમાંથી બાળક કઈ લે છે ને કઈ નથી લેતું, કઈ તેને અત્યંત ગમે છે ને કઈ સાવ નથી જ ગમતી, તે ઉપરથી તેનું કઈ બાબતમાં વલણ છે તેનો કંઈક ક્યાસ કાઢી શકીશું.

હરકોઈ પ્રવૃત્તિ જો બાળકને એકાગ્ર રાખે નહિ, બાળક તેનાથી કંટાળી જાય, બાળક બાળક વચ્ચે માત્ર તે કજિયો કરાવનાર થાય, વારંવાર તે આપણી મદદ વિના ચાલી ન શકે તેવી લાગે, તો કાં તો બાળક તે માટે લાયક નથી અગર એ પ્રવૃત્તિ બાળકને માટે હમણાં ઉપયોગી નથી. એટલે તે બાજુએ મૂકી દેવી. એ પ્રવૃત્તિ સાચી ગણવી કે જે બાળકને રોકે, પ્રસન્ન રાખે, એકાગ્ર રાખે, બાળક તે કરતું કરતું હસે, ગાય ને બીજાને તેમાં ભેળવવા દોડે.

બાળક પોતાને ઉપકારક એવી પ્રવૃત્તિથી પણ ઘણી વાર થાકી જાય છે. જ્યારે તેઓ એક વાર અત્યંત ગમતી અને એકાગ્ર કરનારી પ્રવૃત્તિ સામે લડે છે, ને બરાબર નથી કરી શકતાં તેથી ખિજાય કે ચિડાય છે, જાતે કરી શકતાં હતાં ત્યાં પણ બા બાપાને બોલાવી કરાવવા માગે છે, ત્યાં સમજવું કે હવે બાળક પ્રવૃત્તિથી થાક્યું છે; હવે પ્રવૃત્તિ તેને સુખ અને આરામ નહિ આપે. એટલે તે તેની પાસેથી આઘાત ન લાગે તેવી રીતે છોડાવવી. જેઓને અનુભવ હશે તે કહેશે કે "હા, વાત સાવ સાચી છે. થાકેલ બાળકને હળવેથી લઈ સુવારી દઈએ છીએ કે તુરત જ તે ઊંઘી જાય છે."

ઘણી વાર બે ચાર બાળકો એકઠાં થઈ પ્રવૃત્તિ ચલવે છે. આ વખતે ઘણી વાર તે સરસ ચાલે છે, તો ઘણી વાર મુશ્કેલી પડે છે. પ્રવૃત્તિ બરાબર ચાલતી નથી; એકેયને સંતોષ થતો નથી. કોઈ કોઈ વાર તો બાળકો લડી પણ પડે છે. આમાં જુદાં જુદાં કારણો પ્રવર્તે છે. આ બધાંની અહીં વિગતમાં ચર્ચા નથી થઈ શકતી. પણ આપણે કારણ જોઈ તેનો ઉપાય કરવો. સામાન્ય રીતે બાળકોને જાતે ગોઠવાઈ જવા દેવાં. ચાલે જ નહિ ત્યારે વચ્ચે પડી નિકાલ કરવો, અને તે કરવો ત્યારે ખૂબ ડહાપણથી અને સૌને-ઘણાંને સાચો લાગે તેવો સંતોષકારક કરવો.

ઘણી વાર બાળકો માંદાં હોય છે, અગર આપણે વઢ્યાં કર્યાં હોઈએ છીએ ત્યારે તેમના મનની સ્વસ્થતા નથી હોતી. આથી પ્રવૃત્તિ વ્યવસ્થિતપણે ચાલતી નથી. પ્રવૃત્તિ તેમને કાયર કરે છે ને તેઓ આપણને કાયર કરે છે. પરિણામે આપણને થાય છે કે પ્રવૃત્તિ જ નકામી છે. આપણી નજરે પ્રવૃત્તિની કેળવણી વિષયક કિંમત ઘણી વાર ચડતી ઊતરતી આવાં બહિર્ કારણોને લીધે થવા સંભવ છે. ત્યાં આપણે ચેતીએ, અને પ્રવૃત્તિની નિંદા કે વિરોધ ન કરતાં એકંદરે દોષ ક્યાં રહેલો છે તે શોધીએ.

❀

# માબાપોએ શું કરવું ?

## એક પત્ર

બાલમંદિરમાં આપનાં બાળકોને દાખલ કરવાના આપના ઉત્સાહને હું પ્રેમપૂર્વક વધાવું છું. બીજી શાળાઓ કરતાં આ મંદિર આપને વધારે સારું લાગ્યું છે તે હું જાણું છું. આ શાળામાં લાંબો વખત રહી આપણું બાળક સર્વાંગ સુંદર કેળવણી લે એમ હું ઇચ્છું છું.

છતાં હું કેટલીએક બાબતોથી આપને વાકેફ કરવા ચાહું છું. બાલમંદિરથી આપના બાળકને કેવા લાભો થશે તેનો કંઈક ખ્યાલ અહીં આપીશ. સાથે સાથે આપના બાળક પ્રત્યે, અમારી પ્રત્યે અને મંદિર પ્રત્યે કેવા પ્રકારની નીતિ રીતિ હોવી જોઈએ તેનું પણ ટૂંક દર્શન કરાવીશ. આપને બાલમંદિર ઉપર, અમારી ઉપર અને અમારી કાર્યપદ્ધતિ ઉપર પૂર્ણ વિશ્વાસ છે એમ જાણીને જ આપ આપના બાળકને મંદિરમાં દાખલ કરવા માગો છો; પરંતુ ઘણી વાર એવું બન્યું છે કે દાખલ કરનાર માબાપ દાખલ કરતી વખતે કહે છે કે "અમારે બાળકને અહીં જ રાખવું છે, અને

તે ભણે કે ન ભણે તેની જરા પણ ચિંતા નથી. આપના જેવા શિક્ષકોના સહવાસમાં અને આવી સુંદર સગવડવાળા વાતાવરણમાં મૂક્યા પછી અમારે બીજો વિચાર કરવાનો હોય જ નહિ. અમે તો અમારા બાળકને તમારા હાથમાં સોંપી દીધું એટલે બસ. ખરાં માબાપ તો તમે છો." પરંતુ થોડા વખતમાં અમને માલૂમ પડે છે કે બાળકને અહીં મોકલવાનાં કારણો જુદાં જ હતાં. અનુભવથી અમે જણાવીએ છીએ કે કેટલાંક માબાપો બાળકોનાં તોફાનમસ્તીથી કંટાળીને તેમને પોતાનાથી અળગાં કરવા અહીં મોકલે છે. કેટલાંએક માબાપો બાળકને થોડા દિવસ ગાડી ઘોડાની મોજમજા લેવડાવવા મોકલે છે. કેટલાંએક માબાપો ભરાડી બાળકને પાંશરું થવા કે ઠેકાણે આણવા મોકલે છે. જે બાળકો ઘૂડી શાળાએ જતાં કંટાળે છે કે જ્યાં ત્યાં રખડે છે ને કજિયા કરી માબાપ અને શિક્ષકને કવરાવે છે, તેને પણ અહીં મોકલાય છે, કેટલાંએક માબાપો દાખલ કરતી વખતે એમ પણ કહે છે કે હમણાં ભલે અહીં રહે; એને ભણાવવાની ક્યાં ઉતાવળ છે ? હજી એ નાનું છે; ભણ્યા જેવડું થશે ત્યારે બીજી નિશાળ તો છે જ ના ? કોઈ માબાપ એમ ધારીને પણ મોકલે છે કે બાલમંદિરમાં કાંઈ એવું જાદુ છે કે જેથી વગર મહેનતે અને છેક નાની ઉંમરમાં બાળકને બધું ભણાવી દેવાશે, ને પછી વહેલું વહેલું એને પહેલી કે બીજી ચોપડીમાં દાખલ કરી શકાશે. કોઈ માબાપ એમ પણ માને છે કે છોકરીઓ દાખલ કરવી ઠીક છે કારણ કે સંગીત, ચિત્ર, જેવાં કામો બાલમંદિરમાં શીખવાય છે જ્યારે ગણિત શીખવવામાં આવતું નથી, અને છોકરાઓને તો ગણિતના શિક્ષણ વિના નહિ ચાલે. છતાંય એવાં માબાપો પણ છે કે જેઓ પોતાનાં બાળકોને સાચી શ્રદ્ધાથી, ખરી સમજણથી અને બીજી નિશાળોની

બદીથી કંટાળીને મોકલે છે. ને એવાં જ બાળકોને પૂરેપૂરો લાભ મળ્યો છે એમ હું નિઃશંકપણે કહી શકું છું.

આપ આપના બાળકને કયા કારણથી બાલમંદિરમાં મોકલો છો તે આપે જ જોઈ લેવાનું છે. આપ આપના ઉદ્દેશો છુપાવશો તો આપને પાછળથી પસ્તાવું પડશે, અને બાળકનો સમય અને અમારો શ્રમ નકામો જશે. જે માબાપો બાળકોને ઘરમાંથી એક જાતની ઉપાધિ દૂર કરવા માટે જ મોકલે છે તેમને માટે ઘૃણા ઊપજે છે; તેવાં માબાપોના બાળકને અમે આશ્રય ન આપીએ તો અમે ખરેખર મૂર્ખ અને પાપી ગણાઈએ. એ માબાપોને એટલું જ કહેવા માગીએ છીએ કે હવે પછી તેમણે બાળકોની ઉત્પત્તિની બાબતમાં સંયમ સેવવો ઘટે છે. જેઓ પોતાનાં બાળકો બગડેલાં હોવાથી રખડુ હોવાથી તેમને સુધારવા મોકલે છે તેમની અમને દયા આવે છે. પોતાને ત્યાં બાળકો બગડ્યાં અને રખડુ બન્યાં, અને અમારે ત્યાં તેમને સુધારવા મોકલવાં એના જેવી હાસ્યાસ્પદ વિચિત્રતા કઈ હોઈ શકે? એવાં માબાપોએ જાણવું જ જોઈએ કે જ્યાં સુધી પોતે તે બાબતમાં અમારા જેટલી કાળજી લેશે નહિ ત્યાં સુધી અમારા પ્રયત્નો નિષ્ફળ જ જવાના છે. કોઈ પણ માબાપે એમ માનવાની ભૂલ કરવાની નથી કે બાલમંદિરમાં એવું જાદુ છે કે બગડેલાં બાળકો એકાએક સુધરી જવાનાં છે. બેશક અમે તો એવા પ્રયત્નો કરીએ જ છીએ જેથી બાળક સારામાં સારું થાય. જે માબાપો બગડેલાં બાળકો મોકલી આપે છે, તેમણે શરત કરવાને તૈયાર રહેવું પડશે. જો અમે કદાચ એવાં બાળકોને પાછાં સોંપીએ તો તેમણે અમારી કે અમારી પદ્ધતિની નિંદા કરવાને બદલે ત્રણ વર્ષમાં બાળકને અમે જે તાલીમ આપી છે તેનો જ તેમણે ઉપકાર માનવો ઘટે છે. બગડેલાં બાળકોને સુધારવાનો પ્રયત્ન કરવો એને

અમે અયોગ્ય માનીએ છીએ; જોકે બીજાં બાળકોને નુકસાન ન થાય ત્યાં સુધી બગડેલાંને સુધારવાનો અમારો પ્રયત્ન રહેશે. નહિ સુધરી શકે તેવાં બાળકોને રજા આપીએ તો એમ સમજી લેવાનું છે કે તેવાં બાળકોને કોઈ બીજી શાળાની જરૂર છે. બેશક, બગડેલા બાળકને અમે રજા આપીએ તેમાં અમારી શાળાનો પ્રશ્ન ઊકલે છે, પણ બાળકનો પ્રશ્ન ઊકલતો નથી. પરંતુ અમે તે માટે દિલગીર થઈએ. તેને માટે યોગ્ય શાળા કઈ હોઈ શકે એ બતાવીએ પણ તેનો વ્યવહારુ પ્રબંધ ન પણ કરી શકીએ. છતાં જે માબાપો દીન બની અમારામાં પૂરેપૂરી શ્રદ્ધા મૂકી પરિણામ વિષે બેફિકર રહી પોતાનાં બગડેલાં બાળકોને અહીં જ રાખવાનો આગ્રહ કરે અને રાખે, તેમનાં બાળકો સારાં થઈ જ જવાનાં છે એવી અમારી શ્રદ્ધા છે.

જે માબાપ પોતાના બાળકને ભણવા જેવડું થાય ત્યાં સુધી આરામ લેવા કે હવા ખાવા મોકલે છે તેના જેવું કોઈ અણસમજુ નથી. તેને કેળવણી એટલે શું એનો ખ્યાલ જ નથી. કેળવણી તો જન્મથી જ શરૂ થાય છે. જો બીજી શાળામાં જવા જેવડું કરવા માટે જ અહીં પોતાના બાળકને મોકલવું હોય તો હું તે માબાપને જણાવું છું કે તેમણે બાળકને ન જ મોકલવું. જે માબાપ પોતાના બાળકને અહીં મોકલે તેણે બીજી શાળાનો વિચાર પાપ રૂપ ગણવો ઘટે. જેને આજની પ્રાણઘાતક કેળવણીમાંથી પોતાનાં બાળકોને બચાવવાં હોય તે જ તેમને અહીં મોકલે. અહીં બાળકને મોકલી અહીંનું થોડા વખતનું સ્વરાજ અને સ્વાતંત્ર્યનું સુખ બતાવી તેને કેદખાનામાં પૂરવું હોય તો તે અહીંનું નામ જ ન લે. તેમને આ દિશા જોવાની જ ન હોય. બાળકને મોટું કરવા, અને મોટું ન થાય ત્યાં સુધી બીજી શાળામાં રમવા મોકલવાના વિચારમાં છળ અને

પાપ છે. છળ અને પાપની છાયામાં જે બાળકો ભણવા આવે છે તે બાળકોને વિદ્યા ન મળે. તેઓ તો અવિદ્યા જ લઈ જાય. જેમનું દઢ માનવું હોય કે બીજી શાળાઓ ખરાબ છે માટે હરામ છે, તેઓ જ આ શાળામાં પોતાનાં બાળકોના પગ મુકાવે. જેમની બુદ્ધિ ચલિત હોય, જેમની મનોવૃત્તિ ડગમગતી હોય, તેઓને માટે પ્રચલિત શાળાઓ મુબારક છે. અમને કારી ઘા લાગેલા છે તેથી આવું કડવું લખવું પડે છે.

બાળક બાલમંદિરમાં દાખલ થાય છે કે તુરત જ અમે તેની સંભાળ લેવા માંડીએ છીએ. તેની ગંદી, ઢંગધડા વિનાની અને અસામાજિક ટેવોને સુધારવાનું કામ પ્રથમ હાથમાં લેવાય છે. સમય જતાં તેને પોતાનાં કપડાં અને જાત કેવાં ગંદાં અને બેહાલ છે તે સમજતાં, ઠીક ઠીક ચાલતાં, ઊઠતાં બેસતાં, ધીમેથી વાતો કરતાં, જાજમ પાથરતાં, વાળતાં, પીરસતાં, ગોઠવતાં, પોતાનાં કપડાં કે બૂટનાં બુતાન બીડતાં ને પાણી પીતાં વગેરે આવડે છે. બાલમંદિરમાં નવા દાખલ થનાર બાળકને અને દાખલ થઈ થોડો વખત રહેલ બાળકને સરખાવતાં બન્નેમાં કેટલો તફાવત છે તે નરી આંખે જોઈ શકાય છે. વળી નવું આવેલું બાળક વખત જતાં બાલમંદિરના વાતાવરણમાં રહી બીજાની સાથે ભાવથી હળતાં-મળતાં, ભેગાં મળીને કામ કરતાં ને બીજાને અડચણ ન પડે તેમ પોતાનું કામ ચલાવતાં શીખે છે. એટલા વખતમાં તે અતડું મટી સામાજિક બને છે, બાઝાબાઝી કરતું હતું તેને બદલે પ્રેમ કરતું થાય છે; ઘોંઘાટ કે ધમાધમ કરતું હતું તેને ઠેકાણે કેટલેક અંશે શાંત ને સ્વસ્થ થાય છે; પોતાની જાતને જાણતું જ ન હતું તેને બદલે પોતાની જાતને ઓળખતું થાય છે; બીજા ઉપર આધાર રાખીને બેસનાર કે રડનાર હતું તેને બદલે જાતે કરી લેનાર અને આનંદી

બને છે; ને ઘરખૂણિયું હતું તેને બદલે કેટલાયેનું મિત્ર બને છે. એટલું જ નહિ પણ તે ઘર અને બાલમંદિરની વચ્ચે રહેલો ભેદ આસ્તે આસ્તે સમજતું થાય છે. આટલું તો સામાજિક વાતાવરણનું પરિણામ આવે.

બાલમંદિરની ખુલ્લી આબોહવામાં અને વિશાળ મેદાનમાં બાળક પોતાના શરીરને ખૂબ કસે છે. સ્ફૂર્તિથી પૂરી ચાલવાની પણ શક્તિ વિનાનાં બાળકો થોડા જ વખતમાં આખું મેદાન એક ઝાપટે ફરી શકે તેવાં, તડકામાં કે હવામાં લાંબો વખત મોજથી રહી શકે તેવાં, અને નીડરપણે દૂર દૂર ઘોડા ખેલાવતાં કે નજીકમાં ગેલેરીના કઠોડા ઉપર સમતોલપણે ચાલતાં શીખી જાય છે. આ સ્થળે તંદુરસ્તીનો શ્વાસોચ્છ્વાસ તો તે પળે પળે લીધા જ કરે છે. આ બધો વખત તે શહેરી ઘોંઘાટ, ગંદકી, ધમાધમી અને ધાંધલથી દૂર રહે છે. શહેરનાં ટૂંકાં ઘરો અને અસ્વચ્છ વાતાવરણમાંથી તે છૂટે છે. શહેરોની મલીન અને સ્વાર્થી આબોહવામાંથી સ્વચ્છ અને પરસ્પર સહકાર તથા સન્માનભર્યા વાતાવરણમાં તે રહે છે. આ બધું એનું ભણતર છે. આ બધો વખત નકામો જતો જ નથી. આ સમયમાં બાળક પોતાના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસનાં બીજ રોપે છે.

આ વિકાસ સાથે જ અમારી પદ્ધતિ પ્રમાણે અમે ઇન્દ્રિયોની કેળવણી આપીએ છીએ. ઇન્દ્રિય કેળવણીનો પ્રબંધ મોન્ટીસોરી પદ્ધતિના પ્રાણરૂપ છે. એમાં જ મોન્ટીસોરી પદ્ધતિની વિશેષતા છે. ઇન્દ્રિયોની કેળવણી મનની કે આત્માની કેળવણીના પાયા રૂપ છે. આવી જાતની કેળવણીની આપણે હજી સુધી દરકાર કરી જ નથી; એને લીધે આપણે આખી જિંદગી સુધી અપંગ જેવા રહીએ છીએ, ને પાછળથી એની ખોટ પૂરી શકાતી જ નથી. બધું

ભણતર શરૂઆતમાં ઇન્દ્રિય કેળવણી ન લીધેલી હોવાથી નકામું જાય છે. નવું દાખલ થનાર બાળક મોટા નાના પદાર્થોમાં રહેલો ભેદ પારખી શકતું નથી. એ વખતે તેને લંબાઈ ટૂંકાઈનો કે પહોળાઈ જાડાઈનો ખ્યાલ ભાગ્યે જ હોય છે. તેની સ્પર્શની ઇન્દ્રિયને સુંવાળપ અને ખડબચડાપણામાં રહેલો તફાવત નથી સમજાતો. તેને રંગની પારખ તો હોતી જ નથી. આકારોમાં તે થોડું જ સમજે છે. તેના કાનને ઘોંઘાટ અને સુંદર સુમધુર સ્વરો લગભગ સરખા જ હોય છે. તેની આસપાસ રૂપરંગથી ભરેલી આખી દુનિયા પડી છે છતાં તેમાં તેને કાંઈ દેખાતું નથી; તેમાં તેને કશોય રસ હોતો નથી. પરંતુ જ્યારે તેનો ઇન્દ્રિયવિકાસ થાય છે ત્યારે તે પોતાની કેળવાયેલ આંખોથી સૃષ્ટિની સુંદરતાને, કેળવાયેલ કાનથી સંગીતની સુમધુરતાને ને કેળવાયેલ સ્પર્શથી જાતજાતના પદાર્થોની સપાટીના લાલિત્યને ભાળી શકે છે. તે તેના આનંદમાં આનંદિત થાય છે. અત્યાર સુધી બાળકના જીવનમાં જે દિશા બંધ હતી તે ઊઘડે છે, ને તેનું જીવનસુખ આકાશથી પાતાળ સુધી વિશાળ બને છે. અહીં બાળક રમતાં રમતાં તેને ખબર પણ ન પડે તેમ આ ઇન્દ્રિયવિકાસ મેળવી લે છે. આ એનું બીજું અને ખરું ભણતર છે.

આ બીજું ભણતર ભણી રહ્યા પછી જ અમે તેને આજની શાળામાં અમારું ભણતર આપવા માંડીએ છીએ; કારણ કે પેલા બે પ્રકારનું ભણતર અમે પાયા રૂપ ગણીએ છીએ. આથી જ અમારે ત્યાં બાળક આવે કે તરત જ તેને એકડો ઘૂંટાવતા નથી, તેમ તેને કક્કાના પાઠ લેવરાવતા નથી. પણ જે માબાપો પોતાના બાળકને મોટું થવા મોકલે છે, તે માબાપો જ્યારે બરાબર ભણતરનો ખરો વખત આવી લાગે છે ત્યારે બાળકને ઉપાડી લઈ ચાલતાં

થાય છે, અને અમને સખત આઘાત આપે છે! અમે ભણતર માટેની પૂર્વતૈયારી પૂર્ણ થયા પછી જ અક્ષર અને અંકનું ભણતર આપીએ છીએ. જ્યાં ખાતર, પાણી અને આબોહવા બરાબર કાળજીપૂર્વક પૂરાં પાડી બીજમાંથી કોંટો ફૂટવાનો સમય લાવી મૂકીએ છીએ, ત્યાં માબાપો અમારા કોંટાને મૂળમાંથી ઉખેડીને ચાલતાં થાય છે! એટલું જ નહિ પણ તેઓ માથે દોષ મૂકતાં જાય છે કે "અમારું બાળક આટલો બધો વખત રહ્યું પણ તેને એકડો પણ આવડ્યો નહિ; એ તો રખડ્યું. એને હવે ભણાવવું તો જોઈએ ના?"

આવે વખતે અમારા ખેદનો પાર રહે જ નહિ.

માબાપ પહેલાં કહે કે "અમારે ભણાવવાની ઉતાવળ નથી." પછી અમુક વખતે એકડો ન આવડે એટલે કહે કે "ચાલો ત્યારે ઘેર.'' જો ઉઠાડી મૂકતી વખતે માબાપ અમારી સાથે વાતચીત કરી લેતાં હોય, ભણવામાં બાળક શું ભણ્યું અને શું ગણ્યું તેનો ખુલાસો માગતાં હોય, તો અમારા મનમાં એમ ન થાય કે ખરેખર આપણે ત્યાંનાં માબાપો કેવળ સ્વાર્થી અને કૃતઘ્ની છે. દાખલ કરાવતી વખતે જે માબાપો અમારી ખુશામત કરે છે, તેઓ બાળકને ઉઠાડી લેતી વખતે મોઢું પણ બતાવતાં નથી. આવાં માબાપોને કેટલો બધો ઠપકો ઘટે છે!

જે માબાપો એમ માનીને પોતાનાં બાળકોને મંદિરમાં મોકલે છે કે અહીં તો બધું વહેલું અને જાદુથી ભણાવી દેવામાં આવે છે, તેમની સમજણ પણ ચોખ્ખી થવાની જરૂર છે. કોઈ ભણતર જાદુથી શીખવી શકાય ન નહિ. છતાં પણ મંદિરમાં કેટલીક બાબતો એવી છે કે જેથી બાળકો ઉપર જાદુ થાય. તેઓ બાલમંદિરને જ ભાળે, તેમને બાલમંદિરમાંથી રજા આપીએ ત્યારે ઘેર જવું ગમે

નહિ, તેમને બાલમંદિરમાં રજા પાડીએ તો અમારા ઉપર ગુસ્સે થવું પડે, ને તેમને બાલમંદિરમાંથી કાઢી મૂકવાનું કહીએ તો મોટામાં મોટી સખ્ત શિક્ષા થઈ લાગે! આ જાદુ તેમને છૂટથી રહેવા દેવામાં થયેલું છે; આ જાદુ તેમને અમે શિક્ષા અને ભયમાંથી મુક્ત કરીએ તેમાં છે; આ જાદુ અમે તેમને પોતાને જે કાંઈ શીખવું હોય કે નિર્દોષ એવું જે કરવું હોય તે કરવા દઈએ તેમાં રહેલું છે. અમે જાદુથી ભણાવતાં નથી તેમ જ ભણાવી શકીએ પણ નહિ. અહીંના સ્વતંત્ર અને પોષક વાતાવરણમાં બાળક પોતાની શક્તિના પ્રમાણમાં થોડું યા ઘણું શીખી લે છે. દરેક બાળક પોતાના ગજા પ્રમાણે બોજો ઉપાડે તો તેમાં તેનું ભલું થાય એમ અમે માનીએ છીએ. આથી કોઈ બાળક ઝટઝટ શીખી અમને આશ્ચર્યમાં નાખે છે તેમ જ હર્ષમાં નાખે છે, ત્યારે કોઈ બાળક અત્યંત ધીમે ચાલી બિલકુલ પાછળ રહી જઈ અમારી ચિંતાને વધારે છે. પરંતુ જો બાળકને લાંબો વખત રહેવા દેવામાં આવે તો દરેક બાળક શીખે ખરું જ. દરેક બાળક શીખે તો છે જ; પરંતુ કોઈ બાળક ધીમે ચાલે છે જ્યારે કોઈ બાળક ઝડપથી ચાલે છે. વળી કોઈ બાળક એક બાબતમાં આગળ વધે છે અને બીજી બાબતમાં પાછળ રહે છે. એક જ વાતાવરણમાં સૌ રહે છતાં તેમની કુદરતી શક્તિનો ભેદ અહીં રહે છે. તેમના ઘરનું સંસ્કારી વાતાવરણ પ્રત્યક્ષ થાય છે. તેમના ઘરના રીતરિવાજો મંદિરમાં છૂપાં રહેતાં નથી. મંદિરમાં પ્રત્યેક બાળકને એક જ લાકડીએ હાંકવાનું નથી. બાગનાં ઝાડની જેમ તેમને ચારે બાજુથી સરખાં કાપીકોરીને બધાંને એક જ ઢાળાનાં દેખાડવાનો અમારો આગ્રહ નથી; બધાંને બીબાના ઢાળામાં નાખી જડ બીબાં બનાવવાનો અમારો મત નથી. અમે તો તેમના બીજમાં જે છે તે સારી રીતે ફૂલેફાલે તેની સંભાળ રાખીએ;

ખાતરપાણીના અને દિશાસૂચનના પ્રયત્નો કરી છૂટીએ. બાળકની અંદરથી જે નીકળે છે તે જોઈ અમે પ્રસન્ન રહીએ છીએ. પણ માબાપોની આ વૃત્તિ નથી. હોશિયાર છોકરાંનાં માબાપો લાભ દેખી, પોતાનું છોકરું વધારે શીખી ગયું, જલદી શીખી ગયું, વખત બચ્યો, શ્રમ બચ્યો વગેરે સમજી, આગળ જલદી ભણાવી ગણાવી હોશિયાર બનાવી દેવા, અને એવી હોશિયારીને બળે ઇનામ લેતું કરી દેવા બીજી નિશાળે મોકલે છે, અને અમારી ઊજળી આશા પર શાહી ઢોળે છે. આ મંદિરે બાળકને સારું બનાવ્યું માટે ગુન્હો, એવો કંઈક હોશિયાર બાળકોનાં માબાપો તરફથી ઉપદેશ મળે છે. જે બાળકો પાછળ રહે છે તેમનાં માબાપોને તો બાળકને લેવાનું કારણ ઉઘાડું જ છે. પણ તેઓ જાણતાં નથી કે તેમનું બાળક શીખતું તો હતું જ; માત્ર તેની ગતિ ધીમી હતી. એમ બતાવી શકીએ તેમ છે કે જે બાળકો અહીં વધતાં નથી એમ ધારીને ઉઠાડી લેવામાં આવે છે, તે બહાર જઈને બહુ આગળ વધ્યાં નથી. તેઓનું સ્વાતંત્ર્ય ગયું પણ તેના બદલામાં બીજી કોઈ નિશાળે તેમને આગળ વધવાની શક્તિ ન આપી. ઘણી વાર જ્યારે બરાબર પાક આવે, ને બાળકને પાછળ રહ્યું છે તેવા કારણે તેને ઉઠાડી લેવામાં આવે ત્યારે અમને દુઃખ થાય છે. એવા બાળકને બીજી નિશાળમાં ગોઠવાઈ જવું શરૂઆતમાં આકરું પડશે એ વિચાર અમને પીડે છે; છતાં સાથે સાથે એટલો પણ સંતોષ થાય છે કે ભલા જેટલો વખત તે અહીં રહેતું તેટલો વખત તો વિકાસને માર્ગે રહેતું અને સુખી પણ રહેતું.

જે બાળકો એક જ બાબતમાં વધે છે અને બીજી બાબતમાં વધવાની ના પાડે છે તેમનાં માબાપોને સંતોષ આપવો જરા મુશ્કેલ પડે છે. પણ જો માબાપો અમારી સાથે રહેતાં હોય તો

તેમને પણ એમ જ થાય કે જે બાબતમાં બાળક સ્વર્ગનું સુખ માને છે, જે વસ્તુને આખો દહાડો કરતાં બાળક થાકતું નથી, જે વસ્તુની ના પાડતાં તેની આંખ ભીની થઈ જાય છે, તે વસ્તુ તેની પાસેથી ન જ લઈ લેવી જોઈએ. ભલે બાળક બીજું કશું શીખે નહિ. અમે તો માનીએ છીએ કે જો બાળક એક જ બાબતમાં ઘણું શીખશે તો તે બીજી બાબતમાં પણ ભલે પાછળથી પણ શીખશે જ. કારણ કે એક વાર શીખવાની શક્તિ આવી હશે તો પછી તેને બીજી બાબત શીખવી અઘરી નહિ પડે.

અમારે ત્યાં આવેલાં કેટલાંક બાળકોના દાખલા આપીને મારો કહેવાનો અર્થ સમજાવીશ. એક છોકરીને ભૌમિતિક આકૃતિઓ કાઢવાનો શોખ અનહદ હતો. આવીને ન જાય સંગીતમાં કે ન વાંચે કે ન લખે કે ન રમે કે ન ભમે, પણ તરત જ હાથમાં ભૌમિતિક આકૃતિઓને લે ને ચિત્ર કાઢવા બેસે; ચિત્રો કાઢ્યા જ કરે. નવી નવી સુંદર સુંદર ભૌમિતિક આકૃતિઓની રચના ઊભી કરે એમાં જ એનો આનંદ. એને વાંચતાં લખતાં આવડે છે, પણ જો લખે તો ચિત્રમાં ખલેલ પડે. એનાં માબાપને લાગ્યું કે "આ છોકરી તો એકે ચોપડીમાં પડતી નથી. કંઈ ભણતી જ નથી!" તેને ઉઠાડી લીધી. એ દિવસે એનાં માબાપે એની સરસ ડિઝાઈનનું ખૂન કર્યું. એને ચાર ચોપડી ભણાવી લખતાં વાચતાં શીખવી થોડા સરવાળા, બાદબાકી, ભાગાકાર, ત્રિરાશિ કે આણપાણના ભાગાકાર વગેરે દાખલા શીખવી એનાં માબાપ એને કઈ શક્તિ આપશે? એનો આત્મા તો ભૌમિતિક ચિત્રોમાં ખેલતો હતો; એમાં એ જીવન જગત બધુંય વીસરી જતી હતી. રસ્તામાં મળે છે ત્યારે તે છોકરી શરમથી પોતાનું મ્હોં સંતાડે છે. એક વાર તે બાલમંદિરમાં આવીને પોતાનું આગલું સુખ જોઈ રડી પડી હતી.

એક છોકરાની વાત. આ છોકરાના બાપાની સારી શ્રદ્ધા હશે. તે કહેતા કે "બાર વરસનો થાય પણ મારે તેને અહીંથી ઉઠાડવો નથી; ભણે કે ન ભણે." અમારે ત્યાં તો સ્વતંત્રતા હતી. છોકરાનો સ્વભાવ કાંઈ ઓર જ હતોઃ ભલમનસાઈ અને બાલભાવથી ભરપૂર છેક સાફ દિલનો અને આરપાર હૃદયવાળો. એને બહાર ફરવું હરવું અને રમવું ખૂબ ગમે; મિત્રો વિના ચાલે નહિ. બહાર ઘોલકી કરવી, બાગ બનાવવો, શણગાર લાવવો, રામાયણની વાતો સાંભળવી અને આનંદમાં ફરવું એ એના પ્રિય વ્યવસાયો. પ્રયોગ ખાતર અમે એને મંદિરમાં રાખવાના પ્રયત્નો કર્યા. ગમે તે બહાને બહાર જવાનું શોધે. અમારા દબાણને લીધે જૂઠું પેશાબનું બહાનું કરે; અમે સાથે જઈએ ત્યારે પેશાબ કરવાનું હોય જ શાનું? પછી પાણી માગે; પાણી તેને લાવી આપવામાં આવે. પછી દિશા જવાનું કહે; અમે સાથે જઈએ એટલે એવો ને એવો પાછો આવે. પછી અમે હસીને તેને જ્યાં જવું હોય ત્યાં જવાની રજા આપીએ. છતાં બહારથી ફરતાં ફરતાં આવે અને કોઈ વાર ખૂબ કામ કરી નાખે. ચિત્રો અને અક્ષરો શીખે, પણ જ્યાં વાર્તાનું નામ આવે અને લોકગીતનું આવે ત્યાં તો તે તૈયાર જ. એ એના સ્વભાવની સુંદરતા કેળવતો હતો અને અમે તેનો સ્વભાવ કેળવવામાં મદદ કરતા હતા. પણ આખરે એના પિતાની ધીરજ ન રહી ને તેને ઉપાડી ગયા. અમે તો એક આનંદી હેતાળ અને પ્રેમી બાળક ખોયું. અમે એની ફરિયાદ કોને કરીએ? આજના ભણતરનો મોહ કાંઈ ઓછો છે? પણ એણે અમારા હૃદયમાં આગ સળગાવી છે. ભણતરના મોહને તે આગ એક દિવસ બાળે તો જ સાચી.

વળી એક બીજી છોકરીની વાત. છોકરી ઘણી જ હોશિયાર.

થોડા જ દિવસમાં વાંચતાં લખતાં સુંદર શીખી ગઈ. એક વર્ષમાં બુદ્ધની જાતકમાળામાંથી વાંચવા લાગી. ચિત્ર ઠીક આવડે; નાચે ને રાસડા પણ લે. બધી રીતે સારી હોશિયાર પણ બાલમંદિરમાં કોણ એની કદર કરે-એનો પેલો નંબર રાખવાનું બાલમંદિર કેવી રીતે ગોઠવી આપે ? એની હોશિયારી એનાં માબાપને મન નકામી હતી. માબાપે એને ઉઠાડી લઈ બીજી શાળાએ મૂકી. છોકરીને અમે પૂછયું: "બહેન, કેમ ઊઠી ગયાં ?" તે કહે: "બીજી નિશાળે ઘાઘરી પોલકું મળે! મારી બા કહે ત્યાં હું તો ભણવાની." ઈનામની લાલચથી નિશાળ છોડાવનાર માબાપો બાળકને ઇનામનું વિષ કેવી રીતે આપે છે તે અહીં પ્રત્યક્ષ દીઠું. જે ઈનામ માટે આજે શાળા ગમી છે તે ઈનામ કાલે શું નહિ કરે?

આ ઈનામ આપનારી શાળાઓને પણ પેલી આગ કેમ નહિ બાળે?

હવે એક જ છોકરીની વાત. શું સુંદર નાજુક છોકરી! એનો પ્રાણ તો એની આંખોમાં આવી રહ્યો હતો. એનાં સ્વપ્નો અને વિચારોમાં તરંગો હતા. એની ચિત્રવાર્તાઓ પરીઓના મુલકની હતી, એમ જરા કાવ્યના પ્રદેશમાં વિચરીએ તો કહી શકાય. આખો દહાડો ચિત્ર ચિત્ર ને ચિત્ર જ! નવી જ કલ્પના, નવી જ રંગની મિલાવટ, નવી જ ગોઠવણ, સ્વચ્છતા, સુકોમળતા અને સુરમ્યતાની સંધિ ચિત્રે ચિત્રે પ્રત્યક્ષ દેખાય. એને વાંચવું કોઈ વાર ગમે. લખે; પણ તે સ, ખ, પ, લ, બ જેવું. ભણવાનું કહો તો કંટાળે; પણ કાંતવા જાય ત્યાં પોતાના ચિત્ર જેવું, પોતાના બાંધા જેવું નાજુક ઝીણું અને પોતાના હાસ્ય જેવું ધોળું સૂતર કાઢે. પણ એના માબાપ કહે: "એને ચીતર કાઢીને શું કરવું છે? બીજું કાંઈ શીખતી નથી.'' એને એમણે ઉઠાડી લીધી. અમારી

વકીલાત પણ ન ચાલી. બિચારી અમને જણાવે છે કે "પરણું ત્યારે કામબામ આવડવું જોઈએ ના?" "હવે મારે એને કામ શીખવવું જોઈએ." - આમ કહીને એની બા એને બાલમંદિર આવવા નથી દેતાં. કેવી દયામણી અને ભયંકર સ્થિતિ! અમારું તો કેમ જાણે પ્રિય ફરજંદ ગુમ થયું હોય! અમારી છાતીને અમારે ઠેકાણે રાખવી પડે છે, પણ એમાં અગ્નિનો ધૂંધવાટ થઈ રહ્યો છે. એક વાર એ ફાટી નીકળતાં જૂની શિક્ષણ- માન્યતાને અને લગ્નની રૂઢિને તથા માબાપોને સૌને બાળી મૂકશે. અમારા દેશના ભાવિ ચિત્રકારોને ગુમાવતાં અમારા મનમાં શું થતું હશે? દેશને કેટલું બધું નુકસાન થાય છે, તે કોઈ જાણશે? છતાં માબાપો એમનાં બાળકોના ભવિષ્યમાં કદી પણ નાસીપાસ ન થાય એવો જ અમારા હૃદયમાંથી ઉદ્ગાર નીકળે છે. કારણ કે ઊઠી ગયેલાં બાળકો પણ અમારાં તો રહ્યાં છે, અને અમે તેમનાં જ છીએ. અમને તેમણે વારંવાર ખાતરી કરી આપી છે કે તે અમારાં જ છે અને અમે તેમનાં જ છીએ!

જે માબાપો આ મંદિર છોકરીઓને માટે વધારે સારું છે, અને છોકરાઓને ઉપયોગી શિક્ષણ થોડું મળે છે એમ ધારી છોકરાઓને ન મોકલતાં છોકરીઓને મોકલે છે, તેમની ગેરસમજણ દૂર થવી જોઈએ. અહીં તો છોકરો અને છોકરી બન્ને સરખાં જ છે. અહીં તો જે જેને માટે લાયક હશે તે તે શીખશે; જેને ભૂખ લાગી હશે તે ખાશે. છોકરીઓને માટે આ વધારે સારું ને છોકરાઓને માટે નથી સારું, એવો નિર્ણય કરવાનો ડોળ અમે નથી કરતાં. સમાજ એવું માનીને રાક્ષસ ઊભો કરવાનું સાહસ નથી ખેડતો? એવાં બાળકોને બચાવી સમાજ બચશે કે એની સાથે સાથે પોતે પણ મરશે જ?

આવી રીતે વચ્ચેથી ઉઠાડી લેવામાં માબાપો બાલમંદિરનું અને પોતાનાં બાળકોનું જે ખૂન કરે છે તે માટે એક વાર જવાબ દેવો જ પડશે. અમારી આ દાઝ બાલમંદિર માટે નથી પણ બાળકો માટે છે. કયા હક્કથી માબાપો બાળકો ઉપર આવો અત્યાચાર કરે છે તે કોઈ એમને પૂછશે? પણ ધન્ય છે એ માબાપોને કે જેમની શ્રદ્ધા હજી અચલ રહી છે. બાલમંદિરમાં ખરેખર એ માબાપોનાં છોકરાં ગમે ત્યારે જોઈ શકાય છે. કોઈ બાળક સુંદર ચિત્રકારની પક્કી આગાહી કરાવે છે ત્યારે કોઈનામાં સંગીતના ગુણો પ્રગટ થાય છે; કોઈ બાળક સાહિત્યરસિક થશે એમ તેની પ્રવૃત્તિ ઉપરથી કહ્યા વિના રહેવાનું નથી, જ્યારે કોઈ બાળકો ગણિતનાં ખાં પણ નીકળે એવી આશાનો ઉદય થાય છે. હરેક બાળક કોઈ ને કોઈ બાબતમાં પોતાની સુંદરતા અને વિશેષતા બતાવી રહ્યું છે. કોઈ આગળ છે, કોઈ પાછળ છે; કોઈને એક વસ્તુ વધારે આવડે છે તો બીજી વસ્તુ ઓછી આવડે છે. પણ સૌનો શરીરવિકાસ અને મનોવિકાસ અસ્ખલિત વહ્યો જાય છે.

છોકરીઓ અમુક બાબતમાં લાયક થઈ શકે અને છોકરાઓ અમુક બાબતમાં જ લાયક થઈ શકે એવો વિચાર અમે અમાન્ય ગણીએ છીએ. અમુક વિષયમાં છોકરાઓએ જ તૈયાર થવું અને અમુક વિષયો છોકરીઓને આવડવા જ જોઈએ એ જુલમની વાત છે. અમારે મન તો એક જ વાત છે. છોકરી લડાઈમાં બહાદુર નીકળે અને છોકરો રસોડામાં પ્રવીણતા બતાવે તો અમે તેમાં આડે ન આવીએ. એ વહેમ દૂર થવાની જરૂર છે કે બાલમંદિરમાં છોકરાને લાયકનું શિક્ષણ છે તેના કરતાં છોકરીઓને લાયકનું વધારે છે. શું સંગીત અને ચિત્રકલા સાથે છોકરાઓને દુશ્મનાવટ હોઈ શકે? શું એ વિષયો મનુષ્યજીવનની ઉત્તમતા, સુંદરતા

સાધવાનાં ઉત્તમમાં ઉત્તમ સાધન નથી? જ્યારથી આપણે સંગીત અને ચિત્ર સાથે દુશ્મનાવટ કરી ત્યારથી બધાં વ્યવહારુ વાણિયા બન્યાં છીએ; ત્યારથી આપણું જીવન કેટલું બધું ક્ષુદ્ર અને અરસિક બન્યું છે તેનો આપણે વિચાર સરખોયે કર્યો છે? અને ગણિતનો વિષય છોકરીઓને ઉપયોગી નથી શું? જે જે વિષયો જીવનના છે તે તે વિષયો બાળકને પ્રિય જ હોય. એમાં છોકરા છોકરીઓનો ભેદ ન જ હોય. અમારે ત્યાં જો કે એકે વિષયનું જ્ઞાન ફરજિયાત નથી; પણ જો ફરજિયાત શિક્ષણ આપવું હોય તો હું તો ચિત્ર અને સંગીતને ગણિત અને ઈતિહાસ કરતાં વધારે ઊંચાં મૂકું, પહેલે સ્થાને જ મૂકું.

જેનામાં લાગણી હોય તે મનુષ્ય છે. સંગીત અને ચિત્રકલા લાગણીના વિષયો છે. એમાં ઠંડી બુદ્ધિનું વેપારી ગણિત નથી. મને તો માબાપોને ઠપકો દેવાનું મન થાય છે કે શા માટે આપ સારા વિષયોને છોકરીઓના વિષયો કહીને ઊતરતા વિષયોનું શિક્ષણ આપના છોકરાઓને આપી તેમને પામર બનાવો છો? માબાપ કહે છે કે ''મારા છોકરાને રેંટિયો કંતાવી શા માટે છોકરી બનાવો છો? કાંતવાનું કામ તો છોકરી કરે.'' કોઈ એમ પણ ધારે કે બાલમંદિરમાં છોકરાને છોકરી થવાની તાલીમ આપે છે. ઊલટું કોઈની એવી ફરિયાદ હોય કે છોકરીને ઝાડે ચડાવીને લડાઈમાં ઉતારીને શું લાભ કાઢવાનો છે? પણ રેંટિયો કલાનો વિષય છે; કલા છોકરીને જ માટે રાખવી હોય તો છોકરાએ આત્મઘાત કરવો ઘટે છે. કલા વિનાના જીવો પાંદડાં વિનાના ઠૂંઠા ઝાડ સમાન છે. છોકરાઓ પોતે જ પોતાના રૂપથી બિહામણા લાગશે. વાળવામાં જેને બાયલાપણું લાગે છે તે તો નામર્દ છે; મર્દો તો તલવાર અને સાવરણીને સરખાં જ ગણે. ને ખરી સ્ત્રી તો સાવરણીને બહાર

રાખી તલવાર ઝાલી ફરે. એક હથિયાર એક જાતનો કચરો કાઢવાનું, બીજું હથિયાર બીજી જાતનો કચરો કાઢવાનું. છોકરીઓ લડાઈમાં ન ઊતરે તો ચાંદબીબી ક્યાંથી થાય? છોકરાઓને કાંતવા નહિ દેશો તો તેમને રસોઈ કરી દેવી પડશે ને છોકરીઓ લડવા જશે. આપણે જો છોકરા અને છોકરીઓમાં ભેદ રાખશું તો આવાં વિચિત્ર અને સુંદર પરિણામો આવશે. આપે જોયું હશે કે કેવાં કેવાં કારણોસર માબાપો છોકરાંને અહીં મોકલે છે, ને કેવા કેવા લાભ હાનિ ઉઠાવે છે. આપ આપના બાળકને મોકલતાં પહેલાં જરૂર આ બધી બાબતોનો વિચાર કરી જોશો જ.

હવે આપણે આપણા બાળક પ્રત્યે આપની પોતાની ફરજ વિષે વાત કરીએ. માબાપોની બાળક પ્રત્યે આટલી મોટી અને ગંભીર ફરજ છે કે એના ઉપર ભાગવત લખીએ તોપણ નાનું જ ગણાય. એટલે અહીં તે વિષે માત્ર ઉલ્લેખ કરીશું. અહીં હું આપે કયાં કયાં સૂત્રો યાદ રાખવાં ને તેનું પાલન કરવું તેની થોડીએક યાદી આપીશ. અમારી પ્રથમ ઈચ્છા એ છે કે આપ આપના બાળકને કદી પણ શિક્ષા ન કરો. શિક્ષાથી બાળકને શરીરપીડા થાય છે તેની મને જરા પણ ચિંતા નથી, કારણ કે મારની અસર તો થોડો જ વખત રહે છે; બાળક તે ભૂલી પણ જાય. પરંતુ શિક્ષાથી જે ભય ઉત્પન્ન થાય છે તે ભયંકર છે, પ્રાણઘાતક છે, દુષ્ટ છે. ભયને લીધે બાળક બીકણ, જૂઠાબોલું ને નામર્દ થાય છે. ભયને લીધે બાળક આગળ જતાં દુરાચારી થાય છે. આપણે આજે ધર્મથી, સમાજથી, રૂઢિથી, જ્ઞાતિથી અને સત્તાથી ડરીએ છીએ તેનું કારણ શું? તેનું કારણ આપણામાં નાનપણથી પેસી ગયેલો ભય જ છે. બીજાના ભયને લીધે જ આપણે જૂઠું બોલીએ છીએ અને નામર્દાઈ બતાવીએ છીએ. આજે આપણે

બાળકને ભય બતાવી ડરાવી શકીએ છીએ; કાલે તેને શિક્ષક ડરાવી શકે છે, ને વરસ દહાડે તેને પોલીસ ડરાવી શકે છે. તમે તમારા બાળકને ગમે તે રીતે ભયમાંથી બચાવો.

આપ શિક્ષા કરીને બાળકને બાયલું અને ખોટાબોલું બનાવશો; પણ લાલચ આપીને, ફોસલાવીને તો તેને નાલાયક બનાવી મૂકશો! જે બાળક પૈસા લઈ નિશાળે જાય તે બાળક ન્યાયાધીશને લાંચ આપીને ખોટો ફેંસલો કરાવશે, ને તે જ બાળક જમીન કે સત્તા લેવા ખૂન પણ કરશે કે કરાવશે! જે બાળકને ખાવાનું આપી કામે લગાડી શકીએ તે જ બાળકને લૂગડાંલત્તાં, હીરા, માણેક અને જવાહીર આપી વ્યભિચારમાં પણ લઈ જઈ શકીએ. નિર્ભયતાનું અને મોહજિતપણાનું શિક્ષણ જ સાચું શિક્ષણ છે. ભય અને લાલચ પાડનારી વસ્તુ છે; ભયથી નરક મળે છે અને લાલચથી સ્વર્ગ આવે છે, પણ બંને ઠેકાણેથી માણસને પડવું પડે છે. ભય અને લાલચથી રહિત પ્રદેશ તો અધ્ધર પદવીનો છે; તે સ્વર્ગ અને નરકથી પર છે.

હવે ત્રીજી વાત એ છે કે આપે આપના બાળકમાં સ્પર્ધાનું વિષ રેડવું નહિ. બે બાળકો વચ્ચે વાદ કરાવી-સ્પર્ધા કરાવી કામ કરવાની રીત હલકી છે. આપણે રોજ કહીએ છીએ કે "ચાલો જોઈએ, પહેલું કોણ દોડે છે? પહેલી બચી કોણ લે છે? પહેલું પાણી કોણ લાવે છે?" આમાં આપણું કામ તો થાય છે, પણ બાળ ક બગડે છે. જ્યારે જ્યારે તેને સ્પર્ધા કરવાનું ન મળે ત્યારે ત્યારે તે આળસુ અને મંદ બની જાય છે; અને જ્યારે જ્યારે સ્પર્ધા કરવાનું મળે છે ત્યારે ત્યારે બીજાને હરાવીને, મારીને, બીજાની કબર ઉપર ચાલીને પોતાનો વિજય કરવા મથે છે. સ્પર્ધા એક જાતનો કેફ છે. જ્યાં સુધી કેફની અસર રહે છે ત્યાં સુધી જેમ

બંધાણી જોરમાં દેખાય છે, તેમ જ જ્યાં સુધી સ્પર્ધાનું ઝેર હોય છે ત્યાં સુધી માણસ કામ કરે છે. આપ આપના બાળકને એકબીજાની સ્પર્ધા કરવાને રસ્તે લઈ જશો જ નહિ. સ્પર્ધામાં એક જણ તો પાછું પડે જ છે. અને જે જણ પાછું પડે છે તે નિરાશ અને નિરુત્સાહી બને છે, જ્યારે જે જીતે છે તે ગુમાની અને દંભી બને છે. સ્પર્ધા એ થીગડું છે. એમાંથી સાચો પ્રાણ આવતો નથી; ઊલટું ખરા પ્રાણને એ ઢાંકી દે છે કે વિકૃત કરે છે.

ચોથી બાબત એ છે કે ધર્મશિક્ષણની વાત આપે મગજમાંથી કાઢી જ નાખવી. છોકરાંને ધર્મની વાર્તા કહીને, ધર્મનાં કાર્ય કરાવીને, ધર્મની રૂઢિઓનો વેશ પહેરાવીને આપણે તેમને કદી પણ ધર્મી બનાવી શકવાનાં નથી. ઘણાં માબાપો અમને પૂછે છે કે મંદિરમાં કંઈક નીતિશિક્ષણ આપો તો સારું. પૂછનાર નીતિશિક્ષણનો અર્થ પોપટિયા ઉપદેશ જેટલો કરે છે. તે એવું માગે છે કે છોકરાંઓ ધર્મની વાતો કરતાં થાય; માબાપને અને દેવને વારે વારે વંદન કર્યા કરે, અને માબાપની આજ્ઞાને દેવની ગણીને માથે ચડાવી લે. અમે એવું શિક્ષણ શી રીતે આપીએ? ઉપદેશથી મૂછો આવી જશે, આંધળો દેખતો થઈ જશે અને અપંગ ચાલતો થઈ જશે એમ માનતા હોઈએ તો જ ધાર્મિક કે નૈતિક ઉપદેશથી તેને ધાર્મિક કે નીતિમાન બનાવવા ચાહીએ. જે માબાપોમાં સ્વતઃ એવું કંઈ જ નથી કે જેથી બાળકો તેમને ચરણે પડે, એવાં માબાપો નીતિશિક્ષણની મદદથી પોતાનો અધિકાર સ્થાપવા માગે છે એ ખેદ ઉપજાવે તેવી વાત છે. આપ તો આ લોભમાંથી દૂર જ રહેજો. ધર્મ કોઈ પુસ્તકમાં નથી, કોઈ ઉપદેશમાં નથી, કે ક્રિયાની જડતામાં નથી. ધર્મ તો મનુષ્યના જીવનમાં છે. જો આપ આપનું જીવન સંપૂર્ણપણે ધાર્મિક રાખશો તો આપે

આપના બાળકના ધાર્મિક શિક્ષણ માટે બધું કર્યું છે. પણ આપ દંભી હશો અને આપના બાળકને ધાર્મિક બનાવવા ચાહતાં હશો તો જરૂર તે પણ આપના જેવું જ દાંભિક ધર્મી થશે.

આપને એક બે વાતો બીજી પણ કહેવાની છે. આપણે આપણાં બાળકોને સમજતાં નથી તેથી આપણે તેનાથી કંટાળીએ છીએ અને તેઓ આપણાથી કંટાળે છે. તેમની વિષેની આપણી ઉપલક સમજણથી આપણે તેમનું વારંવાર અપમાન કરીએ છીએ, અને વારંવાર આપણે તેમને અત્યંત દુઃખી કરીએ છીએ. બાળક સંપૂર્ણ મનુષ્ય પ્રાણી છે. તેને બુદ્ધિ છે, લાગણી છે, ભાવ છે, અભાવ છે, એને પોતાની જિંદગી છે. આપણે આવા બાળક મનુષ્યને પૂર્ણપણે સન્માન આપવું ઘટે છે. ઘડીએ ને પહોરે આપણે તેને તુચ્છકારીએ છીએ, હડસેલીએ છીએ, નાની નાની બાબતોમાં તેને પાછું પાડીને ઉતારી પાડીએ છીએ ને તેની નજીવી અપૂર્ણતા માટે તેને ઝાંખું પાડીએ છીએ; એ બધું તેને અત્યંત દુઃખકારક છે, અપમાનકારક છે. વળી આપણે તેની દુનિયા જાણતાં નથી એટલે આપણો જ કક્કો ઘૂંટવાનો આગ્રહ કરીએ છીએ. આપણા વિચાર તે તેના વિચાર, આપણી ઇચ્છા તે તેની ઇચ્છા, આપણને ગમે તે તેને ગમે, આપણા ભાવાભાવ તે તેના ભાવાભાવ, આપણો ધર્મ તે તેનો ધર્મ - એમ માની બેસીએ છીએ. બાળક ઉપર આપણે આપણી એ માન્યતા લાદીએ છીએ. આમાં આપણે ગંભીર ભૂલ કરીએ છીએ.

બાળકોના ભાવ એટલા બધા સૂક્ષ્મ હોય છે કે ઘણી વાર તે જણાવવા મુશ્કેલ પડે છે. તે એવી બાબતો પર કજિયો કરતાં હોય છે કે આપણે તે સમજી શકતા નથી, અથવા સમજવા જેટલો પ્રયત્ન પણ કરતાં નથી. આપણે તેને કજિયાળું કહીને કાઢી

મૂકીએ છીએ કે લગાવીએ છીએ, ત્યારે જરૂર આપણે તેના હૃદયને તોડી પાડીએ છીએ. આપણને સૌને અનુભવ છે કે બાળક કોઈ વાર એવી ચીજ માગે છે કે જે આપણે નથી સમજતાં. બાળક નિશાન કરે છે, પણ આપણે ઊલટાં ચિડાઈએ છીએ. બાળક કાલુંઘેલું બોલીને સમજાવવા માગે છે, પણ આપણી ચીડ વધતી જાય છે. બાળક જાતજાતના ચાળા કરી પોતાનું અંતર પ્રગટ કરવા માગે છે, ત્યારે આપણે તેના સામુંયે જોતાં નથી અથવા તેને હસી કાઢીએ છીએ. નિરાશ થતું બાળક કજિયે ચડે છે ને આખરે વધારે માર ખાઈ ઊંઘી જાય છે. આખરે જ્યારે પોતાની વસ્તુ એકાએક તેને હાથ લાગી જાય છે ત્યારે તેના હર્ષનો પાર રહેતો નથી ને આખું ઘર આનંદથી ભરી દે છે. તે આપણને કાલી બોલી બોલીને કે નિશાની કરીને કહે છે કે "મારે તો આ જોઈતું હતું." એની કીમતી ચીજમાં હોય છે તો કાચનો કટકો કે એકાદ ફૂટલી કોડી! આપણે પાછળથી પસ્તાઈએ છીએ કે અરે આટલી વાત પણ ન સમજ્યાં અને બાળકને બે કલાક રડાવ્યું? પણ આવું રોજ બને છે. આપણે એક વાત સમજીએ છીએ ત્યારે બાળક બીજી વાત સમજે છે; ને બાળક કંઈક માગે ત્યારે આપણે કંઈક આપીએ છીએ. આપણે બાળકના મનોભાવોનો પ્રદેશ જાણવા માટે જરૂર પ્રયત્ન કરવો ઘટે છે. એક વાર આપણે એની દૃષ્ટિથી જોવા માંડશું એટલે આપણી અને બાળક વચ્ચેની ગેરસમજણ દૂર થશે અને ઉભયને સુખ થશે.

એક બીજી શિખામણ આપવા ચાહું છું. આપ આપના બાળકને તોફાની કે હઠીલું ન ગણતાં. આપે એમ જ માનવું કે બાળક તોફાની હોય જ નહિ; હઠીલું તો એને આપણે જ બનાવીએ છીએ. આપણે આપણા અનુભવો ઉપર નજર નાખશું તો માલૂમ

પડશે કે મોટે ભાગે બાળકોને તોફાની અને હઠીલાં આપણે જ બનાવીએ છીએ. બાળક જ્યારે આપણું ધાર્યું નથી કરતું ત્યારે આપણે તેને તોફાની કહીએ છીએ; બાળક જ્યારે આપણે ત્યાં આવેલ મહેમાનને માટે પાણી લાવતું નથી ત્યારે આપણે તેને તોફાનીનો ઇલકાબ આપી દઈએ છીએ; બાળક જ્યારે ઘરનો સામાન ભાંગે છે, ફોડે છે, બીજાને કનડે છે કે રખડવા ઊપડે છે ત્યારે તેને તોફાનીનું ઉપનામ મળે છે. આવી જ રીતે બાળક પોતાનું મનધાર્યું કરે છે ને લીધી વાત મૂકતું નથી ત્યારે આપણે તેને હઠીલું કહીએ છીએ. ખરી રીતે આ બન્ને બાબતો ગુણો છે અને અમુક ઉંમરે તે બાળકમાં ન હોય તો તેનો વિકાસ થાય નહિ. પરંતુ આપણે તેને દોષ રૂપે ઓળખ્યા છે એ જ દુઃખની વાત છે. સત્તાની સખતાઈ બાળકને પસંદ નથી. કોને માન આપવું અને કોને માન ન આપવું તે બાળકને તરત જ સમજાઈ જાય છે. તેથી જ તે આપણી અયોગ્ય સત્તાની સામે જઈને કે મહેમાનની પરવા કર્યા સિવાય આપણું કહ્યું કરતું નથી. બાળક જ્યારે ભાંગફોડ કરે છે ત્યારે તે તોફાન નથી કરતું પણ પોતાની ક્રિયાપ્રધાન વૃત્તિને સંતોષવા માગે છે; તે તેનો વિકાસ શોધવા ચાહે છે. રખડવા માગતું બાળક આપણા ઘરને કાં તો પસંદ નથી કરતું અથવા તે પોતાની શારીરિક કસરતની જરૂરિયાતોને તૃપ્ત કરવા દોડે છે. નહિ બગડેલા બાળક વિષે આમ માની જ શકાય. પોતાનું ધાર્યું કરનાર બાળક કંઈ જ ખોટું નથી કરતું. તે જો કોઈને નુકસાન ન કરતું હોય, પાપી કૃત્ય ન કરતું હોય, પોતાની જાતને અસાધારણ જોખમમાં ન નાખતું હોય, તો ભલે તે પોતાને ગમે તે કરે; આપણે તેની વચ્ચે શા માટે પડીએ? પોતાનું ધાર્યું એને ન કરવા દઈએ પણ એની પાસે આપણું ધાર્યું કરાવીએ તો તે અયોગ્ય છે.

બાળકો પોતાનું ધાર્યું પોતાની મેળે કરે અને આપણી પાસે કરાવે તેમાં ફેર છે. આપણે એનું ધાર્યું ક્યાં કરવું અને ક્યાં ન કરવું એનો વિચાર જરૂર કરતા જવાનો છે. આપણે એના ગુલામ નથી બનવું, તેમ આપણે તેના વિકાસના વિઘાતક પણ નથી થવું. આ પ્રશ્ન વિવેકનો છે, અને તે પ્રત્યેક માબાપની વિવેકબુદ્ધિ ઉપર જ છોડી દેવો જોઈએ. બાળકને તમે સ્વતંત્ર બનાવો જ. તમે તેને બદલે આડે પડીને કામ કરી ન આપો. તમારું તેના ઉપરનું હેત તેને અપંગ બનાવવા માટે નથી. તે પોતાની મેળે જે કરવા માગે તે તેને કરવા જ દ્યો. એટલું જ નહિ પણ તે પોતે જે કરી શકે તે બધું તે કરવા માંડે અને તમારી પાસે કરાવતું મટી જાય તેની વહેલી તકે ગોઠવણ કરો. બાળકે પોતાના જીવનની બાબતમાં આપણા ઉપર જરાયે આધાર ન રાખવો જોઈએ. આપણે તેની આયા બની તેની સ્વાધીનતા ખૂંચવી ન લઈએ. વળી સ્વતંત્રતાનો અર્થ બરાબર ધ્યાનમાં રાખવો જરૂરનો છે. સ્વતંત્રતા એટલે નિરંકુશતા એમ ન સમજવું. જો બાળક તમને મારે તો તેને એમ કરવા દેવામાં મૉન્ટેસૉરી પદ્ધતિની સ્વતંત્રતા અપાય છે એવું ભૂલેચૂકે પણ ન માનતાં! બાળક ગારાવાળા જોડા પહેરીને ગાલીચા ઉપર ચાલવાની સ્વતંત્રતા ભોગવી ન જ શકે; કોઈને બચકાં ભરવાની છૂટ મૉન્ટેસૉરી પદ્ધતિમાં કોઈ બાળકને મળે જ નહિ; તેમ કોઈ બાળક ચોરી કરવા કે ગાળ દેવા પણ સ્વતંત્ર ન જ હોઈ શકે. આવાં બાળકો તો નીચી વૃત્તિનાં ગણાય છે. આવી વૃત્તિને અથવા તેની પાછળ રહેલાં બળોને આપણે ઊંચે ચડાવીએ પણ તેને અભિનંદીએ તો નહિ જ. સ્વતંત્રતાની બાબતમાં આપ વારંવાર વિચાર કરીને અમને પૂછતાં રહેશો તો યોગ્ય ખુલાસો આપવા પ્રયત્ન કરીશું.

આપને એક યુક્તિ આપું. બાળક સાથે કામ પાડવામાં આપે એક વાત પકડી રાખવી. એ વાત એ છે કે સો 'હા' સારી પણ એક 'ના' નહિ સારી. આજે તો આપણે 'એક નન્નો સો અવગુણ હરે.' એ કહેવતને અનુસરીને ચાલીએ છીએ. બાળક પોતે જે કંઈ પોતાની જાતે જ કરવાનું માગે તેમાં 'હા' જ પાડવી. આપણે વિના કારણે કેટલીએક નિર્દોષ બાબતોમાં બાળકને ના પાડીને તેને દુઃખી કરી મેલીએ છીએ. 'હા' પાડશું તો બાળક તેને જે કહ્યું ન હતું તે કરી બેસશે એવો ભય ન જ રાખવો. તેને 'હા' પાડો અને કામ કેમ થાય તે બતાવો એટલે બાળક બધી બાબત મોટા માણસ પેઠે કરશે. અત્યંત વિચાર કરીને 'નકાર' ભણો. જે કરવા ન દેવું હોય તેમાં જ ના પાડો. પાછળથી' કરવા દેવું પડે તેમાં પહેલાં ના પાડીને પછી હા ન પાડો. હા પાડીને ના પાડવામાં જે નુકસાન છે તેના કરતાંયે ના પાડીને હા પાડવામાં છે. બાળક ત્યારથી શીખે છે કે 'ના' ની 'હા' થઈ શકે છે, માત્ર તેણે કજિયો કરવાનો છે. બાળકને આપણે ત્યારે જ 'ના' પાડીએ કે જ્યારે એને પોતાને સમાજને કે નીતિશાસ્ત્રને ઈજા થવાનો ભય કે સંભવ હોય. આપણે બાળકમાં બહુ અવિશ્વાસ રાખીએ છીએ. બાળકને હાથે કંઈ ફૂટી જશે, તે આમ કરી શકશે નહિ, તેને આમ કરતાં લાગી જશે, તેને ફલાણું તો આવડે જ નહિ - એવું માનીને આપણે તેને કંઈ કામ સોંપતાં ભય રાખીએ છીએ; અને સોંપવું પડે છે તો ખૂબ આનાકાની પછી અથવા અવિશ્વાસના ઉદ્ગારો સાથે. આથી બાળકમાં અશ્રદ્ધા પેદા થાય છે. તે પોતાની શક્તિને ગુમાવી બેસે છે ને આગળ જતાં નાલાયક બને છે. બે બાળકોમાં એકને વખાણીને અને એકને નિંદીને આપણે એકમાં અતિશ્રદ્ધા

અને બીજામાં અશ્રદ્ધા ઉપજાવીએ છીએ. નિંદાથી બાળકનો આત્મા બિડાઈ જાય છે ને સ્તુતિથી ઉદ્ધત થાય છે. આપણે તો બંને વસ્તુનો ત્યાગ જ કરીએ.

માબાપોની એક બૂરી ટેવ તરફ હું ધ્યાન ખેંચું છું. તેઓ પોતાનાં છોકરાંઓને મહેમાનો આગળ કે મિત્રો આગળ રજૂ કરી તેમની પાસે કાંઈક બોલાવરાવે છે, ગવરાવે છે વગેરે વગેરે. આમ કરવાથી કદાચ મિત્રો તો ખુશી થાય, પણ બાળકને તો ભારેમાં ભારે નુકસાન થાય છે. તે ઉપલકિયું બને છે. તેને એવી ટેવ પડે છે કે જ્યારે કોઈ વખાણીને જોનાર હોય કે ઉત્સાહ આપનાર હોય ત્યારે જ તેને કામ કરવું ગમે. તે નાટકિયું થઈ જાય છે. ઘણાં માબાપો પોતાનાં બાળકો બીજાને પોતાની વિદ્યા બતાવીને રાજી કરતાં નથી - કરવાની ના પડે છે ત્યારે બાળકો ઉપર નારાજ થાય છે, ઈનામ આપી કામ કરાવવા દોડે છે. અથવા મારી પણ દે છે. બાળકો નથી આપને માટે કે નથી મહેમાનો માટે. બાળારાજાઓને માથે પોતાની મરજી વિરુદ્ધ બીજાને રાજી રાખવાની ફરજ કેમ નખાય? તેમાં તો ગુલામીનો પાઠ છે, આપણા અભિમાનને તૃપ્ત કરવાની આડકતરી રીત છે. બાલમંદિરમાં બાળક સુંદર બન્યું તે એવી શસ્ત્રક્રિયા માટે નહિ જ. એની શક્તિ પ્રથમતઃ તેના આનંદ માટે છે. આપણને એ આનંદ સહેજે મળતો હોય તો ભલે આપણે લઈએ. આપણે એમને આપણાં રમકડાં તો ન જ બનાવીએ; આપણે પણ એનાં રમકડાં ન બનીએ.

આપને ઘણી તસ્દી આપી. શિખામણ તો એટલી આપી કે આપને અપચો થાય. છતાં હજી કહેવાનું તો છે જ. પણ હવે હું થોડીએક વ્યાવહારિક વાતો કહીશ. આપના બાળકને ખૂબ સ્વચ્છ

રાખો; ગંદકી અને ક્ષય રોગનો સાથે જ વિચાર રાખો. નિર્ભયતા એ શિક્ષણનો પ્રાણ છે, એ સૂત્ર તમારા ઘરમાં ટાંગી જ રાખજો. નાનાં બાળકો એટલે ગેરહાજરી ચાલે તે વિચાર કાઢી નાંખો; તેને હંમેશાં નિશાળે આવવાની સગવડ કરી આપો; માત્ર તેની મરજી વિરુદ્ધ ન મોકલો. નાતમાં જમવા જવાના કારણે કે કોઈની અઘરણી પંચમાસીને કારણે કે નવો ભાઈ આવ્યો છે માટે દસ દહાડા બાળકને ઘેર રોકી ન રાખો. આપે આપના બાળકને ઘરમાં શીખવવું નહિ; એક મ્યાનમાં બે તલવાર નહિ ચાલે. અમારી રીત જુદી; આપની રીત જુદી. જ્યારે આપનો વિચાર એને ઘેર ભણાવવાનો થાય ત્યારે સુખેથી ઉઠાડી લેજો. જો આપ આપનું વૈદું અને વકીલાત આપ પોતે વૈદ્ય અને વકીલ ન હો છતાં જાતે જ કરી શકતાં હો, તો જ આપ શિક્ષક ન હો છતાં આપના બાળકને ભણાવવાની ધૃષ્ટતા કરી શકો! અમારા હાથમાં નાવ મૂક્યા પછી નિશ્ચિંત રહેવા જેટલી શ્રદ્ધા આપનામાં નહિ હોય તો આપનું નાવડું ડૂબશે. બે ઘોડે નહિ ચડતા, નહિતર બંને બાજુથી લટકશો. આપ આપના બાળકને મંદિરમાં બેસાડી થોડા જ દિવસોમાં પૂછશો કે શું ભણ્યું, તો ઝાડને રોપ્યા પછી થોડા જ દિવસમાં તેને ખેંચી કાઢી તેનું મૂળ કેટલું વધ્યું છે તે જોવા બરાબર થશે. તમારી શ્રદ્ધાથી તમે તમારા પ્રયત્નના વૃક્ષને પોષશો તો જ સુંદર ફળો આવશે. અસંતોષથી દૂર રહેજો; સ્વાર્થી હિતેચ્છુઓને ઓળખી કાઢજો. તમારામાં જો ખરી શ્રદ્ધા હશે તો અમે જે બીજાં બાળકોમાં જોયું છે તે આપણે આ તમારા બાળકમાં પણ જોવા ભાગ્યશાળી થઈશું. તમારી પાસેથી અમે બીજું કશું નથી માગતા; એક જ વસ્તુ માગીએ છીએ અને તે અડગ શ્રદ્ધા. ઘરનાં બૈરાંઓ થાકી જશે, બીજી શાળાના માસ્તરો

ડગાવશે, ટ્યુશન રાખવાવાળા પોતાના સ્વાર્થ માટે તમને બગાડશે, પણ તમે જાગ્રત રહેજો.

આપ અમારી શાળા જોવા વારંવાર વખત લેજો અને અમારી ભૂલો થતી હોય તો તે તરફ અમારું ધ્યાન ખેંચજો. આપના બાળક સંબંધે હૃદય ખોલી વાત કરજો, મુશ્કેલીઓ જણાવજો, અને નીડરપણે લડજો. આપ પણ આપના બાળક વિષે કશું ઢાંકશો નહિ. આપ જેટલી દરકાર રાખશો તેટલો મંદિર અને બાળકને લાભ જ થશે. નિશાળમાં બાળકને મોકલ્યું છે માટે હવે બેફિકર સૂઈ રહો એ નીતિ ન સ્વીકારતા. આપ આપના ઘરનાં સૌને આમાં રસ લેતાં કરશો તો જ આપણે સફળતા મેળવીશું.

❃

# માતાઓને

: ૧ :

જ્યારે અમારું બાલમંદિર શરૂ થયું ત્યારે આ બાલમંદિરમાં આવનારાં બાળકોને તેમનાં માબાપોએ કેમ રાખવાં તથા તેમની સાથે કેવી જાતનું વર્તન રાખવું એ વિષે છાપેલ સૂચનાઓ તમને બધાંને મોકલવામાં આવેલી છે. એમાં જે સૂચનાઓ કરવામાં આવી છે તે તમારા ધ્યાનમાં હશે; જરૂર હશે તો એ તમને અહીંથી ફરી વાર પણ મળી શકશે.

એ સંબંધમાં હું તમને કેટલુંક કહેવા ધારું છું. ધારો કે આપણે ઊંઘી ગયાં હોઈએ અને કાંઈક જાદુથી કે કોઈ રાક્ષસી માયાથી આપણને કોઈ અજાણ્યા રાક્ષસના દેશમાં લઈ જઈને મૂકી દે; ત્યાં જ્યારે આપણે જાગીએ અને જોઈએ ત્યારે માલૂમ પડે કે આપણે તો રાક્ષસના દેશમાં આવી પડ્યા છીએ ત્યારે કેટલો બધો ત્રાસ થાય?

ત્યાં તો મોટા મોટા રાક્ષસો હોય. ત્યાં ઘરના દાદરા પણ મોટા હોય, તેમનાં કબાટો મોટાં હોય, તેમનાં પાણિયારાં મોટાં

હોય, ગોળા પણ મોટા હોય. આપણે તો એ રાક્ષસોના પગના ગોઠણ સુધી પણ પહોંચી શકીએ નહિ. એવા સંજોગોમાં સપડાઈ ગયા, અને વળી આપણને તેઓ ત્યાં ને ત્યાં પૂરી રાખે તેમ જ એવા ઘરમાં રહેવાની ફરજ પાડે તો આપણને કેવું લાગે? ત્યાંના મોટા દાદરાનાં લાંબાં પગથિયાં હોય; તે ઉપર તેઓ તો ધમધમ ચડે અને ઊતરે પણ આપણે એ લાંબા ગાળાવાળાં પગથિયાં ઉપર ચડીને જઈ શકીએ જ નહિ; ત્યાંની થાળીઓ એવડી મોટી હોય કે આપણે આખા ને આખા સમાઈ જઈએ; પાણિયારું એવું ઊંચું હોય કે આપણે ત્યાં પાણીને પહોંચી જ ન શકીએ. એટલે આપણે આપણું મનધાર્યું કશું કરી જ શકીએ નહિ.

આવું સ્વપ્ન આપણાં બાળકોને આપણા ઘરમાં હંમેશાં આવે છે, પણ આપણું તે તરફ ધ્યાન જ જતું નથી. આપણાં ઘરોમાં બાળક માટે બધું એવું જ છે. ખીંટીઓ બહુ ઊંચે હોય છે; પાણિયારાં ઊંચાં ને મોટાં હોય છે એટલે બાળક ત્યાં પહોંચી શકતું નથી; કબાટ મોટાં હોય છે એટલે બાળક તેનો ઉપયોગ કરી શકતું નથી. અને બધી વ્યવસ્થા અને સરસામાન એવાં હોય છે કે બાળકને તો વિચાર થઈ પડે કે આ તે માણસનો લોક છે કે રાક્ષસનો મુલક છે!

આવા સ્થળમાં બાળકને હંમેશાં પોતાને સારુ કાંઈ ને કાંઈ માગવું પડે છે. તે પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકતું નથી. પાણી પીવું હોય ત્યારે પાણિયારાં ઊંચાં હોવાથી તેને પાણી માગવું પડે છે; ખાટલા મોટા હોવાથી તેને સૂવું હોય ત્યારે પાથરી દેવાનું કહેવું પડે છે; પાટલા મોટા હોવાથી તે પણ મેળે ઉપાડીને માંડી શકતું નથી; દાદરા મોટા હોવાથી મનમાં આવે ત્યારે ચડી શકતું નથી. ઘરમાં વસાવેલાં બધાં સાધનો બાળકને કશા કામના નથી; ત્યાં તેણે કરવું શું?

કેટલાંયે ઘરોમાં બાળક માટેના પ્રેમથી અને ઉદારતાથી તેને રમવા માટે રમકડાં રખાય છે ખરાં; અને બાળક એક ખૂણે બેસીને રમ્યા કરે એમ તેને કહેવામાં આવે છે. છતાં એવાં રમકડાંથી તેઓ લાંબો વખત સંતોષ પામતાં નથી. બહુ વારે જ્યારે બાળક રમકડાંથી અકળાય છે ત્યારે તેને ફોડી નાખે છે, અથવા ખિજાઈને દાંતથી ચાવીને ફેંકી દે છે.

જો તમને એમ લાગે કે આ વાત સાચી છે, અને બાળકને માટે તો જેવો જોઈએ તેવો ઘરમાં એક પણ ખૂણો નથી કેમ કે જે બધાં સાધનો છે તે તેમને માટે તો બહુ મોટાં છે, તો તમારે તમારા ઘરમાં સુધારો કરવો જોઈએ. બાળકને અનુકૂળ થાય તેવાં નાનાં વાસણો, નાની ટબૂડીઓ, વાટકીઓ અને તેઓ ઉપાડી શકે તેવાં ધોકણાં, નાની સાવરણી, એમ બધી સામગ્રી તેમને માટે નાની સંપડાવવી જોઈએ; કેમ કે બાળક ઘરમાં બેઠું બેઠું જે આપણે કરીએ તે કરવાનું મન કરે છે. ઘણી વાર તમે માતાઓએ જોયું હશે કે બાળક રોટલી વણવા, કઢી હલાવવા, ઠામ માંજવા, ધોવા, સંજવારી કાઢવા વગેરે માટે તત્પર થાય છે. પણ એવાં કામ માટે ઘરમાં બધાં સાધનો મોટાં હોવાથી તેમને કદાચ ઈજા થશે એમ જાણીને આપણે તેમને અડવા જ દેતાં નથી. એમ થવાથી બાળકો નાખુશ થાય છે; અને પછી આપણે એવું કામ તેમને કરવાનું જ્યારે કહીએ છીએ ત્યારે ઊલટાં તે સામાં થાય છે, અને પછી આપણને લાગે છે કે બાળકો આપણું કહ્યું કરતાં નથી.

બાળકનો સહજ સ્વભાવ છે કે તે ઘરમાં કામ કરવા માગે; પાટલા માંડવા, સંજવારી કાઢવા, વગેરે માટે તે મન કરે. પણ કાં તો વાગવાની કે બગાડી નાખવાની કે ફોડવાની બીકથી તેને ના પાડવામાં આવે છે, એટલે તે તરત નાખુશ થઈ રડે છે અને પછી

શાંત થાય છે. પણ ત્યાર પછી તે બાળકને માબાપ કાંઈ કામ કરવાનું કે કાંઈ વસ્તુ લાવી આપવાનું કહે છે ત્યારે તે કહ્યું કરતું નથી, તેમ જ કશું શોધી લાવતું પણ નથી. બાળકોને જ્યારે આપણી માફક કામ કરવાનું મન થાય ત્યારે તેમને સંતોષ આપવો જોઈએ, અને તેમનાથી કામ થઈ શકે તેટલા સારુ તેમને લાયકની બધી નાની વસ્તુઓ વસાવવી જોઈએ. પણ તેમને લાયકનું કશું સાધન નહિ હોવાથી તથા બધી ચીજો તેમના ગજા કરતાં મોટી ને છેટી હોવાથી તેમને જે જોઈએ તે માગ્યા કરવું પડે છે; અને આપણને લાગે છે કે તે આપણો જીવ ખાય છે. પણ જો બધી ચીજો તેને સારુ નાની હોય અને તેને ઘટે તેવી સગવડો હોય, તો તે પોતાનું કામ પોતાની મેળે જ કર્યા કરશે એમ હું અનુભવથી કહી શકું છું.

અહીં બાલમંદિરમાં બધાં સાધનો એવી રીતે ગોઠવ્યાં છે કે બાળકો પોતાની મેળે પોતાને ફાવે તે લઈ શકે છે. તેઓ મેળે જ પોતાને આસને બેસે છે, તેમને જોઈએ તેવડાં અને જોઈએ તેવાં સાધનો પોતાની મેળે લે છે, આનંદથી રમ્યા કરે છે અને રમી રહ્યા પછી પોતાની મેળે તેમને બરાબર જગાએ મૂકી દે છે. મારે તેમને એ બાબતમાં કહેવું પડતું જ નથી.

બાળકનો સ્વભાવ જ શાંત બેસી રહેવાનો નથી. તેને કાંઈ ને કાંઈ કરવાનું મન થાય છે. કેટલાક પૈસાપાત્ર લોકો અને મોટા માણસોના ઘરમાં એવું જ મનાય છે કે બાળકોથી કેટલાંક કામો થાય જ નહિ; ઘણે સ્થળે તો તેમને નવરાવવાં, વાળ ઓળવા, કપડાં પહેરાવવાં, બૂટ પહેરાવવા વગેરે કામો મોટેરાં કે નોકરો કરી આપે છે. જો કોઈ માણસ આપણને ખોરાક ચાવીને મોઢામાં મૂકવાની નોકરી કરવા આવે તો આપણને તેવો નોકર ગમશે કે?

આપણે તરત જ તેવા નોકરની ના જ પાડશું. પણ બાળકને તો બધું આપણે જ ચાવી આપીએ છીએ; આપણે જાતે તેમને બધું કામ કરી દઈએ છીએ. તેમને કદાચ લાગી જશે, તેમનાં લૂગડાં બગડશે, તેઓ ઘરના કામમાં આડાં આવશે કે કાંઈ કામ બગાડી મૂકશે, એમ કરીને આપણે તેમને કામથી અટકાવી રાખીએ છીએ અને મના કરીએ છીએ. તેમને ઈજા થશે અથવા તે બરાબર કરશે નહિ અને બગાડશે, એ જોવું જ ન જોઈએ. માત્ર તેઓ કામ કરવાનો સંતોષ પામે અને તેમની જિંદગીને કશું જોખમ ન થાય એટલી જ સાવચેતી રાખવાની જરૂર છે.

કહેવત છે કે "હૈયું બાળ્યા કરતાં હાથ બાળવા સારા." એટલે કે બાળકો તોડી ફોડી નાખે તે કરતાં આપણે બધું કરી દઈએ તે સારું. પણ તે ખોટું છે. એમ કરવાથી તેઓ પોતાની મેળે કામ કરતાં શીખી શકતાં નથી. તેઓ પોતાની મેળે કામ કરતાં થાય એવું કરે તે જ ખરી માતા છે. બે વરસની ઉંમરનાં બાળકો પણ પોતાનાથી બનતું કામ શા માટે મેળે ન કરે?

યુરોપમાં એક નિશાળમાં ત્રણ ચાર વરસનાં છોકરાં પોતાનો ખોરાક પોતપોતાની મેળે કાચનાં વાસણોમાં પીરસીને ખાય છે, અને તે વાસણો પોતાની મેળે પાછાં ધોઈને ઠેકાણે મૂકી દે છે; અને એમ હેરફેર કરવામાં તેઓ તે ફોડતાં પણ નથી. યુરોપની એક બાળ-મોન્ટેસોરીની આવી બાળનિશાળની જો હું તમને વાત કરું તો તમે તાજુબ થઈ જાઓ! અને એ બધી વાત દુનિયાની નહિ પણ કોઈ સ્વર્ગની તમને લાગે. ત્યાં નાનાં બાળકો જાતે પોતાના વાળ ઓળે છે, જાતે કપડાં બૂટ વગેરે પહેરે છે, અને તેનાં બુતાન પણ મેળે જ બાંધે છોડે છે. પણ અહીં આ બાલમંદિરમાં કેટલીક સાડા પાંચ વરસની વયની કન્યાઓ આવે છે તેમને તેમની

માતાઓ હજી સુધી નવરાવે છે, વાળ ઓળે છે. કપડાં પહેરાવે છે અને બધું કરી આપે છે. એમ કરવા કરતાં તેઓ પોતાની મેળે પોતાનું બધું કામ કરતાં થાય એમ થવું જોઈએ.

અહીં બાલમંદિરમાં એક કૂંડી ભરીને તૈયાર રખાય છે; તેમાં બાળકો પોતાની મેળે હાથ મોઢું ધોઈને પોતાની મેળે જ સાફસૂફ થાય છે. એટલે મને અનુભવથી જણાય છે કે જો ઘર આગળ પણ તેમને પોતાની મેળે પોતાનું કામ કરવા દેવાની સગવડ રખાય તો ધીમે ધીમે તેઓ નાહવાનું, હાથ, પગ, મોઢું વગેરે સાફ કરવાનું, લૂગડાં પહેરવાનું, વગેરે તમામ કામ પોતાની મેળે કરતાં શીખી જશે અને તેમને માટેની બધી ખટપટ દૂર થશે તથા માવતરોની માથાકૂટ મટી જશે.

હું ઘરસંસારી છું અને મને પણ અનુભવ છે કે બાળકો જે તે માગ્યા કરે છે, કવરાવ્યા કરે છે અને માથાકૂટ કરાવ્યા કરે છે. પણ જો તેમને તેમની મેળે કામ કરવાનો રસ્તો કરી આપવામાં આવે, અને તેમને આડી આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં આવે, તો તેઓ જરૂર પોતાનું કામ પોતાની મેળે કરતાં શીખશે. પણ આપણે તેમને પરાધીન ગુલામ જેવાં કરી દઈએ છીએ તે ખોટું છે. તેમને તેમનું બધું કામ જાતે જ કરવા દો.

તેમના હાથ-પગ નાના હોવાથી અને શક્તિ ઓછી હોવાથી તેઓ બધું કામ કાંઈ ઝપાટાબંધ અને જેવું જોઈએ તેવું બરાબર કરશે નહિ; તોપણ તેઓ જે પોતાને માટે કરે છે તેથી તેમને સંતોષ થાય છે; ને તે જોઈને આપણે સંતોષ પામવો જોઈએ. અહીં બાલમંદિરમાં હું જોઉં છું કે તેઓ પોતાને ફાવે તેવું કામ પોતાની મેળે ખરા દિલના રંગથી કરે છે. તેમ જ તેમને ઘરમાં પણ જે કરવાનું મન થાય, અને જેમાં ગંભીર જોખમ ન હોય, તે કરવા દેવા માટે મારી ખાસ ભલામણ છે.

અહીં બાલમંદિરમાં બાળકોને કેળવવાનો અમારો પ્રયાસ તો માત્ર બે કલાકનો છે, અને તમારો ઘરમાં બાવીશ કલાકનો છે; તેમાં જો વિરોધ હોય તો અમે કંઈ જ કરી શકીએ નહિ. પણ જો તમે અમારા કામને અનુકૂળ હો, અને તેવી જાતની ઘેર પણ તમારાં બાળકોની સાથે રીત રાખો, તો આ કાર્યમાં જરૂર ફતેહ થાય.

પોતાનું બાળક સંપૂર્ણ સ્વચ્છ રહે તેની પૂરી સંભાળ માવતરોએ લેવી જોઈએ. પણ કેટલાંક બાળકો અહીં હજી ઘેરથી અસ્વચ્છ હાલતમાં આવે છે, તેથી અમારી કામવાળી બાઈ પાસે તેમને સાફ કરાવીએ છીએ. બાળકની સ્વચ્છતામાં માતાઓએ તેમનાં આંખ દાંત બરાબર સાફ છે કે નહિ, કાનમાં મેલ પરુ છે કે કેમ, માથાના વાળમાં ખોડો છે કે નહિ, એ બધું જોઈને દરકારથી સ્વચ્છ કરવું જોઈએ. તેમનાં કપડાં સાફ, બટન કડીવાળાં અને ફાટ્યાં હોય તો સાંધેલાં રાખવાં જોઈએ; એ બધું માતાઓએ સંભાળથી જોવું જોઈએ. તેમના નખ પણ બરાબર ઉતારેલા જોઈએ. આ બધી બાબતમાં જો કાંઈ ખામી હોય તો તે બાળકોનો દોષ નથી પણ માબાપનો દોષ છે.

બીજું, બાળકો તો આપણે ત્યાં પ્રભુએ મોકલેલા દેવના દૂતો છે. એ બધા નાના નાના દેવો છે. માટે આપણું વર્તન તેમના તરફ માનભર્યું અને પ્રેમાળ જોઈએ. ઘરેણાં પહેરાવવામાં ખરો પ્રેમ નથી; તેમ જ સારું સારું ખવરાવવામાં કે કીમતી વસ્ત્રો પહેરાવવામાં ખરો પ્રેમ રહેલો નથી. પણ તેમને રુચતું કરવા દેવું તથા સગવડ કરી આપવી તેમાં ખરો પ્રેમ રહેલો છે. તેઓ જે ઇચ્છે તે કરવા દેવામાં વાંધો ન લેવો જોઈએ.

કોઈ મોટું માણસ આપણને મળવા આવે ત્યારે આપણે

તેમને માન આપીએ છીએ, તેમને વિનય બતાવીએ છીએ. પણ બાળકો, જે દેવને ઘેરથી આપણે ત્યાં મહેમાન થઈને આવ્યાં છે તેમને હડધૂત કરીએ, તેમને વિનય કે પ્રેમથી બોલાવીએ નહિ, અને નજીવી વાતમાં તેમનું અપમાન કરીએ, એ કેટલું બધું ખોટું છે ? માટે તેમના તરફ સંપૂર્ણ પ્રેમ, વિનય અને આદરથી વર્તવું જોઈએ, તથા તેઓ નાનાં છે છતાં તેમને નાનાં ગણી કાઢવાં ન જોઈએ.

વળી બહેનો ! બીજી પણ એક વાત ધ્યાનમાં રાખો. આપણે અમુક એક જાતનું વર્તન રાખીએ અને બાળક તેથી બીજી જાતનું વર્તન રાખે એવું કદી બનવાનું નથી; તેઓ બધી વાતમાં આપણું જ ઝીણી નજરે અવલોકન કરે છે અને આપણું જ અનુકરણ કરે છે. જો આપણે આપણા વિચારો અને વિકારોને તાબામાં રાખશું તો બાળક પણ તેમ કરતાં શીખશે; અને જેવું આપણે બોલશું, જેવું આપણે કરશું, તેવું જ બાળક પણ બોલશે ને કરશે. જે સ્ત્રીઓ નોકરચાકર મારફત ઘરનું કામકાજ લેતાં હશે તેમનાં છોકરાં પરાધીન ગુલામ બનશે; માટે બાળકોને જાતે કામ કરતું બનાવવા ખાતર આપણે પણ જાતે કામ કરવું જોઈએ; અને તેમની ખાતર આપણે આપણું વર્તન, વાણી અને કામ સારાં રાખવાં જોઈએ.

બાળકોને શેરીમાં હલકી સોબતમાં છૂટાં રખડવા દેવાં ન જોઈએ. શેરીનાં છોકરાંની હલકી રમતોમાંથી અને હલકા વાતાવરણમાંથી તેમને બચાવીને તેમને સારુ ઘરમાં સારાં સાધનો લાવી આપો. તેમને ઘરમાં આનંદ થાય એવાં જોઈતાં સાધનોની યાદી કરી આપશું. બાળક જે કરે તેમાં કોઈ જાતની તેને ઈજા ન થાય, અને કાંઈ અનીતિવાળું ન હોય તેવું બધું કરવા દેવું.

અમારી આ બાળશાળાનું ભણતર જરા નવીન જાતનું છે.

અહીં બાળકને કદાચ એકદમ એકડા કે કક્કો નહિ આવડે, પણ તેઓ રમતમાં ને રમતમાં કક્કો તથા એકડા શીખી તો જશે જ. તેમને 'શું શીખ્યાં?' એમ પણ તમારે પૂછવાની જરૂર નથી. પણ તેમને શું ગમે છે, તેમનું વલણ કેવું છે, તેઓ શું કરવા માગે છે, તે તમારે જોયા કરવું અને તેમને જોઈતી ચીજ કે સાધન આપવાં. તેઓ અહીં શું શીખે છે તે તમારે જોવું જાણવું હોય તો દર અઠવાડિયે એક વાર અહીં આંટો આવીને જોઈ જશો તો તમને ખરેખર ખાતરી થશે કે તમારું બાળક ધીમે ધીમે આગળ વધતું જાય છે.

બહેનો! તમે બધાં મારા આમંત્રણથી તમારાં બાળકોના હિતની ખાતર તથા તેમના ઉપરના હેતથી અહીં આવ્યા છો, અને મારું કહેવું તમે ધ્યાનપૂર્વક સાંભળ્યું છે, તેથી હું બહુ ખુશી થયો છું. હવે પછી બીજી કેટલીએક વાતો કહેવા માટે હું તમને બોલાવીશ, તે વખતે તમે બધાં આવશો એવી આશા રાખું છું.

: ૨ :

## બાળકોનો પહેરવેશ

પહેલવહેલું હવે તમારાં બાળકોનો પહેરવેશ કેવો રાખવો એ હું તમને કહીશ. આજકાલ ફેશનનું જોર બહુ વધી ગયું છે, તેથી આપણે અંગ્રેજોની નકલ કરીને તેમનો વેશ રાખીએ છીએ. પુરુષો કોટ, પાટલૂન, બૂટ, નેકટાઈ વગેરે પહેરતાં શીખ્યા છે અને સ્ત્રીઓ પોલકાં અને ફરાક પહેરવા લાગી છે. વળી અધૂરામાં પૂરું તેમનાં બાળકોને પણ ફેશનવાળાં પોલકાં અને ફરાકનો ઠઠારો કરે છે. પણ તેથી ઘણું નુકસાન થાય છે. આપણા દેશની હવાને એ પહેરવેશ જરાયે અનુકૂળ નથી. આપણો દેશ ગરમ છે, અને આજે ઉનાળામાં અત્યારે આપણે આટલાં જે કપડાં પહેર્યાં છે તેથી

પણ ગરમી અને ઘામ થાય છે. વિલાયતમાં તો બારે માસ એટલી ઠંડી રહે છે કે તેઓ ચાર પાંચ વાનાં ઉપરાઉપરી પહેરે તોપણ તેમને હૂંફ વળતી નથી. માટે જેવો દેશ તેવો વેશ હોવો જોઈએ.

આપણે આપણાં બાળકોને ફરાક પહેરાવીએ તેથી એક મોટી અડચણ એ આવે છે કે તેઓ તે પોતાની મેળે પહેરી જ શકે નહિ, કેમ કે ફરાકનાં બટન પાછળ હોય છે. આથી જ્યારે તેને ફરાક પહેરવું હોય ત્યારે કોઈ તેમને મદદ કરે તો જ પહેરી શકાય. વળી આપણે કામમાં હોઈએ અને તેને ફરાક પહેરવું હોય તો તે આપણને પજવ્યા કરે છે. આપણને મોટાંને કોઈ આવો વેશ પહેરવાનું કહે કે જેમાં બીજાની મદદ જોઈએ, તો તે પહેરવેશ આપણને બિલકુલ પસંદ કરીશું નહિ; કેમ કે આપણે મોટાં સમજુ અને હા ના કહી શકીએ એવાં છીએ તેથી આપણને કોઈ એવો વેશ પહેરાવતું નથી. પણ બિચારાં બાળકો તો નાનાં છે, અજ્ઞાન છે; તેઓ પોતાની હા કે ના-ની મરજી પણ બતાવી શકતાં નથી; તેથી તેમને પરાધીન રહેવું પડે છે. તમે કામમાં હો ત્યારે તેને ધુતકારી કાઢો છો, પણ તે પોતાનું ફરાક પોતાની મેળે શી રીતે પહેરી શકે તેનો ખ્યાલ પણ કરતાં નથી. આ બધા પાપનું કારણ ખરાબ પહેરવેશ છે. માટે છોકરીઓને મોઢા આગળ બટન આવે તેવું બદન કે ચોળી જોઈએ, અને છોકરાઓને માટે સાદું પહેરણ રાખવું જોઈએ.

ઉપરાંત ફરાકમાં ખીસાની સગવડ હોતી જ નથી, તેથી કોઈ વાર તેને ચિઠ્ઠી આપીએ તે ક્યાં રાખવી તેની મહા મુશ્કેલી! તેમ જ તેની સાથે રૂમાલ હોય છે, તેને રાખવાની પણ મુસીબત પડે છે. ચિઠ્ઠી કે રૂમાલ ખોવાઈ જશે એવી બીકથી તે કાંઈ કામ કરી શકતાં નથી; રૂમાલની ચિંતામાં ને ચિંતામાં તે કશી રમત રમી

શકતાં નથી; કાંઈ ચીજ કે રમકડું પણ લઈ શકતાં નથી; અને પડીને ખોવાઈ જવાની બીકથી તેમને રૂમાલ તો હાથમાં ને હાથમાં રાખી મૂકવો પડે છે, અને તેમના હાથ આમ બંધાઈ રહે છે. આ બધું ફરાકનું પાપ છે. માટે આગળ કે પડખે ખીસું હોય એવું ઝબલું કે પહેરણ પહેરાવવું.

બીજું આપણામાં છોકરીઓ માટે સામાન્ય રીતે ઘાઘરીનો વેશ છે; પણ તેથી નાનાં છોકરાં સફાઈથી કે છૂટથી અને સગવડથી હાલી ચાલી શકતાં નથી. વળી ઓછામાં પૂરું હવે તો ઘાઘરીઓને ઢસરડાતી ઝાલરો કરાવાય છે, તેથી છોકરીઓને હરતાં ફરતાં તે પગમાં અટવાય છે અને તેઓ પડી જાય છે. પાણી લેવા જાય ત્યાં ઝૂલતી ઝાલરોવાળી ઘાઘરી પલળે છે, અને જ્યારે ત્યારે હરફર કરવામાં તે આડી આવીને વિઘ્નરૂપ થાય છે, અને એવી ઘાઘરીઓને લીધે છોકરીઓ છોકરાઓ જેટલી છૂટથી હરીફરી શકતી નથી. આપણે છોકરા અને છોકરીઓ બન્નેને સરખાં ગણવાં જોઈએ; તેમને બન્નેને સરખી છૂટ અને સરખી સગવડ હોવી જોઈએ. માટે છોકરીઓ દસ વર્ષની થાય ત્યાં સુધી તેમને પણ ચોરણી કે ચડ્ડી પહેરાવીએ તો જરાયે ખોટું નથી. એવી ચડ્ડી પહેરવાથી તેઓ છૂટથી હરીફરી શકશે.

વળી દાક્તર લોકોનો મત છે કે લૂગડાં તસોતસ પહેરાવવાથી બાળકનું શરીર વધી શકતું નથી, માટે તેમને જેમ બને તેમ ઢીલાં પડતાં કપડાં પહેરાવવાં, અને ઢસરડાય તેવાં નહિ પણ ટૂંકાં પહેરાવવાં જોઈએ. છોકરીઓ ઢસરડાતી ઘાઘરીથી લાંબું પગલું ભરવા જાય તો જરૂર પડી જાય છે એવું અમે અનેક વાર જોયું છે. માટે તેમને ચડ્ડી કે ટૂંકી ચોરણીનો વેશ હવેથી રાખશો.

બાળકને માથા ઉપર ટોપી, બોશલો કે ચૂંદડી પણ

પહેરાવવાની જરૂર નથી. તે તદ્દન નકામો ભાર છે. માટે ડાહ્યા લોકોએ તે છેક કાઢી નાખવું જોઈએ. વળી તેમને બૂટ કે મોજાં જોઈએ જ નહિ. ધારો કે આપણે એક ઝાડ વાવ્યું છે. તેનો નાનો છોડ જમીનમાંથી ઊગી નીકળ્યો અને તરત આપણે તેની આજુબાજુ અને માથે પાટિયાની મજબૂત વાડ જડી દઈએ તો પછી તે ઝાડ બિલકુલ વધી શકે જ નહિ. તેમ જ બાળકના પગ જોડાથી જોઈએ તેવા વધી શકતા નથી. ઊલટું જોડા પહેરવાથી તે એવા તો નાજુક ને નબળા બને છે કે બાળક છૂટથી હાલી ચાલી શકતું નથી; તેને કાંટા અને કાંકરા વાગવાની દહેશત કાયમ રહે છે. પગ તો આપણા શરીર આખાને ઉપાડનાર છે. શરીરને સાચવવાનું, શરીરની સેવા કરવાનું, શરીરનો ભાર ઉપાડવાનું કામ પગનું છે. તેને બદલે પગ ને જોડાથી મુલાયમ અને નાજુક બનાવી દેવાથી પગની સંભાળ વારંવાર શરીરે રાખવી પડે છે. રખેને કાંટો વાગી જશે, કદાચ દાઝી જશે, કદાચ ઠેસ વાગશે, એવી દરેક વખતે ચિંતા રાખીને જ ચાલવું અને સાચવવું પડે છે. માટે બાળકોને જોડાની ટેવ ન જોઈએ.

તમને અનુભવથી જણાયું હશે કે બાળકોને લૂગડાં પહેરવાનું જ ગમતું નથી. તેઓ લૂગડાંથી કાયર થાય છે અને પહેરતાં કંટાળે છે. તેનું કારણ એ છે કે પરમેશ્વરે જ તેમને લૂગડાં પહેરવાની જરૂર માની નથી. જ્યાં સુધી બાળક પ્રભુની નજીક હોય એટલે દુનિયાદારીની તેને ખબર ન હોય, ત્યાં સુધી તેને નાગું રહેવું, હવા લેવી, તડકો ખમવો, એવું જ ગમે છે. બાલશરીરનો ધર્મ જ એવો છે કે તેણે પરમેશ્વરની કુદરતનાં તત્ત્વોનો ખુલ્લે ડિલે છૂટથી ઉપભોગ લેવો. એ શરીરને લૂગડાંથી મઢી દઈએ અને જોડાથી ઢાંકી દઈએ તો તે વધી શકે જ નહિ. માટે છ સાત વરસ સુધી તેમને બહુ લૂગડાં પહેરાવવાની જરૂર નથી.

ઘણાં બાળકો અમારા બાલમંદિરમાં આવીને ચોરણી કાઢી નાખે છે. અમે સમજીએ છીએ કે તેમને તેની જરૂર નથી; માટે કાઢી નાખેલી ચોરણી તેને પરાણે પહેરાવવાનું જરા પણ દબાણ કર્યા વગર અમે તે એક કોરે મૂકી દઈએ છીએ. બાળકને પોતાને તો નાગા રહેવામાં કાંઈ શરમ નથી. પણ શરમનો ખ્યાલ આપણને થવાથી તેમને લૂગડાં પહેરાવવા મહેનત કરીએ છીએ. આમ કરવાથી બાળકો નાનપણથી શરમાતાં શીખી જાય છે; તેમને તેમની નાની વયમાં શરમનું ભાન કરાવવાની જરૂર નથી. તેઓ જેવાં સ્વભાવથી નિર્દોષ હોય છે, તેવાં નિર્દોષ જેમ બને તેમ લાંબા વખત સુધી-મોટી વય સુધી રહે તેમ કરવું જોઈએ. એવું નિર્દોષ અને નિર્લજ્જ બાળપણ જેટલું લંબાશે તેટલી તેમના આયુષ્યની વૃદ્ધિ થશે, અને તેમની તંદુરસ્તી પણ તેટલા જ પ્રમાણમાં જરૂર વધશે. માટે તેમની નિર્દોષ હાલત ટકાવી રાખવા માટે લૂગડાં નહિ પહેરાવાં એ જરૂરનું છે.

છોકરાંઓના પોશાકના સંબંધમાં મારે બીજી વાત એ કહેવાની છે કે તેમનો પહેરવેશ કીમતી કપડાંનો ન હોવો જોઈએ. કીમતી પોશાકથી ફાયદો નથી. છોકરું તો પોશાકની કિંમત સમજતું નથી. તેને મન તો તે પણ લૂગડું જ છે. તેને કીમતી પોશાકની ચિંતા કરવાની પણ પરવા નથી. પણ તમે તેને કીમતી પોશાક જ્યારે પહેરાવો છો ત્યારે તમે એવું ઈચ્છો છો કે એ કીમતી લૂંગડાં બગાડે નહિ માટે બાળક એક ને એક જ ઠેકાણે બેસી રહે. તે પોશાક મેલો કે ગંદો થવાનું તમને ગમતું નથી. પણ બાળકને એક જ ઠેકાણે ચૂપચાપ બેસી રહેવું ગમતું નથી, તેથી બાળક મૂંઝાય છે અને અકળાય છે. તેને તો માત્ર સ્વચ્છ, સાદાં અને ઋતુને યોગ્ય લૂગડાં પહેરાવવાં જોઈએ. ઉનાળામાં તેમને જાડાં લૂગડાંની જરૂર

નથી પણ પાતળાં ને મલમલ જેવાં બારીક જોઈએ, અને જેમ બને તેમ સાદાં અને સ્વચ્છ જોઈએ. વળી કીમતી ચોળી કે ઓઢણી હોય તો તે વખતોવખત ધોઈ શકાય નહિ; તેથી તે મેલી થાય તો પણ પહેરવી પડે છે. આવાં મેલાં કપડાં કાંઈ કીમતી કહેવાય નહિ; તે સુંદર પણ લાગે નહિ. અને મથરાવટી પડેલી મેલી ગંદી ચૂંદડી ભલે રેશમી હોય, તો પણ તેમાંનો મેલ અને જંતુઓ બાળકોને માથામાં દરદ પેદા કરે છે, તેમની તંદુરસ્તીને બગાડે છે.

કેટલાંક બૈરાં પોતાનાં બાળકો બીજાની નજરે સુંદર અને સારા કીમતી પોશાકવાળાં દેખાય એવું ઈચ્છીને તેમને કીમતી તેમ જ વધારે લૂગડાં પહેરાવે છે. પણ બીજાને રૂપાળાં દેખાડવા માટે આપણાં બાળકો નથી. માટે બાળકને લાયકનો, તેમને ફાવે તેવો, અને તેમને ઋતુએ ઋતુમાં શીજે તેવો વેશ રાખવો જોઈએ.

: ૩ :

## બાળકોની સ્વચ્છતા

બીજી વાત બાળકોની સ્વચ્છતા વિષે મારે તમને કહેવાની છે. આપણો દેશ આજે દંભી થઈ ગયો છે. તમારે કોઈ વાર નાતમાં જમવા જવું હોય, બહેનપણીને મળવા જવું હોય, બાલમંદિરની મુલાકાતે આવવું હોય કે સભામાં ભાષણ સાંભળવા માટે જવું હોય ત્યારે તમે બધાં સાફસૂફ થઈને આવો છો અને જો એટલી ટેવ છે તો તે તમારા પૂરતી જ છે, બીજાને માટે નહિ. પણ સ્વચ્છતાનો સવાલ તો હંમેશ માટેનો અને હરઘડીનો છે. પરમેશ્વરે આપેલા શરીરને આપણે હંમેશાં સાફ રાખીએ નહિ તો આપણે તેના ગુન્હેગાર થઈએ છીએ. બાળકને કાયમ સાફસૂફ રાખવામાં આપણો ધર્મ તેમ જ સ્વાર્થ બંને છે. તેને જો સ્વચ્છ ન રાખીએ તો તે માંદું પડે; તેને સ્વચ્છ રાખવાથી નીરોગી રહે એમાં

આપણો જ સ્વાર્થ છે, એ વાત તો તમને સમજાવવાની પણ જરૂર નથી. પણ કેવી કેવી તરેહની સ્વચ્છતા રાખવી જોઈએ તે હું તમને કહું:

સ્વચ્છતા એટલે ઘણા દહાડાથી નહિ ધોયેલા માથામાં તેલ નાખીને ઓળીને માત્ર વાળ ઢ્રવકા કરવા તે નહિ; નખમાં મેલ ભર્યો હોય અને હાથ સાબુથી ધોવા તે નહિ; કાનમાં, આંખમાં, નાકમાં મેલ ને ચીપડાં રહી જાય અને સાબુ-પાઉડરથી મોઢું ધોયું કહેવાય તે પણ સ્વચ્છતા નથી. તમે કાળજીથી જોશો તો તમને માલૂમ પડશે કે એવી જાતની અસ્વચ્છતા બાળકોમાં ઘણી રહે છે. કાનમાં મેલ રહેવાથી બાળકોના કાન વહેવા લાગે છે, અને તે બહેરાં બની જાય છે. આજકાલ કાનમાં પરુ વહે એવાં ઘણાં બાળકો જોવામાં આવે છે. આંખમાં ચીપડા રહી જાય તો ખીલ ને ફૂલાં પડે છે. માટે આંખ, કાન, નાક, નખ, મોઢું, દાંત એ બધું દરરોજ બરાબર તપાસીને બાળકને સ્વચ્છ કરવું. નહિ તો ઉપર ઉપરથી તમે બાળકનું મોઢું ધોશો તો અંદર ઘણો મેલ રહી જશે. માટે દરેક અવયવ, દરેક અંગ બરાબર સાફ રાખતાં શીખો. તેમ કરવાથી તેમની તંદુરસ્તી ઘણી સુધરી જશે. બાળકોને આવી રીતે સ્વચ્છ રહેવાની ટેવ પાડી દેવાની જરૂર છે. તમે તમારા ઘરમાં અરીસો રાખીને તેમને આંખ, કાન, નાક, દાંત વગરેમાં જે મેલ હોય તે બતાવો તો તેઓ પછી જ્યારે જ્યારે જ્યાં જ્યાં મેલ દેખશે ત્યાંથી તરત જ કાઢી નાખવા અને સાફ રહેવા ટેવાઈ જશે. અમારા બાલમંદિરમાં અમે અરીસા, કાંસકીઓ, પાણીનાં કૂંડાં અને ટુવાલો એ બધું બાળકો પોતાની મેળે વાપરી શકે તેમ રાખીએ છીએ; અને તેઓ ત્યાં હોંશે હોંશે તેનો ઉપયોગ કરીને પોતાની મેળે જ સાફ થાય છે. તમે જો બાલમંદિર જોવા સારુ આવ્યાં હશો તો તે નજરે જ જોયું હશે.

પણ આપણે તો આવું માની બેઠાં છીએ કે છોકરાં તો વાડે જ વધે. તેમનાં લૂગડાં મેલાં ને ગંદાં જ હોય, તેમનાં ગોડદાં ગંધાતાં ને મૂતરવાળાં જ હોય; તેમણે વળી દાતણ શું કરવું? અને તેઓ નાહવામાં પણ શું સમજે ? તેમને વાળ ઓળવાનું કે નવરાવીને ચાંદલો કરવાનું કામ તો આપણે અઠવાડિયે પખવાડિયે ફુરસદ આવે ત્યારે વાર પૂછીને કરીએ છીએ. જો આવું ખરેખર હોય તો ભારે મોટો ગુન્હો કર્યા બરાબર છે. આપણે દરરોજ ઘરનાં વાસણ માંજીએ, બેડાં ઊટકીએ, સંજવારી કાઢીએ, વસ્તુઓ કે ફરનીચરને ઝાપટી સાફ કરીએ, કબાટો ને પટારા ઝાટકીને ધૂળ ઉડાડી દઈએ, ગોળા પણ સાફ કરીએ, એ બધું કરીએ; પણ બાળકો તો ગમે તેવાં અસ્વચ્છ જ આથડ્યા કરે. તેમની દરકાર શી? તમે ઘરનું રાચરચીલું બધું સાફ રાખો અને બાળકને ગંદું મેલું રાખો એમાં તમને કાંઈ લાગતું જ નથી? જ્યારે ઘરની નિર્જીવ વસ્તુને તમે સાફસૂફ રાખો છો, ત્યારે તમારા ઘરની જીવતી જાગતી વસ્તુ મેલી ને ગંદી ફરે છે તેનો ખ્યાલ છે? બાળકો ગંદાં રહે અને ઘરની વસ્તુ ઠીક ઠાવકી રાખીએ એમાં ખૂબી શી? અમારાં બાલમંદિરોમાં જે બાળકો શરીરે ઓઘરાળાવાળાં આવે, જેમના નખ વધીને તેમાં મેલ ભરાયા હોય, જેમને માથે વાળનાં ઝંટિયાં હોય, જેમનાં આંખ, કાન, નાકમાં ચીપડાં અને મેલ હોય, તેવાં બાળકો ઉપરથી અમે તેમનાં માબાપોની કિંમત કરીએ છીએ. જે સ્ત્રીઓ પંડે ટાપટીપ કરીને ચાલી જતી હોય, પણ પછવાડે જેમનાં છોકરાં મેલાં, ગંદાં, છેડો ઝાલીને ચાલતાં દેખાય તેવી સ્ત્રીઓ કેવી લાગે?

છોકરાં તો રખડુ જ હોય, ધૂળમાં રમનારાં જ હોય, ગંદાં જ હોય, હાથ લૂગડાં બગાડી નાખે એવાં જ હોય, એમ માનીને

તમે તેમને અસ્વચ્છ રાખો છો; પણ તેમને સ્વચ્છ રહેવાની એક વાર ટેવ પાડી જુઓ, તો તમને જણાશે કે તેઓ કાયમ સ્વચ્છ જ રહેવા માગે છે. બે ચાર બાબતો તમારે ખાસ સંભાળથી કરવાની જરૂર છે. બાળક જમવા બેસે ત્યારે જરૂર તેનો હાથ ધોવરાવવો. દરેક ચીજ ઝાલવા માટે હાથનો જ ઉપયોગ થાય છે, અને જુદે જુદે ઠેકાણે હાથ અડવાથી તેને મેલ કે ઝેર ચોંટી જાય છે; અને એવા ને એવા હાથથી બાંળક જમવાનો મહાવરો રાખે તો લાંબે વખતે તેનું લોહી બગડે છે. માટે હાથ તો જરૂર ધોવાનો રિવાજ રાખીને જ પછી બાળકને જમવા માટે બેસાડવું.

બાળકના કાન હંમેશાં તપાસતાં રહો અને સાફ કરો, તથા બે ચાર દિવસે તેમાં તેલનું ટીપું નાખો. તેમને માથે વાળ રખાવો નહિ, અને રખાવો તો દર અઠવાડિયે સારી રીતે નવરાવીને વાળમાંથી ખોડો ને મેલ દૂર કરો. આંખો પણ હંમેશાં તપાસીને પાંપણોમાં ચીપડા ભરાઈ ન રહે તેની દરકાર રાખો. નાની નાની છોકરીઓનાં નાક વીંધાવો નહિ. નાક વીંધીને તેમાં વાળી પહેરાવવાથી તેનું નાક બરાબર સાફ થઈ શકતું નથી. માટે વીંધ્યું હોય તો ફક્ત સળી રાખો, પણ વાળી તો કદી પણ ન પહેરાવો. વાળીથી ઘણી છોકરીઓ હેરાન થાય છે, તેમના નાકમાં કચરો ભરાઈ રહે છે અને મહેનત કરતાં પણ નીકળતો નથી એવું અમે નજરે જોયું છે.

છોકરાંના નખમાં પણ મેલ-ધૂળ ભરાઈ રહે છે, માટે દર અઠવાડિયે વધેલા નખ ઉતરાવો; નહિ તો તે મેલ દાળ અને દૂધ જેવા પ્રવાહી પદાર્થો ખાતી વખતે પેટમાં જાય છે. નખમાંથી એવા મેલનો લોંદો કાઢીને તમારા ભાણામાં કોઈ નાખે તો તમે તે ખાઓ ખરાં કે? તમારા બાળકને પણ એવો મેલનો લોંદો તમે

ખાવા ન જ દો એમ મને ખાતરી છે. તો પછી તમે એવા વધેલા નખ જરૂર ઉતારતાં રહેશો એમ આશા રાખું છું.

: ૪ :

### બાળકને મારવું નહિ

હવે એક અગત્યની વાત મારે તમને કહેવાની છે. તે એ કે બાળકને કદી પણ મારો નહિ. તમને લાગતું હશે કે માર વગર તો ચાલે જ કેમ? છોકરાં વારે વારે માથું ખાઈ જાય, કવરાવી મૂકે, તોફાન કરે, તેમને વળી માર્યા વગર કેમ ચાલે? પણ હું કહું છું કે અમારા બાલમંદિરમાં આવીને જોઈ જાઓ. અમે તેમને બિલકુલ મારતાં નથી; અને પચાસ જેટલાં છોકરા છોકરીઓ છે તે બધાં અમારું કહ્યું કરે છે. તેઓ અમને ભૂલતાં નથી; તેમને ઘેર જાય છે ત્યાં પણ તેમને અમારાં સ્વપ્નો આવે છે. તે માટે અમારી પાસે કાંઈ જાદુ નથી, કાંઈ મંતરજંતર નથી, કાંઈ ઇલમ લગાડી દીધો નથી; પણ તેનું કારણ અમે કદી મારતાં નથી તે જ છે.

બાળકો તો પ્રભુને ઘેરથી આવેલા નાના દેવો છે. તમે જાણો છો કે બાળક માટે તો આપણે પથ્થર એટલા પ્રભુ કરીએ છીએ. બાળકો ઘરનું ઘરેણું છે, બાળકો ધનનો અમૂલ્ય ખજાનો છે, બાળકો દેશનું જવાહીર છે. એવાં મોંઘાં બાળકોને મારવાનું શું તમે પસંદ કરશો? પ્રભુએ પ્રેમથી આપેલાં બાળકોને મારતાં તમારે ડરવું જોઈએ કે તેમને મારવાથી બાળક ખોઈ બેસશું. બાળકને ખાતર તમે પ્રથમ તો મોટી મોટી માનતાઓ કરો છો; પણ બાળક સાંપડ્યા પછી એ બધું ભૂલી જઈને બાળકને મારવું માત્ર ભૂલતાં નથી!

હું જાણું છું કે મારવાની તમને કાંઈ હોંશ થતી નથી; તેમ જ કોઈ શાસ્ત્રમાં બાળકને મારવાથી પુણ્ય થવાનું પણ લખેલું

નથી, કે તેવા પુણ્યને માટે તમે મારતાં હો! પણ ઘણી વાર તમે કંટાળી જાઓ છો તેથી તેમને મારો છો. કેટલાંક કોઈ બીજાની દાઝે બાળકને મારે છે, અને રીસ ઉતારે છે; કેટલાંક પોતાની આળસે શરીર ન ચાલે માટે મારે છે; કેટલાંક ઘડી ઘડીમાં મિજાજ ખોઈ બેસે છે તેથી મારે છે. પોતે મજામાં રહેવાની મરજીને લીધે અને પોતાની નિર્બળતાને લીધે પણ કેટલાંક બાળકોને મારે છે. બાળકો કંઈ કંઈ માગીને તકલીફ આપે તે લાવવાના ભારથી અને તે જમવા માગે, રમવા માગે, પાણી માગે વગેરે અનેક જોઈતી ચીજ માગે ત્યારે પોતાને કામ કરવું ગમે નહિ અને બાળકનું જોઈતું પરાણે કરવું પડે, માટે તેને મારે છે.

પણ બધાં માણસો બાળકને મારવામાં મોટી ભૂલ કરે છે. કેટલીક વાર બાળકની હઠ ગણીને, ભણવા નહિ જવા માટે, તે કાંઈ માગે ત્યારે આપણે ગુસ્સે થઈને તેને મારીએ છીએ. પણ આપણે સમજતાં નથી કે બાળકને તેની મરજી મુજબ કરવાની ઈચ્છા હોય છે; તેને પણ જીવ છે અને તેને પણ ઈચ્છા છે! તે કદી પણ મારથી સુધરતું નથી. અમે બાલમંદિરમાં આવતાં કેટલાંક બાળકોને પૂછીએ છીએ કે "તમને તમારી બા મારે છે?" ત્યારે જેમને તેમની માતાઓ મારે છે તેઓ તો શિયાવિયા થઈ જાય છે. કેટલાંક તો કહે છે કે "અમારી બાને કહેશો મા, નહિ તો અમને વધારે મારશે." આવાં બાળકો મોટાં થઈ પરણીને જુદાં થાય, ત્યાર પછી તેમને માબાપ ઉપર શાનું હેત રહે? આવી સ્થિતિ ઘણે ઠેકાણે જોવામાં આવે છે તેનું એ જ કારણ હોય છે. માટે કોઈ પણ કારણસર, ગમે તેવો બાળકનો વાંક જણાય તોપણ, લાખો રૂપિયાનું નુકસાન થઈ જાય તોપણ, બાળકને મારવું નહિ.

મારવાનું કામ તો કસાઈનું છે, ઘાતકીનું છે. મારવાથી તો

પરમેશ્વર આપણા હાથ પગ કાપી નાખશે. બાળક તો ગરીબ અને નિર્બળ છે, તેનામાં તાકાત નથી, બુદ્ધિ નથી; તે તો મારશો તો પણ માર સાંખીને ડૂસકાં ભરતું ભરતું પાછું તમારા જ ખોળામાં આવીને બેસશે. તે બિચારું બીજે ક્યાં જાય ? હું જાણું છું કે બાળકને માર્યા પછી પાછળથી તમે જ પાછાં પસ્તાવો કરો છો. તે તમારું માગી આણેલું તમને મળ્યું છે; પ્રભુને ઘેરથી સાંપડેલું છે. માટે તેને કદી પણ મારવાની જરૂર નથી. મારથી સુધરવાને બદલે તેઓ ઊલટાં બગડી જાય છે. મારથી ટેવાયેલાં બાળકો રાંકડાં, રોઈ પડે એવાં, ગરીબડાં, નમાલાં અને પોતાની માની વાત યાદ આવે ત્યારે કોઈ રાક્ષસીની વાત સાંભરતાં બ્હી મરે એવાં થઈ જાય છે.

અમે દુનિયામાં અને પુસ્તકોમાં તો ઘણું એવું સાંભળીએ છીએ અને વાંચીએ છીએ કે માતાના પ્રેમ જેવો બીજો કોઈ પ્રેમ નથી. તો પછી તમે તમારા બાળકને મારો છો એવો જ્યારે અમને અનુભવ થાય, ત્યારે તેમાં તમારું કેટલું ગૌરવ અમારે ગણવું?

જેમ નબળો માટી બૈરી પર શૂરો, અને મિયાંભાઈ નબળા તો ગુસ્સા બોત, તેમ તમારામાં ગુસ્સો-ક્રોધ છે; એ તમારી નબળાઈ છે. ઘરમાં કદાચ જો ચીમની ફૂટી, ખીચડી દાઝી ગઈ કે કોઈ ચીજ ખોવાઈ ગઈ ને હાથ ન લાગે, તો જેવું એ બાળક હાથમાં આવે ને તરત જ માર પડે! પણ તમારી નબળાઈ અને તમારી બેદરકારીના બદલામાં તમે છોકરાંને મારો છો. તમે છોકરાંને મારશો, તો તે મોટાં થઈને તેમનાં છોકરાંને મારશે; અને એમ દુનિયામાં મારની પરંપરા ચાલશે તેનું પાપ તમને લાગશે. એક વાર પણ બાળકને માર્યાથી તમારી પાંચ પચીશ એકાદશીના ઉપવાસનું પુણ્ય નાશ પામશે.

મારથી હિંસા થાય છે. બાળક નિસાસા મૂકે છે અને બાળકના નિસાસા તો ઘરને બાળી નાખવા સમર્થ છે. માટે બાળકની આંતરડી કદી પણ દૂભવવી નહિ. તેમના નિસાસા અત્યંત ભૂંડા છે. મને એક શાસ્ત્ર જડી ગયું છે અને મને ખબર પડી છે કે જેમને પુત્રો જોઈતા હોય તેમણે કદી પણ છોકરાંને મારવાં નહિ; કાયમ સૌભાગ્ય જોઈતું હોય તો તેમને મારવાં નહિ. દાન કરવાથી, તપ કરવાથી, ઉપવાસ કરવાથી, વ્રત કરવાથી, જાત્રા કરવાથી: એ બધાથી પુણ્ય મળે છે એમ તો તમે જાણો છો; તેવી જ રીતે જો કદાચ છોકરાંને મારવાનો ગુસ્સો ચડી જાય તો તેને અટકાવવાને તપ કરો, તો તે તપ ઘણું મોટું છે. ગુસ્સાને અટકાવવાના તપથી એટલું તો મોટું પુણ્ય થાય છે કે એ પુણ્યથી તમને દીકરા દીકરી અને ધણીનો અમરપટો ધનવૈભવ એ બધું પ્રાપ્ત થાય. માટે આપણા ઘરમાં આવેલ એ નાના દેવોને કદી પણ દૂભવો નહિ. તમે મને પૂછશો કે તમારે છોકરાં છે તેનું ઘરમાં શું થાય છે? તો હું તમને કહું છું કે મારા ઘરમાં મારની વાત તદ્દન બંધ કરી દીધી છે. હું તો કદી મારું જ નહિ; પણ મેં મારા ઘરમાં પણ એવી જ સૂચના આપી દીધી છે અને તે અમલમાં આવે છે. મને પણ ગુસ્સો ચડી જતો, હાથ ઊપડી જતો; પણ તે અટકાવવા માટે ભારે તપ કરવું પડ્યું છે. આજથી નિયમ લો કે જ્યારે ગુસ્સો ચડે કે બાળકને હાથ અડકાડી જવાય તો ઉપવાસ કરવો. એમ કરવાથી તમારી ગુસ્સાની ટેવ કે મારવાની મરજી નાબૂદ થઈ જશે.

❀

## શ્રીમંતોને

હું આ લેખ ખાસ કરીને શ્રીમંતો માટે લખું છું. છતાં એનો અર્થ એવો નથી કે મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગના માણસો આનો લાભ ન જ લઈ શકે. આ લેખ શ્રીમંતોને માટે એટલા માટે છે કે આમાં કરેલી સૂચનાઓનો મોટે ભાગે શ્રીમંતોથી જ અમલ થઈ શકે તેવું છે.

અત્યારે આપણા દેશમાં એવી પરિસ્થિતિ છે કે શ્રીમંતો પોતાનાં નાનાં બાળકોને આયા, નોકર, કમ્પેનિયન કે શિક્ષકની સંભાળ નીચે મૂકી દઈ પોતાની ફરજ અદા કરતાં હોય એમ માને છે. આયા, નોકર વગેરે પોતાને સોંપાયેલ બાળકોને શેઠે વસાવેલા સુંદર આવાસમાં આલમારી પર મુકાયેલાં સુંદર અને કીમતી રમકડાં બતાવવામાં, બાળકને ગમે તે રીતે પ્રસન્ન રાખવામાં, બાળકને પોતે સ્વીકારેલી નીતિ રીતિ વગેરેમાં બરાબર તૈયાર કરવામાં અને શેઠની પાસે શેઠનાં બાળકોને સુંદર પૂતળાં જેવાં કરી બતાવવામાં પોતાની નોકરી બજાવતાં હોય તેમ સમજે છે.

માતાપિતાઓ કમાણીની કે એશઆરામની પ્રવૃત્તિમાં

રોકાયેલાં હોવાથી બાળકોનું આયા કે નોકરોને હાથે શું થાય છે તેનો ભાગ્યે જ વિચાર કરે છે; અને આયા વગેરેને બાળકના શિક્ષણનો વિચાર સરખો હોતો નથી તેથી તેમના મનમાં બાળકના સંબંધે કાંઈ ઊંચા વિચાર આવવાપણું છે જ નહિ.

મોટે ભાગે માબાપ અને નોકરચાકર બંને વર્ગ એક જ વાત સમજે છે કે બાળકો જીવતાં રહે તો સારું, જીવે ત્યાં સુધી નસીબ સારાં હોય અને તંદુરસ્ત રહે તો સારું; અને કોઈને ઉપાધિ કરાવ્યા વિના લૂગડેલત્તે તથા ઘરેણાંથી લદાયેલાં ઘરનાં પૂતળાં થઈને રહે તો એના જેવું એકેય નહિ!

શ્રીમંતોનાં બાળકો નોકરચાકરને પોતાનો ગુસ્સો વગેરે દુર્ગુણો બતાવવાનાં અને માબાપોને પોતાનો અવકાશ હોય ત્યારે બે ઘડી વિનોદ કરવાનાં રમકડાં છે, એવું સહજ બની ગયું છે. ઘરમાં પણ એવું માણસ ભાગ્યે જ હોય છે કે જેનામાં શેઠના ઘોડાના ખાસદારને જેટલું ઘોડાની તાસીર અને માવજતનું જ્ઞાન હોય છે તેટલું જ બાળકની તાસીર અને માવજતનું જ્ઞાન હોય; જેટલું શેઠના પોપટને સાચવનાર નોકરને પોપટની પ્રકૃતિ અને ખોરાકનું જ્ઞાન હોય છે તેટલું બાળકની પ્રકૃતિ અને ખોરાકનું જ્ઞાન હોય; અને જેટલું શેઠના બાગના માળીને બાગના છોડની સાચવણના નિયમોનું જ્ઞાન હોય છે તેટલું બાળછોડને ઉછેરવાનું જ્ઞાન હોય! શેઠ પોતાની પેઢીમાં નોકર રાખવામાં નોકર લાયક છે કે નહિ તેની તજવીજ કરે છે; શેઠાણી રસોયા માટે પણ તેવી જ તજવીજ કરે છે. પણ બાળકને માટે આયા કે નોકર રાખવામાં તો એટલી જ તજવીજ કરવાની કે તે બાળકનાં લૂગડાં ઘરેણાંના લોભથી બાળકને ઈજા કરે તેવાં નથી કે બહુ બહુ તો બાળકને રેઢું મૂકી દઈ જ્યાં ત્યાં ભમે તેવાં નથી! બેશક એક ગુણ તો

આયામાં કે નોકરમાં હોવો જ જોઈએ, અને તે ન હોય તો તેને નોકરી મળે જ નહિ-તે ગુણ એ કે નોકર પાસે એવી કળા હોવી જોઈએ કે નોકર પોતાને સોંપાયેલ બાળકને એક સુંદર ગુલામ બનાવી શકે. ગુલામ તે છે કે જેના જીવતરનો આધાર બીજાના ઉપર છે. અપંગ તે છે કે જે પોતાની મેળે પોતાનું કામ કરવાને શક્તિમાન નથી. શ્રીમંતોનાં બાળકોના જીવતરનો આધાર તેમને 'હા ભાઈ' કહીને રાજી રાખનાર નોકરો પર જ છે. જેમ જેમ નોકરો બાળકને અનુકૂળ વર્તતા જાય છે તેમ તેમ બાળક ગુલામ બનતું જાય છે. બાળક પરવશ થતું જાય છે. બાળકને ફરવા જવું હોય તો તેને નોકર વિના ચાલે જ નહિ; બાળકને પાણી પીવું હોય તો નોકર વિના ચાલે જ નહિ; અને જો બાળક પાસે નોકર ન હોય તો બાળકને પાણી પીધા વિના અને ફરવા ગયા વિના ચલાવી લેવું જ પડે. આ તેની પૂરેપૂરી પરાધીનતા, આ તેની ગુલામી. એક માણસને બદલે બીજો માણસ જેટલું કામ કરે છે તેટલા પ્રમાણમાં પહેલો માણસ બીજાનો ગુલામ છે. એક રાજા જે પોતાના દરજ્જાને લીધે પોતાનાં મોજાં જાતે કાઢી શકતો નથી તેમાં અને એક અપંગ જેને પોતાનાં મોજાં કાઢવાની શક્તિ નથી તેમાં કશોય ફેર નથી. એક મનથી પરાધીન છે. બીજો શરીરથી પરાધીન છે; એક મનનો અપંગ છે, બીજો હાથનો અપંગ છે. આ જ રીતે જે બાળકોનું બધું કામ નોકરચાકરો ઉઠાવ્યા કરે છે તે બાળકો મનથી ને શરીરથી પરાધીન છે, અપંગ છે, ગુલામ છે.

આયા કે નોકરોના પરાધીનપણામાંથી કંઈક કંઈક મુક્ત થઈ ભણવા યોગ્ય ઉંમરનાં જે બાળકો ગણાવા લાગે છે, તેમના ઉપર વળી બીજી રાજસત્તા શરૂ થાય છે. બાળકોને સંપૂર્ણ ગુલામ બનાવવાની એ રીતો બરાબર આયા કે નોકરની રીતોના

અનુસંધાનમાં બંધબેસતી છે. આ રીતો તે શિક્ષકો રાખી બાળકોને ભણાવવાની છે. અત્યારે 'માસ્તર'ને રાખવો એ એક ફેશનશોભા થઈ પડી છે. પણ કોઈએ વિચાર કર્યો છે કે શા માટે બાળકને માટે માસ્તર રાખવો? માબાપ તો માસ્તર રાખી શકે છે એટલે આનંદ માને છે, અને ધીરે ધીરે બાળક કંઈ શીખતું જાય છે એ જોઈ સંતોષ પામે છે. દુકાનનો મે'તાજી રાખવામાં, ભટ રાખવામાં, બાગવાન રાખવામાં નોકરની યોગ્યતાનો વિચાર કરવો જ પડે. માસ્તર રાખવામાં વિચાર શા માટે જોઈએ? માસ્તર એટલે ભણાવનાર અને કંઈક ભણેલો, અને વધારામાં કોઈ એકાદ નિશાળનો માસ્તર હોય તો બસ થયું. માસ્તરની યોગ્યતા જ માસ્તર કહેવડાવવામાં, બાળકને પાસે બોલાવવામાં અને પોતે જેમ શીખ્યા હતા તેમ ગમે તે રીતે શીખવી દેવામાં આવી જાય છે. આથી વધારે યોગ્યતા કોણ માગે છે ? બાળકને તે શું શીખવે છે અને શું નથી શીખવતો તેની વાત કોણ પૂછે છે? બાળકને કક્કા ને આંક આવડે છે એ ઘણુંબધું છે એમ સૌ માને છે. પરંતુ બાળકના વિકાસ ઉપર પાણી ફરી ગયું, બાળકમાં જે ખીલવાની શક્તિ અને ઉત્સાહ હતો તે દબાઈ ગયાં, બાળકનું વ્યક્તિત્વ મરી જઈ તે યંત્ર બની ગયું, તેનો વિચાર કોઈ કરતું નથી. આ દશા બાળકોની છે. આ દશામાંથી તેઓને છોડાવવા માટે માબાપોએ શું કરવું જોઈએ, તેના થોડાએક વિચારો હું આ સ્થળે આપીશ. આ વિચાર એકલા પુસ્તકિયા નથી પરંતુ તે અનુભવમાંથી જન્મ્યા છે એમ પ્રથમથી જણાવવું જોઈએ. આ વિચારો સૂચના રૂપે છે અને તે નિશાળે ન જતાં પણ ઘરમાં જ રહેતાં ૩ થી ૬-૭ વર્ષની ઉંમરનાં બાળકો માટે છે.

: ૧ :

મારી પહેલી સૂચના એ છે કે બાળકોને નોકરોની ગુલામીમાંથી મુક્ત કરવાં; એટલે કે બાળકોને માટે નોકરો રાખો નહિ, પણ બાળકોના વિકાસમાં જરૂર પડે ત્યારે તેમને મદદ કરે તે માટે નોકરો રાખો. બાળકોને માબાપો જાતે આખો દહાડો સંભાળી શકે નહિ માટે નોકરો ભલે રખાય, પણ નોકરે શું કરવાનું છે અને શું નથી કરવાનું તે તેને સમજાવી દેવું જોઈએ. નોકર ખાસ વિદ્વાન કે કાબેલ હોવાની જરૂર નથી, પણ તેને બરોબર ઠસી જવું જોઈએ કે તેનાથી અમુક બાબતો થઈ જ શકે નહિ. જે બાબતો નોકરોથી ન થઈ શકે અથવા તો જે બાબતો નોકરે કરવી નહિ તે નીચે પ્રમાણે ગણાવી શકાય :

૧. નોકરથી બાળકને મરાય નહિ.
૨. નોકરથી બાળકને ધમકી અપાય નહિ.
૩. નોકરથી બાળક સાંભળે તે રીતે હલકી ભાષા બોલાય નહિ.
૪. નોકરથી બાળકને અપમાન ભરેલા શબ્દોથી બોલાવાય નહિ.
૫. નોકરથી બાળકની ખોટી અર્થ વિનાની ખુશામત કરાય નહિ.
૬. બાળક પોતાની જાતે જે કરવા માગે તે કરવામાં તેને મદદ થાય નહિ, કે તેમ કરવામાં વાંધો નખાય નહિ.
૭. બાળકને પોતાની નજરવેગે રમતું મૂકી દઈ બાળક જે રમે તે રમવા દેવામાં આડે અવાય નહિ.
૮. ઉતાવળને લીધે કે બાળકને બરાબર ન આવડે તે માટે કે કંઈ ભાંગી ફૂટી જશે માટે અથવા બાળકનાં કપડાં કે શરીર બગડશે તે માટે બાળક જે કરે તેને બદલે કરવા મંડાય નહિ.
૯. શ્રીમંતનાં બાળકો આમ જ રમે, રમકડે જ રમે અને ગારાથી રમે નહિ, એમ માની બેસાય નહિ. બાળકો રમતમાં પાપ ન

કરતાં હોય અથવા પોતાનાં શરીરને મોટી ઈજા થઈ જાય તેવી રમત ન રમતાં હોય, તો પછી ગમે તે મનગમતી રમત રમે તેમાં આડે અવાય નહિ.

: ૨ :

મારી બીજી સૂચના એ છે કે બાળકોને ગમે તેવા શિક્ષકોના હાથ તળે મૂકી દેવાં નહિ. નાનાં બાળકોને ટ્યૂશનની જરૂર નથી, છતાં ટ્યૂશન આપવાની ઇચ્છાને રોકી શકાય નહિ તો જે શિક્ષક બાળકના શિક્ષણમાં કંઈક સમજતો હોય, તેને જ રાખવો. તે શિક્ષકમાં આટલા ગુણ તો હોવા જ જોઈએ :

૧. ચાકરમાં જેટલા ગુણો જોઈએ તેટલા બધાય ગુણો.
૨. બાળકને જે શીખવવું હોય તે ફરજિયાત રૂપે નહિ પણ મરજિયાત રૂપે શીખવવાની વૃત્તિ.
૩. ખુશામતિયો નહિ પણ ધીરજવાળો સ્વભાવ.
૪. શેઠને ખુશી કરવા માટે નહિ પણ બાળકને ખુશી રાખવા-બાળકનો વિકાસ કરવા તેને રોકવામાં આવેલો છે, તેવો વિચાર.
૫. બાળકને પોતાનાથી લાભ ન થતો હોય તો નોકરી છોડી દેવાની ઇચ્છા.

સામાન્ય રીતે આવા ગુણવાળા શિક્ષકો ભાગ્યે જ મળી આવે છે. આથી જ શિક્ષકો વિના બાળકોને શીખવા દેવાં એ સલાહભરેલું છે. એમ કરતાં બાળકો ઓછું શીખશે તોપણ ફિકર નહિ, કારણ કે તેના વિકાસનો - તેનો આત્માનો તો નાશ થશે જ નહિ.

: ૩ :

નાનાં બાળકો પોતાની મેળે જ પોતાની ઉંમરના પ્રમાણમાં

જ્ઞાન મેળવી શકે તે માટે કેટલીએક સુંદર અને વ્યવહારુ યોજનાઓ છે. તે યોજનાઓ જો બરાબર કાળજીથી અમલમાં મૂકવામાં આવે તો જરૂર, શિક્ષક કે નોકરની મદદ વિના પણ બાળક બધું શીખી જાય. એટલું બધું હોશિયાર થઈ જાય કે પરિણામ જોતાં આપણે તાજુબ જ થઈ જઈએ.

આ યોજનાઓમાંની એક યોજના હું આ સ્થળે જણાવીશ. આ યોજનાનો જો અમલ કરવામાં આવે તો બાળક આનંદી, તંદુરસ્ત અને સ્વતંત્ર થાય; બાળક માતા, પિતા કે નોકરચાકરોની પરાધીનતામાંથી છૂટે; બાળક પોતાની ઈન્દ્રિયો જાતે જ ખીલવી પોતાના મન અને આત્માનો અનેકવિધ વિકાસ સાધી શકે.

આ યોજનાની વિગતો નીચે પ્રમાણે છે.

## બાળકો માટેનો ઓરડો

શ્રીમંતોના બંગલાઓમાં પણ બાળકોને માટે એકાદ જુદો ઓરડો રાખવામાં આવતો નથી. આખો બંગલો અને તેમાં વસાવેલું ફરનીચર વગેરે એવા પ્રકારનાં હોય છે કે તેમાંથી બાળકોને માટે કંઈ પણ ન હોય. ઘરમાં બધુંય મોટી ઉમરનાં માણસો માટે જ હોય છે. બાળકોને માટે માત્ર સારાં સારાં રમકડાં હોય છે. આ રમકડાં મોટે ભાગે તો કબાટમાં કે અલમારી ઉપર જ હોય છે. પણ કદાચ તે બાળકોને માટે નીચે હોય છે, તો તે એટલી બધી કાળજીથી વાપરવાનાં હોય છે કે બાળકો તેમાંથી કંઈ શીખી શકે જ નહિ. જોકે રમકડાં બાળકોને બહુ થોડાં ગમે છે; તેમાંથી બાળકો આનંદ લઈ શકતાં નથી; થોડા જ વખતમાં બાળકો તેનાથી કંટાળી જઈ તેને ફેંકી દે છે, અથવા તેની અંદર શું છે તે જાણવા માટે તે તોડી નાખે છે. બાળકોની આવી સ્થિતિ છે માટે પ્રથમ તો તેને એકાદ અલાયદો ઓરડો મળવો જોઈએ. એ ઓરડામાં તમામ

વસ્તુઓ બાળકની ઉંમરને જોઈએ તેવી હોય. આ ઓરડાનું વર્ણન આવું આપી શકાય :

૧. એક બહુ મોટો નહિ અને બહુ નાનો નહિ એવો ઓરડો.
૨. ઓરડાની દીવાલો ભૂરા અથવા ઝાંખા લીલા રંગોથી રંગેલી.
૩. બાળકો ઊભાં ઊભાં અડી શકે તેટલી ઊંચાઈએ દેશી જનાવરોનાં તથા દેશના મહાન પુરુષોનાં મોટા પ્રમાણનાં ચિત્રો.
૪. ભોંય ઉપર ભૂરા અને રાતા રંગના ચટાપટાવાળી શેત્રંજીઓ.
૫. બાળકો પોતાની જાતે ઉપાડી શકે તેવાં હલકાં અને દરેકમાં અંદર એક ખાનું હોય તેવાં મેજો. એની ઉપલી બાજુ સપાટ જોઈએ.
૬. મરજીમાં આવે ત્યારે આરામ લઈ શકે માટે નાનીસરખી ઢોરણી, ખાટલી કે પલંગડી અને તેના પર ચોખ્ખી પથારી.
૭. ખૂણામાં હાથ મ્હોં ધોવા માટે એક પાણીનું કૂંડું; પાસે હાથ મ્હોં લૂવા માટે એક નાનો ટુવાલ, અને નાનો દાંતિયો તથા કાચ.
૮. બારીઓમાં ઝાડનાં નાનાં નાનાં કૂંડાં.
૯. એક પાણીનું ટબ.
૧૦. ઝાડને પાણી પાવા માટે નાની એવી ઝારી.
૧૧. બાળક અંબાઈ શકે તેટલી ઊંચાઈએ દીવાલો ઉપર ખીંટીઓ.
૧૨. પાણીપીવાને માટે નાનું માટલું અને નાનો હળવો પ્યાલો.

**બાળકનો પહેરવેશ**

૧. જેમ બને તેમ કપડાં ખૂલતાં અને મોઢા આગળ બટન હોય તેવાં.
૨. પગમાં બૂટ તથા મોજાં નહિ.

૩. માથે ટોપી કે એવું કંઈ નહિ.
૪. પસંદ કરવા જેવો વેશ - ગોઠણ સુધીની ચડ્ડી કે ચોરણી, ખમીસ કે પહેરણ. ગંજીફરાક નહિ. ખમીશ કે પહેરણની બાંયો કોણી સુધીની જોઈએ.

### ઓરડામાં સાહિત્યો

૧. એક પાટિયું અને તેના ઉપર એક ભીની માટીનો પિંડો. નજીકમાં હાથ ધોવા માટે ડોલ અને એક ટુવાલ. માટીનાં રમકડાં સૂકવવા માટે એક પાટિયું.
૨. નાના નાના રૂમાલો, બ્રશ અને એક નાની પેટી - લૂગડાં સંકેલીને મૂકવા માટે.
૩. નાના મોટા રબ્બરના દડા અને લાકડાની ગેડીઓ.
૪. લાકડાનાં પૈડાં અથવા લોઢાની પટ્ટીનાં પૈડાં અને આંકડીઓ.
૫. જુદી જુદી ધાતુના જુદી જુદી કિંમતના સિક્કાઓ.
૬. ઊન, સૂતર અને રેશમના નમૂના (સેમ્પલ) તરીકે આવે છે તે કટકા-દરેક જાતના બબ્બે.
૭. બાજી નહિ પણ સોગઠાં.
૮. રંગબેરંગી ચકરડીઓ.
૯. નાની નાની સાવરણીઓ તથા સૂપડીઓ.
૧૦. ગરિયા અને દોરીઓ.
૧૧. બે ચાર નાનાં કાળાં પાટિયાં અને ચોકની પેટી.
૧૨. ચિત્રોનાં આલ્બમો-ચિત્રો આપણા દેશના જીવનનાં સુંદર અને ચોખ્ખાં જોઈએ.
૧૩. સ ર ગ મના સૂરો કાઢે તેવા કાચના પ્યાલાના બે સેટ.
૧૪. વીશ લાકડાના ઘનના કટકા.
૧૫. એક ઝાલર અને હથોડી.

૧૬. મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતી દટ્ટાની ત્રણ પટ્ટીઓ.
૧૭. મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતાં મિનારો, પહોળી સીડી, લાંબી સીડી.
૧૮. મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતી રંગની પેટી.

ઉક્ત સાધનો એવાં છે કે જો બાળકને છૂટું મૂકી દેવામાં આવે તો બાળક પોતાની મેળે પોતાને ગમતું સાધન લઈ રમશે અને તેથી બાળકનો સ્વયં વિકાસ થશે. બહુ બહુ તો બાળકને માત્ર એક જ વાર બતાવવાની જરૂર છે કે ઉપરની ચીજોનો શો ઉપયોગ છે, અને તે તેણે કેવી રીતે કરવો. પછીથી તો બાળક પોતાની મેળે જ બધું કરી લેશે. બાળકને આ સાધનો આપવાથી બાળક સ્વતંત્ર થશે, આનંદી થશે, તંદુરસ્ત થશે, ચાકર કે આયાની ગુલામીમાંથી છૂટશે અને કજિયો કે હઠ કરતું ભૂલી જશે. સાધનો જેવાં તેવાં નહિ પણ સારાં જોઈએ; મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો તો ખાસ કરીને પદ્ધતિસર બનેલાં હોય તે જ વાપરવાં જોઈએ.

❃

## બાળકોની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો

સામાન્યતઃ કોઈ પણ આદર્શ વર્ગમાં કે શાળામાં જતાં સાધારણ બાળકો કામ કરે છે ત્યાં બાળકોની વ્યવસ્થા અથવા નિયંત્રણનો પ્રશ્ન ઊભો જ થતો નથી. જ્યારે શિક્ષકને બાળકો ઉપર પોલીસ અગર ન્યાયાધીશનું કામ કરવું પડતું હોય ત્યારે સમજવું કે શિક્ષક અગર બાળક અગર પરિસ્થિતિ સંબંધે કંઈક દોષ છે. ઉત્પન્ન થતી અનિષ્ટ પરિસ્થિતિ દૂર કરવા માટે શિક્ષક ઘણી વાર ભાત ભાતની યુક્તિપ્રયુક્તિઓ વાપરે છે. આથી થોડો વખત ગાડું રસ્તા ઉપર ચાલે છે, પણ વળી ફરી વાર એની એ સ્થિતિ આવી લાગે છે. ખરી રીતે શિક્ષકે પરિસ્થિતિને દાબવા કે ઢાંકવા યા તો બીજું સ્વરૂપ આપવાને બદલે તેનાં કારણોમાં ઊતરવું જોઈએ. જે શિક્ષક આમ નથી કરતો તે પોતાનાં બાળકોને સામાજિક અગર નૈતિક અગર કોઈ પણ પ્રકારની કેળવણી આપી શકતો નથી. સાધારણ ન હોય તેવાં અથવા અપવાદ રૂપ બાળકો એક ગૂઢ મુશ્કેલી છે. તેમની કેળવણીનો પ્રશ્ન વધારે બારીકીથી વિચારવો જોઈએ. શિક્ષકે શાસ્ત્રીય દૃષ્ટિથી તેમનું અવલોકન કરવું ઘટે છે.

તટસ્થવૃત્તિથી જોતાં જે કરવું યોગ્ય લાગે તે બાળકને નુકસાનકારક ન નીવડે તો કરવું. બાળકને ગણતાં કે વાંચતાં ન આવડે ત્યારે જેમ શાસ્ત્રીય દૃષ્ટિવાળો શિક્ષક તેનું કારણ શોધે છે, તેમ જ બાળકના ઈતર માનસિક દોષો પરત્વે પણ કારણ શોધવાનું છે. શિક્ષકે જાણવું જોઈએ કે શિક્ષા નિરર્થક છે. સિવાય કે બાળક સ્વેચ્છાથી પોતાની જાત ઉપર સમજણપૂર્વક નિયમન મૂકે. શિક્ષક ધ્યાન રાખે કે ખરાબ, આળસુ, બેદરકાર, ઠગારો, માલ વિનાનો, એવા શબ્દોથી સારું પરિણામ આવવાને બદલે ઊલટું વધારે ખરાબ પરિણામ આવે છે. તેમ જ શિક્ષકે એ પણ ધ્યાનમાં રાખવું કે એમ કરો નહિ, તેમ કરો નહિ, એથી પણ કંઈ વળવાનું નથી. વળી શિક્ષકે બાળકોની ઊણપો સંબંધે ટીકા કે ચર્ચા કરવાની નથી; તે એટલા માટે નહિ કે અયોગ્ય બ્હીવડાવવાપણું છે, પણ એથી ઊલટું તેને સુધારવામાં વધારે મુશ્કેલીઓ પેદા થાય છે. શિક્ષકે ઉપદેશ આપવાનું અને નીતિબોધ આપવાનું ઓછામાં ઓછું કરવાનું છે. એમ કરવાથી બાળકની નૈતિક ભાવના અને સંસ્કારિતા ઊલટી મંદ પડશે, અને બાળક વિના કારણ અસ્વસ્થ અને બેચેન થશે. જે કાર્યપદ્ધતિ વાચન લેખન સુધારવા માટે શિક્ષક શાસ્ત્રીય રીતે ચલાવે છે, તે જ કાર્યપદ્ધતિ નૈતિક સુધારણા માટે તેણે રાખવી જોઈએ.

અવારનવાર શાળામાં તેમ જ ઘરમાં બાળકો સંબંધે જે મુશ્કેલીઓ ઊભી થાય છે, જે અનિષ્ટ વર્તન દેખાતાં માલૂમ પડે છે તેનાં કારણો, પરિસ્થિતિ, શક્ય ઉપાયો વગેરે જો જાણીએ તો શિક્ષણના તેમ જ બાળઉછેરના કામમાં આપણો માર્ગ વધારે સરળ થાય.

આ સાથે બાળકો સંબંધેની મુશ્કેલીઓને દૂર કરવામાં મદદ રૂપ થાય તેવો એક કોઠો આપેલો છે. આને માટે મિસ્ટર ચાર્લેટન વૉશબર્નનો અને 'ન્યુ ઈરા'ના તંત્રીનો ઉપકાર ઘટે છે.

આ કોઠામાં ચાર ખાનાં પાડેલાં છે. તેમાં પ્રથમ મથાળે બાળકના ગણાતા દોષો બતાવેલા છે. તેની સાથેના કુલ ચાર ખાનાંઓ પૈકી પહેલામાં તે શાં કારણોથી આવવાનો સંભવ છે તે બતાવ્યું છે; બીજામાં કેવી પરિસ્થિતિમાં કારણો ઉત્પન્ન થાય છે તે અને ત્રીજામાં તે દૂર કરવાના ઉપાયો બતાવવામાં આવ્યા છે. છેલ્લા ખાનામાં કેવાં કેવાં કારણોથી વર્તન ઊલટું બગડે છે તે બતાવવામાં આવ્યું છે.

આપણા જોવામાં આવશે કે આજે ઘણુંખરું દોષોનાં કારણો દૂર કરવાને બદલે દોષો વધે કે ગંભીર થાય તેવા જ ઉપાયો આપણે લઈએ છીએ. છેલ્લું ખાનું તેની સાક્ષી પૂરે છે.

સાથેના કોઠામાં બાળકોમાં સામાન્યતઃ દેખાઈ આવતી નવ પ્રકારની અપૂર્ણતાઓનો વિચાર કરવામાં આવ્યો છે :

(૧) વધારે પડતો ઘોંઘાટ.

(૨) સમયનો દુરુપયોગ અથવા ભટકવું.

(૩) વારે વારે મદદની માગણી.

(૪) મંદ પ્રગતિ.

(૫) છેતરવું.

(૬) આડાઈ અને ખિજાળપણું.

(૭) ઘડી ઘડીમાં માઠું લાગી જવાપણું.

(૮) મૂર્ખાઈ.

(૯) દોઢડાહ્યાપણું, વાચાળતા, ચપળ દેખાવું.

## (૧) વધારે પડતો ઘોંઘાટ

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क અનુકરણ અથવા સૂચન | ઘોંઘાટવાળું સ્થાન | શાંતિ | ટોકરી વગાડવી કે સોટી પછાડવી. |
| | તાણવાળા અવાજો | ધીમો અવાજ | તાણીને ખીજભર્યો અવાજ |
| | તાણવાળું વાતાવરણ | સ્વાસ્થ્ય (poise) | ઠપકો, લલચાવવું, જાહેર ટીકા |
| ख સ્નાયુઓનું થાકી જવું | માંફક ન આવે તેવી બેઠકો | બંધબેસતી બેઠકો | ઘોંઘાટ થાય છે એમ કહેવું; ધમકી આપવી; ચૂપ ! |
| | અપૂરતી હિલચાલ | પ્રવૃત્તિ | |
| ग જ્ઞાનતંતુઓનું થાકી જવું | અપૂરતો આરામ, અયોગ્ય ખોરાક, થકવે તેવું કામ | શરીરનો, સારો ખોરાક, કાર્યક્રમમાં ફેરફાર | એક જ જાતનું કામ |
| घ ખરાબ હવા | હવાની ઓછી આવજા | વધારે તાજી હવા આપવી | |
| च અકોણાઈ-અવળાઈ | પોતાની જાતનું વધારે પડતું ભાન | બીજાને મદદ કરવી | જાહેર ઠપકો |
| छ ધ્યાન ખેંચવાની ઇચ્છા | ખોટું મહત્ત્વ અપાયું હોય | બીજાનો ખ્યાલ કરાવવો | વ્યક્તિગત દૂભવવું; પક્ષપાત બતાવવો |

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| ज ગભરામણ | બીકણ સ્વભાવ | સ્વાસ્થ્ય | ઊલટું વઢવું |
| झ અસ્વસ્થતા | અવ્યવસ્થિત ઓરડો વા બેઠકો | સુઘડતા | નજરે ચડે એવી રીતે નકામી વસ્તુઓનો સંગ્રહ |

## (૨) સમયનો દુરુપયોગ અથવા ભટકવું

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क વિકાસક હેતુની ખામી | રસ્તો સૂઝતો નથી | વિવિધ પ્રવૃત્તિઓ મૂકવી | પ્રવૃત્તિ કરવા બેસાડવો |
| ख આગળ વધવાની અનિચ્છા | કામથી અતૃપ્તિ | સારું કામ અને સહેજ પ્રોત્સાહન | ટીકા કરવી |
| | બહુ જ સહેલું કામ | વધારે રસદાયક કામ સોંપવું | તેનું તે ફરી ફરી કરાવવું |
| ग જવાબદારીનો અભાવ | બીજાઓએ કાળજી રાખી હોય | જવાબદારી મૂકવી | શિક્ષકે પોતે જવાબદારી લેવી |
| घ તુલનાશક્તિની ખામી | બીજાઓએ નિર્ણયો કર્યા હોય | તુલના અને નિર્ણય કરાવવો | શિક્ષક નિર્ણય આપે |
| च સ્વરચિત યોજનાનો અભાવ | બીજાઓએ યોજના કરી આપી હોય | પોતે યોજના કરીને માર્ગ શોધવો | શિક્ષક યોજના કરી આપે |

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| છ ક્રિયાશક્તિની ખામી | બીજાઓએ નિર્ણય કર્યો હોય, ક્રિયાશક્તિ નબળી હોય | પોતે નિર્ણય કરવો | શિક્ષક નિર્ણય આપે |
| જ વિરોધી આકર્ષણો | શાળાનું નહિ ગમતું કામ | મનગમતું કામ પસંદ કરવું. | પરાણે કરાવવું |
| | નહિ ઇચ્છવા યોગ્ય મિત્રો | માતાએ ધ્યાન આપવું. | ધિક્કાર |
| | અનિષ્ટ ટેવો | મા તથા નોકરોએ ધ્યાન આપવું. | |
| ઝ ધ્યાન ખેંચવાની ઇચ્છા | દંભી અને સ્વાર્થી થવા માટે ટેવાયેલ | બીજાઓનો ખ્યાલ કરતાં શીખવવું, | જાહેર ઠપકો |
| | | મહત્ત્વ ન આપવું. | વાંક કાઢવા |
| ટ જ્ઞાનતંતુઓનો થાક | અધૂરું પોષણ, અનિયમિત જીવન, જ્ઞાનતંતુઓની અસ્થિરતા | સારો ખોરાક નિયમિતતા વારંવાર આરામ આપવો. | |

## (૩) વારંવાર મદદની માગણી

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क પરાવલંબન | બીજાઓએ નિર્ણય કર્યો હોય | આત્મ-નિર્ણય | શિક્ષકે નિર્ણય કરી આપવો |
| ख બિન-જવાબદારી | બીજાઓએ સંભાળ રાખી હોય | જવાબદારી | શિક્ષક જવાબદારી ઉપાડે |
| ग પોતાનામાં અવિશ્વાસ | નાસીપાસી | સંતોષકારક પ્રવૃત્તિ | વધારે નાસીપાસી ઉપજાવવી |
| घ સ્વમાનની ખામી | જાહેર ટીકા | અંગત પ્રોત્સાહન | જાહેરમાં વધારે ટીકાઓ કરવી |
| च આળસુપણું | અપૂરતું પોષણ | સારો ખોરાક | અથાણાં, ઘેની પીણાં, સાકરદાળિયા સાકરલાકડી વગેરે |
| | માનસિક મંદાવસ્થા | પ્રવૃત્તિ | ગોંધી રાખવું. આળસું કહી ખીજવવો |
| | અપૂરતો વ્યાયામ, અપૂરતો આરામ, આહારનિદ્રાની અનિયમિતતા | યોગ્ય વ્યાયામ આરામ નિયમિતતા | |
| छ ક્રિયાશક્તિનો અભાવ | બીજાઓએ કરી આપ્યું હોય નિર્બળ ક્રિયાશક્તિ | જાતે કામ કરવા દેવું | શિક્ષક કરી આપે |

## (૪) મંદ પ્રગતિ

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क નાસીપાસ થશું એમ માનવું | મળેલી નિષ્ફળતા | સંતોષકારક કામ | વધારે નાસીપાસી, ધીમો કહી ટોકવો |
| ख આત્મવિશ્વાસની ખામી | ટીકાઓ | પ્રોત્સાહન | બીજા સાથે સરખાવવું |
| ग અધૂરી તૈયારી | ઊંચે નંબરે ચડાવી દીધો હોય | યોગ્ય નંબરે બેસાડવો | લેસન આપવાં |
| घ કામમાં મંદોત્સાહ | શિક્ષકપ્રેરિત | સ્વયંપ્રેરિત | શિક્ષકની પ્રેરણા |
| च ક્રિયાશક્તિનો અભાવ | જવાબદારી બીજાઓની હોય, | જવાબદારી સોંપવી | કરાવી લેવું |
| | ક્રિયાશક્તિની નબળાઈ | આત્મ-નિર્ણય | શિક્ષક નિર્ણય આપે |
| छ મહત્ત્વાકાંક્ષાનો અભાવ | કામમાં કે કામ કરવામાં અસંતોષ | સારું કામ અને પ્રોત્સાહન | ઉત્સાહમાં ભંગ કરવો |
| ज સોગિયાપણું | અહંતાપ્રધાન | બીજાઓની પરવા કરતાં શીખવવું વિનોદ | ઉપદેશ આપવો |
| झ બેધ્યાન | નીરસ કામ | કામનો ફેરફાર | બેધ્યાન છે એવાં ટોણાં મારવાં |

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| ટ નાદુરસ્ત તબિયત | અયોગ્ય ખોરાક | સારો ખોરાક | અથાણાં, ઘેની પીણાં, સાકરલાકડી, સાકરદાળિયા વગેરે |
| | અપૂરતો વ્યાયામ | વ્યાયામ | |
| | અપૂરતો આરામ | આરામ | ગોંધી રાખવો |
| | અનિયમિતતા | નિયમિતતા | વધારે પડતાં નાટક, સિનેમા જોવાં |
| ઠ વિસ્મૃતિ | નીરસ કામ | વિષયને રજૂ કરવાની વિવિધતા | ભૂલકણો કહેવો |
| | વિચારસાહચર્યની મંદતા | પ્રત્યક્ષ અનુભવ | |
| ડ બાલિશતા | ઉપલા ધોરણમાં ચડાવવો | નીચલા વર્ગમાં ઉતારવો | ઉપલા વર્ગમાં ચડાવવો |
| | અવિકસિત માનસ | | |

## (૫) છેતરવું

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क પરિણામનો ભય | બીજાઓની મશ્કરી<br>બીજાઓની ટીકા<br>અયોગ્ય દંડ | સંતોષકારક પ્રોત્સાહન<br>સ્વાભાવિક દંડ | લુચ્ચો કહેવો<br>જાહેરમાં નાલેશી કરવી |

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क પરિણામનો ભય (ચાલુ) | નાપાસ થવું | પ્રગતિનો યોગ્ય આંક મૂકવો | વધારે નાપાસ કરવો |
| ख જાત વિષે અવિશ્વાસ | કામ સ્પષ્ટ રીતે દર્શાવાયું ન હોય | પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહન આપવું | ટીકા; વ્યંગોક્તિ |
| | વધારે ઊંચે નંબરે મૂક્યો હોય | યોગ્ય સ્થાને મૂકવો | ચડાવવો |
| ग જેમ તેમ પતાવવાની ટેવ | કારણ કે તેવું ચાલી ગયું હોય | વ્યક્તિગત કામ સોંપવું | આવા કામનાં વખાણ થતાં હોય |
| क કોપી કરવાની ટેવ | અનુકરણ અને કોપી કરવી | રચનાત્મક કામની યોજના | કોપી કરીને ભણવાનું ચાલુ રાખવું |
| च જવાબ લાવવા માટે જ કામ કરવાની ટેવ | હકીકતો જાણી લેવી એ જ કેળવણી એવી માન્યતા | વિકાસક ઉદ્દેશ ધરવો | માત્ર જવાબ તરફ જોઈને જ ખરા આપવા |
| छ સ્વમાનની ખામી | કામ મોળું હોય | પ્રોત્સાહન | ઉતારી પાડનારી ટીકા |
| ज મોટું કામ કરવાનો શોખ | સોંપેલું કામ ખૂબ સહેલું હોય | પ્રોત્સાહન અઘરું અને વધારે રસ ઉપજાવે તેવું કામ સોંપવું | છેતરપિંડી અશકય થાય તેવી મુશ્કેલી ઊભી કરવી |

## (૬) આડાઈ અને ખિજાળપણું

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क ઈર્ષ્યા | અયોગ્ય નિર્ણયો | | |
| | ઘરની મંડળીને રસ પ્રેમ ન હોય | બાળક તરફ મમતા બતાવવી | નિંદા |
| | ભાઈ, બહેન કે શાળાના સાથીઓ તરફ પક્ષપાત રખાતો હોય | | બીજાનાં વખાણ |
| ख જરા જરામાં ઉશ્કેરાઈ જવું | જાહેર ટીકા<br>વાંક કાઢવો | સહાનુભૂતિ<br>પ્રોત્સાહન | જાહેર નિંદા |
| ग તિરસ્કાર સાથે અનાદર | વચ્ચે આવ્યા કરવું<br>ઉપરીપણું ચલાવવું | વચ્ચે ન આવવું<br>સ્વાતંત્ર્ય | સલાહ અને માર્ગદર્શન |
| घ દુખિયાપણું | વિસંવાદી ઘર<br>બહારની મુશ્કેલીઓ<br>મૈત્રીનો અભાવ | કાળજી<br>મમતા | વ્યંગોક્તિ<br>કડકાઈ |
| च નાડું પકડી રાખવું | અતિ બળવાન ક્રિયાશક્તિ અતિ નિર્બળ ક્રિયાશક્તિ | સ્વાનુભવ | ઉપરીપણું ચલાવવું |
| छ સ્વાર્થીપણું | પોતાપૂરતું સંભાળવાનું શીખવ્યું હોય<br>ધાર્યું કરવા ટેવાયેલ | બીજાઓનો વિચાર | ખુશામત કરવી |
| ज એકાગ્રતા | મજબૂત ક્રિયાશક્તિ | એકાએક વચ્ચે ન પડવું વિનય | ટકટકાટ |
| झ શંકાશીલપણું | અયોગ્ય ટીકાઓ | તટસ્થ વર્તાવ | અવિચારી નિર્ણય |

## (૭) ઘડી ઘડીમાં માઠું લાગી જવાપણું

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क ટીકા કરે છે એમ સમજી લેવાની ટેવ | ટીકાઓ અયોગ્ય શંકા | પ્રોત્સાહન વાજબીપણું | નિંદા અવિચારી નિર્ણય |
| ख તિરસ્કાર કરે એમ કલ્પી લેવાની ટેવ | અહંભાવી | બીજાનો ખ્યાલ રાખવો નિખાલસ વાતચીત | ગંભીર થઈ જવું |
| ग સોગિયાપણું | અતિપ્રામાણિકપણું | વિનોદ સમજતાં શીખવવું | |
| घ જ્ઞાનતંતુઓની નિર્બળતા (nervousness) | અયોગ્ય ખોરાક અનિયમિતતા અપૂરતી ઊંઘ આનુવંશિક જ્ઞાનતંતુ-ઓની નબળાઈ | સારો ખોરાક નિયમિતતા ઊંઘ | શિક્ષા |

## (૮) મૂર્ખાઈ

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क આત્મભાન | શારીરિક ફેરફાર અતિશ્રમ | માએ કાળજી રાખવી કામમાંથી મુક્તિ | તણાઈને કરવું પડે તેટલું કામ |
| ख પરસ્પર વિરોધી હિત | | નંબર ૨ જુઓ | |
| ग જવાબદારીની ખામી | | નંબર ૨ જુઓ | |

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| घ મહત્ત્વાકાંક્ષાનો અભાવ | | નંબર ૨ જુઓ | |
| च ક્રિયાશક્તિનો અભાવ | | નંબર ૨ જુઓ | |
| छ બાલિશતા | અપરિપક્વ મન | નીચેના વર્ગમાં ઉતારવો | ઉપરના વર્ગમાં મૂકવો |

## (૯) દોઢડાહ્યાપણું, વાચાળતા, ચપળ દેખાવું

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| क મિથ્યાભિમાન | ખોટી પ્રતિષ્ઠા મળી હોય | બીજાઓની દરકાર કરતાં શીખવવું | સામેથી વિરોધ કરવો |
| | | પ્રતિષ્ઠા ખસેડવી | ક્રોધ |
| | | દૂભવવું | |
| ख કેમ વર્તવું તેનું અજ્ઞાન | જંગલીપણામાં ઊછરેલ | સાશ્ચર્ય મૌન અતિશય નમ્રતા | અવિવેક |
| | | વિવેકપૂર્વક અવગણના | |
| ग મોટા ગણાવાની આકાંક્ષા | ઉદ્ધતાઈ વખાણવામાં આવી હોય | મોટાઈના સ્થાનેથી ઉતારી પાડવો | જાહેર ટીકા |

| સંભવિત કારણો | કારણભૂત પરિસ્થિતિ | ઉપચારો | અવળા ઉપચારો |
|---|---|---|---|
| ઘ કંઈક છુપાવવાની ઈચ્છા | કોઈ કારણોસર શરમાતો હોય | તે બાબતમાં હિંમત આપવી | |
| ચ ધ્યાન ખેંચવાની આવૃત્તિ | ઘેર વાજબી સંભાળ લેવાળ ન હોય | રસિક પ્રવૃત્તિ | ત્રાસ આપવો |
| છ ઈર્ષ્યા | ઘેર દરકાર ન લેવાઈ હોય સ્વાર્થવૃત્તિ | મૈત્રી બીજાઓનો ખ્યાલ | બીજાનાં વખાણ |
| જ સમતોલતાનો અભાવ | ખોટો આદર્શ | શાંતિથી વિચારણા મોકૂફ રાખવું આત્મનિયમન | ક્રોધ |
| જ ચીડવવું | | ચિડાવું નહિ | ક્રોધ |

❀

# બાળકોની ગંદી રમતો

હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં માબાપો તરફથી મને આ પ્રશ્ન પૂછવામાં આવે છે: ''કોઈ કોઈ વાર અમારું બાળક ગંદી રમતો રમે છે, અને જ્યારે ટોકીએ છીએ કે મારીએ છીએ ત્યારે એ ઊલટું છાનુંમાનું રમે છે, અને તે બાબત સંતાડીને જૂઠું બોલે છે. આ ગંદી રમતોમાંથી બાળકોને શી રીતે બચાવવાં અને તે બાબતમાં અમારે શું કરવું?''

આ પ્રશ્ન હરેક માબાપને એક વખત થવાનો જ છે. સૌ બાળકોની જિંદગીમાં કદાચ એક કાળ એવો આવી પણ જવાનો કે જે વખતે તે આવી ગંદી રમતોમાં આવી પડે; અગર તો તેની નજીકથી પસાર થઈ જાય. સૌ માબાપે આ બાબતમાં જરા પણ બેદરકારી રાખવા જેવું નથી. એટલું જ નહિ, પણ તેમણે અમુક અમુક બાબતોમાં ચોક્કસ કાળજી રાખવાની જરૂર છે.

મારા નાનપણમાં મોસાળમાં અમને એક છોકરીની સોબત થઈ હતી. અમે ખાસ ગંદું શું કરતા હતા અત્યારે યાદ નથી, પણ મારા મન પર એટલી છાપ રહી ગઈ છે કે એ છોકરી કંઈક ગંદું

કરાવવા માગતી હતી. પણ અમને તેમાં કાંઈ સૂઝ પડતી ન હતી. આથી અમે ગંદી રમતોના ભોગ થઈ પડેલ નહિ હોઈશું.

મારો અનુભવ અને અવલોકન એમ કહે છે કે આ બદી બાળકોમાં કુદરતી છે એમ કહેવા કરતાં વાતાવરણની છે એમ સ્વીકારવું વધારે વાજબી અને સાચું છે. મોટા ભાગે સોબતમાંથી આ વાત બાળકોમાં આવે છે; અને બાળકો સોબતમાં જ તે એકબીજાને આપે છે.

પણ મારો એવો અનુભવ પણ છે કે આ વસ્તુ બાળકોને મોટાંઓ તરફથી મળે છે. ઘણા જુવાનો નાનાં બાળકોની દોસ્તી બાંધે છે; તેમને પાઈ, પૈસો, મોતી કે એવું રમવા ખાવાનું આપે છે અને બાળકને એકાંતમાં લઈ જઈ બાળકના હાથનો ગંદાઈમાં ઉપયોગ કરાવે છે. મોટાંઓ મોટાં બાળકોને બીજી રીતે ખરાબ કરે છે. અને લાગ મળતાં તે આદતમાં નાખી દે છે.

નાનાં બાળકો કે મોટાં બાળકો આવા મોટા જુવાનોની સોબતમાં ગંદી રમતો શીખે છે, તેમને તેમાં કંઈક મજા સમજાય છે, અને ત્યાર પછીથી તેઓ અંદર અંદર આ રમતો શરૂ કરે છે. મોટા છોકરાઓએ જે ગુપ્ત સંજોગોમાં આ રમતો શીખવી હોય છે તે જ સંજોગોમાં આ બાળકો પણ રમે છે. અને બધું ઢાંકવા માગે છે.

વળી મોટી છોકરીઓ નાના છોકરાઓને આવી ગંદી રમતોમાં લઈ જઈ શકે છે. તેઓ પોતાની પ્રકૃતિને ઠંડી કરવા નાનાં બાળકો સાથે એવી રીતે રમે છે ને તેમનામાં એવી ગરમી પેદા કરે છે કે નાનાં બાળકોને તે ગમે છે. ઉપરાંત નાનાં બાળકો તરફથી મમતા બતાવીને પણ છોકરીઓ તેમને આવું આવું રમાડે

છે. પરિણામે નાનાં છોકરા છોકરીઓ પણ ગંદું ગંદું રમતાં શીખી જાય છે, ને તેનો પ્રચાર ગુપ્તપણે કરે છે. જો પકડાય છે તો આપણે તેને મારીએ છીએ કે વઢીએ છીએ; તેથી તેઓ ત્યાર પછીથી વધારે ગુપ્તપણે તે આચરે છે.

વળી આપણે ત્યાં મહેમાનો વગેરે આવે છે. તેઓ પણ હંમેશાં ખરાબ આદતોમાંથી મુક્ત હોતા નથી. તેઓ સાથે આપણે આપણાં બાળકોને સુરક્ષિત માનીએ છીએ. તેઓની ભેગાં બાળકો સૂએ છે ત્યારે તેમની પાસેથી પણ તેઓ અજાણપણે કંઈક ગંદું શીખી જાય છે. આ મહેમાનોમાં પુરુષો તેમ જ સ્ત્રીઓ બન્નેનો સમાવેશ થાય છે.

છાત્રાલય જેવાં સ્થળોમાં વસતા વિદ્યાર્થીઓમાં તો આવા કામની ગુરુદીક્ષા આપવાવાળા તૈયાર જ હોય છે. તેવા ગુરુઓના પરિચયમાં કે શિષ્યના પરિચયમાં આપણા બાળકો આવ્યાં તો તેમના પરિચયનો લાભ મળ્યા વગર રહેતો જ નથી.

આપણે સમજી શકીશું કે આ બદી ક્યાંથી આવે છે. સોબત, પરિચય, સંગ એ આ બદીની જાગૃતિમાં અને પ્રચારમાં છે એમાં શંકા નથી.

વળી આ બદીનું વલણ બાળકોને વારસામાં પણ મળેલું હોય છે. આપણે મોટાંઓ આ બદીનાં જેટલે અંશે મોટપણમાં કે નાનપણમાં ભોગ થઈ પડ્યા હોઈશું તેનું ફળ આપણાં બાળકોને ભોગવવું પડયે છૂટકો છે. આપણી શક્તિઓ અને અશક્તિઓ બન્ને આપણાં બાળકોને આપણા વારસામાં મળે છે. બાળકો ફરી વાર આપણી બાલ્યાવસ્થા જીવે છે, અને તે દરમિયાન આપણને આપણાપણાંની યાદી આપે છે. વળી બદીની જાગૃતિ કે બદીને

અનુકૂળ વાતાવરણ આપણું પોતાનું ગૃહસ્થ તરીકેનું જીવન પણ છે. આપણે સ્ત્રી પુરુષ એવી રીતે રહીએ કે જેવી રીત બાળકોની આંખે પડવી ન જોઈએ, બાળકોના કાને અથડાવી ન જોઈએ, તો એ રીતની છાપ બાળકો ઉપર પડશે; ને બાળકોને તેનો ગેરલાભ થયા વિના રહેશે નહિ.

નાનપણમાં બાળકો વાતાવરણ પરત્વે બહુ જાગ્રત હોય છે. તેઓ ઉપર વાતાવરણ બહુ મજબૂતીથી અસર કરે છે. તેઓને સામા ઘરનું, ઓરડાનું ને બધા માણસોનું સારું નરસું વાતાવરણ હવામાન પ્રમાણે સ્પર્શે છે, અને તેના લાભાલાભનાં ભાગીદાર થઈ જાય છે. ઊંઘમાં પણ બાળકોની આસપાસનું વાતાવરણ બાળકોને અસર કર્યે જ જાય છે. આ અસર માત્ર શરીર ઉપર જ નહિ, પણ મન અને તેની પાછળ રહેલી અન્ય શક્તિઓ અને વૃત્તિઓ પર પણ થયા કરે છે.

આમ બાળકોની બદીનાં કારણોમાં આપણું માબાપનું વર્તન પણ હોય છે. આપણે માબાપો તરીકે જાણીએ પણ છીએ કે આપણે બાળકોની હાજરીમાં કેવાં સંયમી કે અસંયમી છીએ; એટલે આપણે પોતે બદીઓની જવાબદારીમાં આપણો હિસ્સો નથી એમ કહી શકીએ તેમ નથી.

વળી એ વાત પણ જાણવા જેવી છે કે જ્યારે મોટાંઓ સુધ્ધાંને કંઈ પ્રવૃત્તિ મળતી નથી ત્યારે તેઓ ખરાબ માર્ગે ચડે છે. દરેક માણસ કંઈક કરવા માગે છે; માણસમાં કંઈક સર્જન કરવાની સહજ વૃત્તિ છે. આ વૃત્તિને અવકાશ મળતો નથી - અર્થાત્ જ્યારે માણસના હાથમાંથી કામકાજ ઝૂંટવી લેવામાં આવે છે, ત્યારે તે નવરો બેઠો નખ્ખોદ વાળે છે; એટલે કે તે કંઈ ને કંઈ નઠારી

પ્રવૃત્તિને આધીન બને છે. વિકૃતિ કે નઠારી પ્રવૃત્તિ એ સારી પ્રવૃત્તિને રોકવાથી બનેલું ઝેર છે. વહેતા પાણીને રોકવાથી તે ગંધાય છે ને રોગનું કારણ બને છે, તેમ જ પ્રવૃત્તિને રોકવાથી તેમાં વિકૃતિ થાય છે ને તેને પરિણામે બદીઓ પેદા થાય છે.

બાળકોમાં પણ એ જ રીતે જ્યારે તેમને કશું જ કરવાનું મળતું નથી, જ્યારે તેમને ઘરમાં કંઈ પ્રવૃત્તિ મળતી નથી કે જેમાં તેમને હાથ, પગ, આંખો, મન, બુદ્ધિ વગેરે વાપરવાં પડે, અને જ્યારે તેમને માથે માત્ર પાઠો જ કરવાનું આવી પડે છે, ત્યારે તેમની પ્રવૃત્તિનું પવિત્ર ઝરણું વહેતું વહેતું અટકી પડે છે અને તેમાંથી ગંદકી ને સડો ઉત્પન્ન થાય છે. સંગદોષથી ઉત્પન્ન થયેલી બદી પણ ત્યારે જ વિજય મેળવે છે કે જ્યારે બાળકોને પ્રવૃત્તિ મળતી નથી. તે બદી વધે છે પણ ત્યારે જ કે જ્યારે માબાપો બદીને કાઢવા માટે બાળકોના હાથમાંથી બધું કામ ઝૂંટવી લઈ તેમને એક ખૂણામાં પાઠ કરવા બેસાડી દે છે. વળી જે મોટાંઓમાં આ બદી પ્રગટ થઈ નાનાંઓને તે મળે છે, તે બદી મોટાઓમાં ઉત્પન્ન થવાનું કારણ પણ એ જ છેઃ પ્રવૃત્તિનો અભાવ, ખોટી નવરાશ, પ્રવૃત્તિની રુકાવટ, પ્રવૃત્તિનો વિરોધ.

હવે આપણે જાણીએ છીએ કે બાળકોને આપણે કશી પ્રવૃત્તિ આપતાં નથી કેમ કે આપણે સમજી શકતાં નથી કે આપણે શી પ્રવૃત્તિ આપવી. બાળકો ઘણી ઘણી પ્રવૃત્તિઓ કરવા માગે છે, પણ તે તો આપણે જુદાં જુદાં કારણોથી રોકીએ છીએ. આપણે માનીએ છીએ કે અમુક પ્રવૃત્તિઓ બાળકોથી ન થાય. કારણ કે તે તેમને આવડે નહિ; કારણ કે તેમ કરતાં તેમને શરીરે નુકસાન થઈ જાય; કારણ કે તેમ કરતાં ચીજો, વાસણો, કપડાં વગેરે

બગડે; કારણ કે તેમ કરવાની બાળકને જરૂર નથી; કારણ કે તેમ કરે તેના કરતાં પાઠો ન કરે? અને જ્યારે બાળકના હાથમાંથી એક પછી એક એમ બધી પ્રવૃત્તિઓ ઝૂંટવી લઈએ છીએ ત્યારે તેનામાં વિકૃતિ પેદા થાય છે. આ વિકૃતિ પછીથી અનેક સ્વરૂપો લે છે. તમામ જાતની ગંદકીમાં રસ લેવો, ગંદા રહેવું, ગંદું કરવું, ગંદી રમતો રમવી, ગંદું બોલવું વગેરે વિકૃતિનાં રૂપો છે.

બાળકોની ગંદી રમતોનાં આવાં મૂળો છે, તેનાં ઉત્તેજન-કારણો છે, તેનું વાતાવરણ છે.

ત્યારે હવે આપણે મોટેરાંઓએ આ બાબતમાં શું કરવું જોઈએ?

પ્રથમ તો આપણે બાળકોના હાથમાં પ્રવૃત્તિ મૂકી દેવી જોઈએ. બાળકો લખે વાંચે એ પ્રવૃત્તિ છે, પણ તે બાળકોની સર્જનાત્મક પ્રવૃત્તિને પૂરો અવકાશ નથી આપતાં; તેની મારફત બહુ જ ઓછો આરામ અને માર્ગ મળે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ એટલે બાળકો હાથે પગે કરીને જે કાંઈ ઉપજાવે તે. માટીનાં રમકડાં કરવાં, લાકડાનું કામ કરવું, હથોડી ખીલા અને લાકડાથી જે કાંઈ સૂઝે તે કરવું, ખાડા ખોદવા, બાગ કરવો, ઝાડને પાણી પાવું, વાળવું ચોળવું, વાસણ ઊટકવાં, કપડાં ધોવાં, ગોઠવવું, છરી અને કાતરના અનેક જાતના ઉપયોગ કરવા, કાતરકામ કરવું: આ બધાં કામો બાળકમાં રહેલ સર્જનાત્મક વૃત્તિને ગતિ આપશે, ઓપ આપશે, બાળકને સંતોષ આપશે અને તેથી ખોટે માર્ગે જવાનું સહેજે બંધ પડશે. ગંદી રમતો રમીને શરીર અને મનને ગંદાં કરવાં કરતાં આ રમતોમાં હાથપગ બગડે અગર કપડાં બગડે તો કશું જ નુકસાન નથી. ઊલટું આ રમતો

બાળકના શરીરને વધારે ઊજળું અને મનને સ્વચ્છ તથા નીરોગી બનાવશે. ગંદી રમતો મનની માંદગી છે; પ્રવૃત્તિ એક જ મનની માંદગીની દવા છે.

ઉપરની પ્રવૃત્તિ ઉપરાંત નાટકો કરવાં, નાચવું, રમવું, શણગારો કરવા, ગોઠવણો અને મંડપો કરવા - એ બધી પણ પ્રવૃત્તિઓ છે. આ પ્રવૃત્તિઓ કે પેલી જાતની પ્રવૃત્તિઓ કે હરકોઈ પ્રવૃત્તિ, જેમાં હાથપગ મૂળ વપરાય છે, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના સહકાર સાથે કંઈક બને છે, એ બધી પ્રવૃત્તિ બાળકોને નીચે માર્ગે જતાં રોકે છે અને તેમનું ચારિત્ર્ય ઘડે છે.

ચારિત્ર્ય એટલે ઘણું જાણવું એ નથી. ચારિત્ર્ય એટલે પોપટ જેમ સાચું ખોટું શું તે બોલવું તે નથી. ચારિત્ર્ય એટલે સત્ અસત્ સમજવું એ પણ નથી. ચારિત્ર્ય એટલે ખરું આચરવું અને ખોટું ત્યાગવું એ જ છે; અને આચરી તે શકે કે જેનાં હાથપગ વગેરે કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયો સાબૂત છે, બળવાન છે, તેજસ્વી છે અને કાબૂમાં છે. આ કાબૂ હંમેશ કામ કરવાથી, પ્રવૃત્તિ કરવાથી આવે છે; ખુરશીમાં બેસી વાંચવાથી કે વિચારવાથી નથી આવતો. ચારિત્ર્યનો પાયો જ પ્રવૃત્તિ છે.

સમજુ માબાપોએ બાળકોને પ્રવૃત્તિ આપવા મહેનત કરવી જોઈએ. બાળકોને માટે રાખવામાં આવેલ શિક્ષક પ્રવૃત્તિ નથી, પણ તેનો વિરોધ છે. શિક્ષક જેટલો વખત બાળકને પરાણે બેસાડીને ભણાવે છે તેટલો વખત બાળક સડે છે, ગંદું થવાની તૈયારી કરે છે. જ્યારે બાળક રાજીખુશીથી રમે છે ને કૂદે છે, નાચે છે ને ગાય છે, ખોદે છે ને ચણે છે, ભાંગે છે ને ફોડે છે ત્યારે તે સાચું થઈ રહ્યું હોય છે; ત્યારે તે મહાન બની રહ્યું હોય છે; ત્યારે તે મનુષ્યત્વ મેળવી રહ્યું હોય છે.

પ્રવૃત્તિ ખાલી વાતાવરણમાં શક્ય નથી; વાતાવરણ પ્રવૃત્તિદાયક અને પોષક કરવાની આપણી ફરજ છે. એટલે જ આગળ કહી તે બધી સર્જનાત્મક પ્રવૃત્તિઓનાં સાધનો આપણે આપણાં ઘરોમાં વસાવવાં જોઈએ. ઘરમાં બાળકને એક જગ્યા આપી ત્યાં તેને પોતાને મનગમતું કરવાની પૂરી છૂટ આપવી જોઈએ. બાળકોના કામમાંથી કંઈ રળવાની આશા રાખવી નહિ; તેનાં કામો સંપૂર્ણ અને સુંદર થાય નહિ તો મૂંઝાવું નહિ. આપણે બાળકો પાસેથી વાસણ ઉટકાવવા નથી માગતા; તે માટે આપણા અગર નોકરોના હાથ છે. બાળકો ઘર વાળીને સાફ કરે ને આપણી મહેનત બચે તે માટે બાળકોની પ્રવૃત્તિ આપણે કબૂલ રાખીએ છીએ તેમ નથી; પણ આપણે તો બાળકોને જીવવા માટે, વિકસવા માટે, શક્તિ વધારવા માટે તેમને વાતાવરણ આપીએ છીએ. તેનો લાભ બાળકોનો વિકાસ છે; વાસીદું વળાઈ જવું કે વાસણો સાફ થઈ જવાં એ લાભો નથી. એની કિંમત ચારિત્ર્યઘડતરની સામે બહુ જ ઓછી છે. જો પ્રવૃત્તિ ચારિત્ર્ય છે તો પ્રવૃત્તિ કરવી એ જ કીમતી વસ્તુ છે, તે જ પરમ લાભ છે.

હવે બીજી બાબત સોબતની છે. આપણે માબાપોએ આ બાબતમાં જાગતાં રહેવું જોઈએ. જેમ ચેપી રોગોનું છે તેમ જ સોબતનું છે. ચેપી રોગો ભલે બહારથી આવે છે પણ નુકસાન તો કરી જ જાય છે, તેમ સોબત બહારની છે પણ ખરાબ પરિણામ વળગાડી જ જાય છે.

બાળકો જ્યારે ઘરમાં ભેળાં થઈ રમે ત્યારે તેઓ એકાંત ખૂણો શોધી, પડદા પાછળ, ડામચિયા કે કબાટ પાછળ ન રમે, કોઈને ન સંભળાય તેવી ગુસપુસ ન કરે, અને કંઈ છાનુંછાનું ન

ચલવે માટે બધું ખુલ્લું જ ચાલે તેથી વ્યવસ્થા માબાપોએ રાખવી. બાળકો કઈ રમતો રમે છે તે વારંવાર જોયા ને જાણ્યા કરવું. આડોશપાડોશમાંથી કોણ કોણ છોકરાં આવે છે તે જોતાં રહેવું; બહુ મોટાં બાળકો છેક નાનાં સાથે ભેળાવા ન દેવાં. સરખાં બાળકોમાં પણ જે બાળકો એકાંતમાં જઈને વાતો કરવાનું કે છુપાઈને રમવાનું કહે તેમને રજા આપી દેવી. પ્રથમ તેઓ એકાંત શોધશે, પછી ગુપ્તપણે રમશે ને છેવટે ગુપ્ત ગંદી રમતો રમશે. આ બધાંનું પ્રથમ પગલું એકાંત શોધવું એ છે. બગડેલાં બાળકો એકાંતનો અર્થ સમજે છે. બીજા કોઈ જાણી કે જોઈ ન જાય તેની પહેલેથી કાળજી રાખે છે. અમુક તો આપણાં સગાંસંબંધીઓ છે એમ માનીને ચાલવું નહિ, તેમ તેમના ઉપર અવિશ્વાસની નજરથી જોઈ તેમને ગભરાવવાં નહિ. છતાં તેઓના ઢંગ ઉપરથી તેમને ઓળખી કાઢી તેમને આપણાં બાળકોથી દૂર કરવાં જોઈએ; અને તેમ કરવામાં ખોટી શરમ કે સંકોચ ન જોઈએ. એવાં બાળકોને રજા આપી દેવી. આપણાં બાળકોને કહી દેવું કે આપણે તેની સાથે નથી રમવું. અને ગંદાં બાળકોનાં માબાપોને પણ ચેતવણી આપવી. આપણાં બાળકો ના પાડ્યા છતાં ગંદાં બાળકો સાથે રમવા દોડે અગર આગ્રહ રાખે તો આપણે તેની અટકાયત કરતાં મૂંઝાવું નહિ. તે બાબતમાં બાળકોને કહી છોડવું કે ગંદાં બાળકો સાથે રમવાનું ઠીક ન ગણાય; પણ એ વાત ગળે ન ઊતરે તો અટકાયત કરવી, અને તેની સાથે જ બાળકોના હાથમાં અનેક સુંદર એવી પ્રવૃત્તિઓ મૂકી દેવી. માત્ર અટકાયત કરવાથી બાળકો લુચ્ચાઈ કરી નાસી છૂટશે અને આપણને ઠગીને ધાર્યું કરશે; એટલું જ નહિ પણ બમણા જોરથી બદીમાં પડશે અને પાડશે.

બાળકોને શેરીમાં રમવા જવા ન દેવાં એ જ આજની પરિસ્થિતિમાં યોગ્ય છે. શેરી જ આજે તો ગંદકીનું ઘર થઈ પડી છે. ઘણાં બાળકો ત્યાંથી જ ગંદકી કે બદીનાં જંતુઓ ઉપાડે છે. બાળકોને ઘરમાં ગોંધી રાખવાનાં નથી; બાળકો ઘર છોડીને એટલા માટે શેરીમાં જાય છે કે ત્યાં દોડવા કૂદવાનું અને ભાઈબંધો સાથે સામાજિક જીવન મળે છે. બાળકો અમુક ઉંમરે ભાઈબંધો માગે છે; એની ના પાડવાથી તેઓ છટકીને નાસે છે ને મૈત્રી મેળવતાં મેળવતાં તેની સાથે બદીઓ પણ મેળવે છે.

માબાપોએ બાળકોના મિત્રો ઘરે આવે તેવી ગોઠવણ કરવી જોઈએ. બાળકોના મિત્રોનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. બાળકોને તંદુરસ્ત વાતાવરણ આપવા માટે પસંદ કરેલ મિત્રોને ઘરમાં સ્થાન આપવું પડશે. આપણે આપણા મિત્રો માટે ખૂબ વખત અને પૈસા ખર્ચીએ છીએ; તો બાળકોના મિત્રો માટે તેટલો નહિ તો અરધો ખર્ચ પણ તેમને આરોગ્ય અને આનંદ બન્ને આપશે.

વધારામાં આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે શરીરે અને કપડાંથી ગંદાં રહેતાં બાળકો ગંદકી તરફ વહેલાં જાય છે. તેમની અંદરની વૃત્તિને તે દ્વારા પોષણ મળે છે. માટે બાળકોને શરીરે શરીરનાં બધાં અંગોમાં સ્વચ્છ રાખવાં જોઈએ. કપડાં સ્વચ્છ અને તંગ નહિ તેવાં જ પહેરાવવાં જોઈએ; અને તેમને ચળ આવે કે શરીરને ચૂંથવાનું વલણ થાય તેવું થવા દેવું ન જોઈએ. આ બધા નિષેધો છે. બાળકોને સીધી રીતે આ બાબતો વિષે કહ્યા વિના તેની સગવડ કરવાની છે.

એક વાત કરવાની નથી. તે એ કે બાળકોને ગંદી રમતો

રમવા બાબત મારવાનાં નથી કે ધમકાવવાનાં નથી. મારવાનું આપણામાં રહેલું વલણ સર્જનાત્મક વૃત્તિ હલકી થતી જાય છે તેનું સૂચક છે. માર મારવો એ પોતે જ એક વિકૃતિ છે, એક બદી છે. એટલે માર મારવાથી વિકૃતિ દૂર થવાને બદલે તેને ગતિ મળે છે. માર ખાનાર બાળક તે જ કારણે બીજાને માર મારતાં શીખે છે; એટલું જ નહિ પણ બીજા ઉપર ગંદકી નાખતાં, બદી ચલાવતાં શીખે છે. મારના રસાયણમાંથી બદી સ્વતઃ પેદા થાય છે. માર સર્વથા ત્યાજ્ય છે.

ધમકાવવાથી બાળક લુચ્ચું થાય છે, ચોર બને છે. બીક હંમેશાં માણસને ચોરટો અને ખંધો બનાવે છે. બુદ્ધિનો ખોટો ઉપયોગ પણ બીકને લીધે જ થાય છે. બીક માણસની શુદ્ધ વૃત્તિને મલીન કરે છે. માટે બાળક ગંદું કરતું હોય તો તેને ધમકાવવું નહિ; પણ જેમ કોઈ બાળકને તાવ આવે છે ત્યારે તેની દવા જ કરીએ છીએ, તેમ જો બાળક બદીમાં આવી ગયું તો બદીને રોગ સમજી તેની દવા જ કરવાની જરૂર છે; માર મારવો તથા ધમકાવવું એ રોગની દવા નથી પણ રોગને ઢાંકવાનાં ઢાંકણો માત્ર છે. ઉપરથી ઢાંકેલો રોગ આખરે રોગ જ રહે છે ને માણસને ઘાતક નીવડે છે, તેમ મૂળ દૂર કર્યા વિનાની અને ઉપરથી દબાયેલી વૃત્તિ તેની તે જ રહે છે, અને આખરે તે ફાટી નીકળી બાળકને હેરાન કરે છે. બાળકની વૃત્તિને દબાવી દેવાની નથી, તેને દૂર કરવાની છે. દાબેલી વૃત્તિ આખરે તો અંદર જ રહે છે. દૂર કરેલી વૃત્તિ જ દૂર જાય છે.

બાળકને ધમકાવવું નહિ તેમ તેને શરમાવવું પણ નહિ. શરમાવવાથી બાળકને અપમાન લાગે છે. તેને થાય છે કે આવું

કરવું તેથી શરમાવું તેના કરતાં માબાપને ખબર જ ન પડે તેની કાળજી રાખવી. તેને થાય છે કે ''હવે નહિ કરું.'' પણ પાછું તે કરે છે, કેમ કે તેના હાથમાં બીજું કશું કરવાનું હોતું નથી.

વળી દરેક બાળકને ઉપદેશ પણ ન દેવો કે આમ કરવું ખરાબ છે ને આમ કરવું સારું છે. માણસ સારુંનરસું જાણ્યા છતાંયે તે સારુંનરસું કરે છે, તેનું કારણ ક્રિયાશક્તિની નિર્બળતા છે. ઉપદેશથી સમજાય છે ખરું પણ આચરવાની શક્તિ નથી આવતી. ઉપદેશથી આવેલી સમજણને લીધે લાગણી થાય છે, સારો સંકલ્પ ઘડાય છે; પણ અમલ કરવાનું તેથી બની શકતું નથી. કેમ કે સંકલ્પને અમલમાં મૂકવા માટે તો ક્રિયાશક્તિનું બળ જોઈએ છે. ઉપદેશ દેવાને બદલે આપણે બાળકને પ્રવૃત્તિ આપવી, સારી સોબત આપવી, સારું વાતાવરણ આપવું. જ્યાં સુધી હાથમાં કામ છે, જ્યાં સુધી મગજમાં તે કામ વિષે વિચાર છે, જ્યાં સુધી સોબત સારી છે અને જ્યાં સુધી આખું વાતાવરણ નિર્મળ છે ત્યાં સુધી બાળકો બદીઓથી સલામત છે.

* * *

## ગુજરાતી બાળકોના પ્રથમ હિતચિંતક ગિજુભાઈ

ગિજુભાઈ બધેકા (૧૫-૧૧-૧૮૮૫ : ૨૩-૬-૧૯૩૯) શિક્ષણ-સાહિત્યના ક્રાંતિકાર હતા. રાજકીય અને આર્થિક ક્રાંતિઓ અલ્પજીવી હોય છે. ગિજુભાઈએ શિક્ષણમાં અને સાહિત્યમાં પ્રેરેલી ક્રાંતિ સતત વિકસતી અને વિસ્તરતી રહી છે.

ભાવનગર જિલ્લાના વલભીપુર(વળા)ના વતની ગિજુભાઈ વ્યવસાય અર્થે આફ્રિકા ગયા, પાછા આવી કાયદો ભણી વકીલ બન્યા. વઢવાણમાં વકીલાત કરતા હતા એ દરમિયાન દીકરો જન્મ્યો (૧૯૧૩). એ દીકરાના યોગ્ય ઉછેર, શિક્ષણ અને સંસ્કાર માટેની ચિંતાઓ કરતાં કરતાં માદામ મોન્તેસોરીનું, બાળકેળવણીનો નવો માનવીય અભિગમ ધરાવતું, પુસ્તક હાથમાં આવ્યું. ૧૯૧૫ સુધીમાં તો વકીલાત છોડીને ભાવનગરની દક્ષિણામૂર્તિ શિક્ષણસંસ્થામાં જોડાયા. બસ, ત્યારથી માર-ભાર વિનાના ભણતરના આગ્રહી ગિજુભાઈ બાળશિક્ષણ અને બાળસાહિત્યના બ્રહ્મા બન્યા. 'દિવાસ્વપ્ન' જેવાં શિક્ષણશાસ્ત્રનાં અનેક પુસ્તકો ઉપરાંત વિપુલ બાળસાહિત્ય લખ્યું અને લખાવ્યું, જેમાં સમાવિષ્ટ છે બાળસાહિત્યમાળા (૮૦ પુસ્તિકા), બાળસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તિકા), બાળસાહિત્ય વાટિકા (૩૨ પુસ્તિકા). પછીથી સમગ્ર ગુજરાતી બાળસાહિત્ય એમણે કંડારેલી કેડી પર ચાલ્યું. એમણે સ્થાપેલા શિક્ષણસિદ્ધાંતો આજે સર્વસ્વીકાર્ય બન્યા છે.

9 789388 308182
₹ 110